District Level Educational

# innovation Festival 2024-2025

10th

## શિક્ષકોના નવતર પ્રયોગોનો સંપુટ

# દસમનવસર્જનમ્

: પ્રેરણા :

**ડૉ. સી.ટી. ટૂંડિયા**
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સુરેન્દ્રનગર

**શ્રી પી. કે. ત્રિવેદી**
નિયામક
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
ગાંધીનગર

: સંકલન :

**ડૉ. આર. ડી. પિત્તલિયા**
લેક્ચરર (IFIC શાખા)
ડાયેટ, સુરેન્દ્રનગર

: લેખન–સંપાદન :

**ડૉ. કે. આર. પંડ્યા**
લેક્ચરર અને ડિસ્ટ્રીક્ટ ઇનોવેશન સેલ કો.ઓ.
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર

## શ્રી ઝવેરચંદ મેઘાણી
## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-સુરેન્દ્રનગર

# ઇનોવેશન શેરિંગ વર્કશોપ









## : નવાચારનો કુંભ :

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ સૂચિત કરે છે કે, જે શિક્ષક ક્રિયાશીલ,પ્રવૃત્તિશીલ, પ્રગતિશીલ, પ્રવાસી, પ્રોજેક્ટકાર્ય અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ કરશે, કરાવશે તે જ શિક્ષક વર્ગખંડમાં અને વિદ્યાર્થીના હ્રદયમાં સમાઈ શકશે.

છેલ્લા એક દાયકાથી એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટિવલ યોજવામાં આવે છે. જેના પ્રત્યેક એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટિવલના સાક્ષી બનવાનું સદ્દભાગ્ય મળ્યું છે. જે શિક્ષકના વર્ગખંડમાં કથન ઓછું અને પ્રવૃત્તિઓ વધુમાંવધુ થતી હોય તે શિક્ષણકાર્ય ઉત્તમ અને તે જ શ્રેષ્ઠ શિક્ષક.

નવાચાર એટલે... બાળક સાથે રહી, બાળક વડે અને બાળક માટે કરવાની પ્રવૃત્તિ છે. ઇનોવેશન એટલે નવું કરવું. ઇનોવેશન દ્વારા શિક્ષક-બાળક બંનેનો સર્વાંગી વિકાસ થાય છે. ઇનોવેશનથી શાળાની સુંદર પ્રવૃત્તિઓ જિલ્લાની અન્ય શાળાના શિક્ષક નિહાળી તેઓની શાળાઓમાં પણ પ્રવૃત્તિઓ કરવાની દિશા, પ્રેરણા અને માર્ગદર્શન મળે છે.

સાંપ્રત સમયમાં માત્ર શિક્ષણમાં જ નહીં, પ્રત્યેક ક્ષેત્રોમાં ઇનોવેશન થઇ રહ્યું છે. ખેડૂતો આજે ખેતીની જમીનનું મૂલ્યાંકન કરાવીને જમીન અનુસાર વાવેતર કરી વધુ પાક લેતા થયા છે. ઉદ્યોગોમાં પણ ટેકનોલોજીના માધ્યમથી, વિવિધ સંશોધનો દ્વારા ભારત આજે સમગ્ર વિશ્વમાં આગેકદમ ભરી રહ્યું છે.

જે શાળામાં શિક્ષકો નાવીન્યતાભર્યા વર્ગખંડોમાં પ્રયોગો કરતા હશે, તે સમગ્ર શાળાના તમામ વિદ્યાર્થીઓનું નૂર અલગ જ હોવાનું. તેનું ભાવજગત, તેના અનુભવો અને અનુભૂતિ થકી તે શાળાનો વિદ્યાર્થી સમસ્ત વિશ્વને માર્ગદર્શિત કરનાર છે.

આજનો શિક્ષક વિદ્યાર્થીઓનો પ્રેમી, પ્રવૃત્તિશીલ, પ્રગતિશીલ, પ્રયોગશીલ, પ્રવાસી, પ્રયોજક, પથદર્શક, પ્ર-દીપક, પરિવ્રાજક, પુસ્તકપ્રેમી, પરમાર્થી હોય અને વ્યવસાયમાં જો પવિત્રતા હોય તો તે શિક્ષક સદૈવ વંદનીય છે...

'દસનમ સર્જનમ' દ્વારા આપ સૌને દસેય દિશાઓનું દર્શન થાય, શૈક્ષણિક સંકલ્પનાઓનો ઉઘાડ થાય તેવી અનંત શુભેચ્છાઓ. આ માર્ગદર્શિતાના સંપાદક અને સંકલ્નકાર્તાને અભિનંદન. જેઓના દ્વારા આ અવસર આંગણે આવ્યો છે તેવા સૌ 'Innovative Teachers ગુરુજનો'ને વંદન... અભિનંદન...

**ડૉ. સી. ટી. ટૂંડિયા**
પ્રાચાર્ય,
DIET-સુરેન્દ્રનગર

વિક્રમ સંવત ૨૦૮૧, મહા સુદ વસંતપંચમી



## શિક્ષણમાં નાવિન્યકરણ

ગુજરાતની 36,000 થી વધુ પ્રાથમિક શાળાઓ અને 12,000 થી વધુ માધ્યમિક શાળાઓમાં કામ કરતા 8 થી વધુ ભાષાઓમાં જુદા જુદા વિષયો શીખવતા સાડા ત્રણ લાખથી વધુ શિક્ષકો એક સરખું કન્ટેન્ટ અલગ અલગ અનુભવ અને નાવિન્યતા પૂર્વક અભ્યાસ કરાવે છે. એક વર્ગ કે એક શાળામાં થતી પ્રવૃત્તિ પુરા વિસ્તાર કે વિશાળમાં ફેરવાય અને તેની સફળતા પુરા રાજ્યમાં પહોંચે તે ઉદ્દેશ્ય સાથે ઇનોવેશન ફેર "ડાયટ" જી.સી.ઈ.આર.ટી.ના માધ્યમથી ઉમદા આયોજન કરે છે.

ચાલુ વર્ષે યોજાતા નવીન્યકરણના પ્રયોગ અદભુત અને અદ્વિતીય બની રહે, વધુમાં વધુ શિક્ષકો, વિદ્યાર્થીઓ ભાગીદારી કરી ખૂબ સફળતા મેળવે તેવી શુભેચ્છાઓ...

**એ. એમ. ઓઝા**
જિલ્લા શિક્ષણ અધિકારી
સુરેન્દ્રનગર



## : શુભેચ્છા સંદેશ :

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ  સુરેન્દ્રનગર દ્વારા આયોજિત જિલ્લા કક્ષાનો 10મો એજ્યુકેશન ઇનોવેશન ફેર 2025-2026 યોજાઇ રહ્યો છે, ત્યારે તમામ ઇનોવેટર શિક્ષકોને મારી શુભેચ્છાઓ સહ અભિનંદન પાઠવું છું.10માંએજ્યુકેશન ઇનોવેશન ફેરમાં રજૂ થયેલા તમામ ઇનોવેશન નો વિનિયોગ પ્રત્યાયન આપણા વર્ગખંડો સુધી પહોંચે તેવી લાગણી અને ઈચ્છા પણ સાથે વ્યક્ત કરું છું. ગુણવત્તા સુધારણામાં આપણા જિલ્લાનો શૈક્ષણિક સિદ્ધિ આંક ઊંચો બનાવવામાં પણ આ ઇનોવેશન ફેર મહત્વનો ફાળો પૂરો પાડશે.શિક્ષકો ટેકનોલોજી નો મહત્તમ ઉપયોગ કરતા થાય તે હાલના સમયમાં ખૂબ જરૂરી છે. NEP - 2020 માં પણ 60% શિક્ષણ કાર્ય વર્ગખંડનું અને 40% શિક્ષણ કાર્ય ઓનલાઇન સૂચિત કરવામાં આવ્યું છે. સમગ્ર વિશ્વમાં ઇનોવેશન એક આગવી ઓળખ અને અસ્મિતા ઊભી કરી રહ્યું છે. આ તકે સુરેન્દ્રનગર જિલ્લાના 33 જેટલા ઇનોવેટિવ ટીચરો દ્વારા રજૂ કરવામાં આવેલા 33 ઇનોવેશન સુરેન્દ્રનગર જિલ્લાની તમામ શાળાઓ સુધી પહોંચે અને સુરેન્દ્રનગર જિલ્લાનું શિક્ષણની ગુણવત્તામાં વધારો થાય તે જ આશા રાખું છું. એજ્યુકેશન ઇનોવેશન ફેર સૌની વ્યવસાયિક સજ્જતામાં મદદરૂપ બની રહે તે જ શુભેચ્છા...

**ભદ્રસિંહ વાઘેલા**
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
સુરેન્દ્રનગર



## શિક્ષણમાં દશમ નવસર્જનમ્

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ જિલ્લા શિક્ષણ તાલીમ સુરેન્દ્રનગર ખાતે ઇનોવેશન સેલ કાર્યરત છે.આ સેલ અંતર્ગત જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓ તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક ગુણવત્તા સુધારવા માટે શિક્ષકો અને મુખ્ય શિક્ષક મહેનત કરી રહ્યા છે ત્યારે જે શિક્ષકોના નવતર પ્રયોગોનો સમગ્ર જિલ્લામાં પ્રચાર પ્રસાર થાય અને તે ઇનોવેટિવ બાબતો જિલ્લાની તમામ શાળાઓ સુધી પહોંચે તે હેતુને ધ્યાનમાં રાખી સુરેન્દ્રનગર જિલ્લામાં આપણે 10 મો ઇનોવેશન ફેરનું આયોજન કરવામાં આવ્યું છે.હાલ જિલ્લામાં 10 મો ઇનોવેશન ફેરનું આયોજન કરવામાં આવ્યું છે સમગ્ર જિલ્લામાંથી 26 પ્રાથમિક શાળાના  અને સાત માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક હાઇસ્કુલના મળીને કુલ 33 ઇનોવેશનની પસંદગી જિલ્લા કક્ષાના ઇનોવેશન ફેરમાં કરવામાં આવેલ છે.વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને વિવિધ વિષયના અવનવી પ્રવૃત્તિ અને નવતર પ્રયોગો શિક્ષકો દ્વારા હાથ ધરવામાં આવ્યા છે. જેને કારણે શિક્ષણની ગુણવત્તામાં સુધારો થયો છે. આ તમામ ઇનોવેટિવ પ્રયોગો અન્ય શાળાઓના શિક્ષકો સુધી પહોંચે અને સમગ્ર જિલ્લામાં શિક્ષણની ગુણવત્તા સુધરે તે હેતુથી આ એજ્યુકેશન ઇનોવેશન ફેરનું આયોજન કરવામાં આવ્યું છે.આ પ્રસંગે 10માં ઇનોવેશનમાં જે શિક્ષકોએ પોતાનો નવતર પ્રયોગ રજૂ કરેલ છે તે સૌ શિક્ષક ભાઈ અને બહેનોને અભિનંદન સહ શુભેચ્છાઓ...

**ડૉ.કે.આર.પંડ્યા**
લેક્ચર & જિલ્લા ઇનોવેશન સેલ કોર્ડીનેટર
ડાયટ- સુરેન્દ્રનગર.



## શિક્ષણની દીવાદાંડી

**" Innovation is the ability to see changes as an opportunity, not a threat."**

Innovation means turning an idea in to solution that adds value from a receiver's perspective. શિક્ષણમાં નવીનીકરણ એ રાષ્ટ્રના વિકાસ માટે મહત્વપૂર્ણ પરિબળ છે. National Education Policy (NEP)–2020 ના અમલીકરણને કારણે શિક્ષણ માળખાંમાં અમૂલ્ય પરિવર્તન આવ્યું છે. NEP–2020 અંતર્ગત વર્ગખંડ શિક્ષણ કાર્યમાં Innovative Pedagogy ઉપર વિશેષ ભાર મૂકવામાં આવેલ છે.

10th Educational Innovation Festival–2025 રમત દ્વારા ભાષા શિક્ષણ, વિજ્ઞાનમાં રમતો, લોક જાગૃતિ, પર્યાવરણ જાગૃતિ, કન્યા કેળવણી મહાયજ્ઞ, બાલવાર્તા દ્વારા શાળા તત્પરતા, મૂલ્ય શિક્ષણ, દિવ્યાંગ સાથે દોસ્તી, પ્રોજેક્ટ દ્વારા શિક્ષણ, ગાણિતિક મૉડેલ જેવા અનેક વિષયો પર યોજાઈ રહ્યો છે.

પ્રવર્તમાન શૈક્ષણિક વર્ષ 2024–૨૫માં પ્રાથમિક કક્ષાએથી ૨૬ કૃતિઓ અને માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક કક્ષાએથી ૭ કૃતિઓ રજૂ થનાર છે. આમ, કુલ ૩૩ શિક્ષકો દ્વારા હાથ ધરવામાં આવેલ નાવીન્યપૂર્ણ શૈક્ષણિક પ્રયોગોની રજૂઆત થનાર છે.

નાવીન્યપૂર્ણ શૈક્ષણિક પ્રયોગો હાથ ધરનાર તમામ શિક્ષકોને અભિનંદન પાઠવતા હર્ષની લાગણી અનુભવું છું. આ નાવીન્યપૂર્ણ શૈક્ષણિક પ્રયોગો શિક્ષણ વિકાસની યાત્રામાં દીવાદાંડીરૂપ સાબિત થશે તેવી અભ્યર્થનાસહ.....

**ડૉ. રાજેનકુમાર ડી. પિતલીયા**
લેકચરર, IFIC શાખા,
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સુરેન્દ્રનગર

# :: અનુક્રમણિકા ::



| ક્રમ | ઇનોવેટરનું નામ | શાળાનું નામ | તાલુકો | પાના નંબર |
|---|---|---|---|---|
| 1 | સુરેશભાઈ બાબુભાઈ ધોરીયા | શ્રી ડો. જે.ડી. કોઠારી માધ્યમિક હાઇસ્કૂલ | ચુડા | 8 |
| 2 | દવે પરાગભાઈ હસમુખભાઈ | શ્રી ભાણેજડા પ્રાથમિક શાળા | ચુડા | 10 |
| 3 | ડો. દીપકકુમાર રતિલાલ મહેતા | શ્રી જેપર પ્રાથમિક શાળા | ચુડા | 11 |
| 4 | ભગવતદાન ગુલાબસંગ ગઢવી | શ્રી જાડિયાણા પ્રાથમિક શાળા | પાટડી | 13 |
| 5 | મુકેશભાઈ શીવાભાઈ બદ્રેશિયા | પે સેન્ટર સ્કૂલ નંબર-16, સુરેન્દ્રનગર | વઢવાણ | 15 |
| 6 | મેંઢા ભાવનાબેન અમૃતલાલ | શ્રી પ્રાથમિક શાળા નંબર - 1, રતનપર | વઢવાણ | 17 |
| 7 | પિનલ બી દેકાવડીયા | શ્રી પ્રાણગઢ પ્રાથમિક શાળા | વઢવાણ | 19 |
| 8 | સોનલબેન બી ગોરવાડીયા | ગણપતિ ફાટસર પ્રાથમિક શાળા | વઢવાણ | 21 |
| 9 | નારાયણભાઈ સી. વાઘેલા | પે સેન્ટર શાળા નંબર-7, જોરાવરનગર | વઢવાણ | 23 |
| 10 | નિલેશભાઈ ગજ્જર | પે સેન્ટર શાળા, શક્તિપરા | વઢવાણ | 25 |
| 11 | વારીસ ભટ્ટા | સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, સરલા | મુળી | 27 |
| 12 | ગઢવી મયુર જબરદાન | નળિયા પ્રાથમિક શાળા | મુળી | 28 |
| 13 | વિષ્ણુભાઈ ચમનભાઈ પ્રજાપતિ | નાના પાળીયાદ પ્રાથમિક શાળા નંબર-1 | ચોટીલા | 30 |
| 14 | મકવાણા ચાંદની હરિલાલ | શ્રી ઉત્તર બુનિયાદી કન્યા વિદ્યાલય ભીમોરા | ચોટીલા | 31 |
| 15 | માઢક મનિષાબેન નટવરલાલ | શ્રી નાની મોલડી પ્રાથમિક શાળા | ચોટીલા | 32 |
| 16 | પટેલ દશરથભાઈ દાનસંગભાઈ | પ્રાથમિક શાળા નંબર-3, ચોટીલા | ચોટીલા | 34 |
| 17 | ગઢવી મનીષાબેન કનુદાન | પ્રાથમિક શાળા નંબર-7, થાનગઢ | થાનગઢ | 35 |

# :: અનુક્રમણિકા ::



| ક્રમ | ઇનોવેટરનું નામ | શાળાનું નામ | તાલુકો | પાના નંબર |
|---|---|---|---|---|
| 18 | જયેશકુમાર અશ્વિનભાઈ પાટડીયા | પે સેન્ટર શાળા નંબર-1, તરણેતર | થાનગઢ | 37 |
| 19 | ભરતકુમાર ત્રીકમભાઈ મહાકણા | શ્રી નારીચાણા ઉચ્ચતર પ્રાથમિક શાળા | ધ્રાંગધ્રા | 38 |
| 20 | પ્રિતેશકુમાર જશુભાઈ પટેલ | શ્રી પથુગઢ પ્રાથમિક શાળા | ધ્રાંગધ્રા | 39 |
| 21 | દિનેશકુમાર હેમંતભાઈ ગરાંભા | શ્રી રાયગઢ પ્રાથમિક શાળા | ધ્રાંગધ્રા | 41 |
| 22 | હિતેશકુમાર જગદીશકુમાર ચાવડા | જુના જસાપર પ્રાથમિક શાળા | સાયલા | 43 |
| 23 | પરમાર સંજયકુમાર ધરમશીભાઈ | થોરીયાળી પ્રાથમિક શાળા | સાયલા | 44 |
| 24 | મોરી હરપાલસિંહ દીપસંગભાઈ | પે સેન્ટર શાળા નંબર-3, સાયલા | સાયલા | 45 |
| 25 | ગિરીશકુમાર ઝવેરભાઈ રાઠોડ | જુના જસાપર પ્રાથમિક શાળા | સાયલા | 46 |
| 26 | જતાપરા રાજેશભાઈ બાબુભાઈ | ધજાળા કુમાર પે  સેન્ટર શાળા | સાયલા | 47 |
| 27 | પરમાર નિલેશભાઈ ધુળાભાઈ | મોડલ ડે સ્કૂલ વાંટાવચ્છ | સાયલા | 48 |
| 28 | પરમાર ચંદ્રિકાબેન ધુળાભાઈ | અમરાપુર પ્રાથમિક શાળા | સાયલા | 50 |
| 29 | સ્વાતિબેન અશ્વિનકુમાર માનવર | મોડલ સ્કૂલ, સાયલા | સાયલા | 52 |
| 30 | નદીમખાન વાહિદખાન પઠાણ | ફૂલવાડી પ્રાથમિક શાળા | લીંબડી | 54 |
| 31 | જીવણભાઈ ભોજાભાઇ વાઘેલા | કન્યા શાળા, શિયાણી | લીંબડી | 55 |
| 32 | મહેશભાઈ રઘુભાઈ જાંબુકિયા | શ્રી પી.જી.એન.એમ.એસ. ગર્લ્સ સ્કુલ | વઢવાણ | 57 |
| 33 | મલેક તારીફમહમદ ગજનીખાન | શ્રીમતી જુબેદા બેગમ હાઇસ્કુલ, જૈનાબાદ | દસાડા | 58 |
| | | | | |

❖ ઇનોવેટરનું નામ : સુરેશભાઈ બાબુભાઈ ધોરિયા ❖ હોદો: આચાર્ય



❖ શાળા/સંસ્થાનું નામ : શ્રી ડૉ. જે. ડી. કોઠારી માધ્ય. શાળા - ચોકડી ❖ તાલુકો/SVS: ચુડા

❖ ક્લસ્ટર/~~QDC~~: ચોકડી_ ❖ મોબાઈલ નંબર : **9265604376**

❖ ઈમેલ આઈડી : suresh.dhoriya09@gmail.com

❖ નવતર પ્રયોગનું મુખ્ય ક્ષેત્ર : વિદ્યાર્થીઓનો વ્યાવસાયિક વિકાસ

❖ નવતર પ્રયોગનું પેટાક્ષેત્ર : વિવિધ જાહેર પરીક્ષાઓની તૈયારી

❖ નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત: વ્યક્તિગત

❖ નવતર પ્રયોગનો સમયગાળો : **2022-23** થી

❖ નવતર પ્રયોગ ક્યાં ધોરણ સાથે સંકળાયેલ છે? ધોરણ - 10

❖ નવતર પ્રયોગ સાથે સંકળાયેલ મુખ્ય અધ્યયન નિષ્પતિ ક્રમાંક:

❖ વિભાગ : માધ્યમિક

❖ ગ્રાફ / વિડીયો લિંક / ક્યુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયોનો QR :

❖ ઇનોવેશનનુંશીર્ષક : સફળતા માટેની જડીબુટ્ટી

1. સમસ્યા: સામાજિક વિજ્ઞાન વિષયનું પરિણામ શાળામાં નીચું રહેતું હતું. આ સમસ્યાને લઈને મેં મારી શાળાના બાળકો માટે બોર્ડની પરીક્ષા માટેની તૈયારી કરવા માટે સફળતા માટેની જડીબુટ્ટી નામના પુસ્તકનું સર્જન કર્યું. જેના થકી બાળકના પરિણામમાં અને શાળાના પરિણામમાં સુધારો કરી શકાય તે માટે આ નવતર પ્રયોગ હાથ કર્યો.

2. ઇનોવેશન પૂર્વેની સ્થિતિ : બોર્ડની પરીક્ષામાં સામાજિક વિજ્ઞાન જેવા વિષયમાં વિદ્યાર્થીઓને ઘણો ડર રહેતો હોય છે. આ ડરને દૂર કરવા માટે અને વિષયને સરળતાથી યાદ રાખી શકાય અને આગામી બોર્ડની પરીક્ષામાં બાળક સફળતા હાંસલ કરી શકે તે ખૂબ મહત્વનું છે. તેના અનુસંધાને મેં આ નવતર પ્રયોગ કરવાનો વિચાર કર્યો. આ સમસ્યા ગુજરાતની મોટાભાગની શાળાઓમાં જોવા મળતી હોય છે. આ સમસ્યાને હલ કરવા માટે આ નવતર પ્રયોગ અમલમાં મૂક્યો.

3. ઇનોવેશન માટેની પ્રયુક્તિ, સાધન સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :

પ્રયુક્તિ – સમસ્યા ઉકેલ પ્રયુક્તિ

સાધનસામગ્રી – કોમ્પ્યુટર, સ્માર્ટ ફોન, લેપટોપ, સ્માર્ટ ટીવી

સમયગાળો – જૂનથી માર્ચ

4. નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન : સૌપ્રથમ 2022-23માં મેં સૌ પ્રથમ આ નવતર પ્રયોગ હાથ કર્યો હતો. જેમાં મારી શાળાના ધોરણ 10માં અભ્યાસ કરતા 170 વિદ્યાર્થીઓથી શરૂઆત કરી. અગાઉ સામાજિક વિજ્ઞાન વિષયનું પરિણામ ખૂબ નબળું આવતું હતું. તેને સુધારવા માટે મેં આ નવતર પ્રયોગના વિચારને અમલમાં મૂક્યો અને ધોરણ 10ના સામાજિક વિજ્ઞાન વિષયના બોર્ડના વિદ્યાર્થીઓ માટે સફળતા માટેની જડીબુટ્ટી નામની બુક વિદ્યાર્થીઓને પહોચાડી. શાળાના દરેક બાળકોને આ બુકની સોફ્ટ કોપી whatsapp ના માધ્યમ દ્વારા પહોંચાડવામાં આવી ઉપરાંત ગુજરાતની મોટાભાગની શાળાઓના શિક્ષકોનું પણ એક ગ્રુપ બનાવીને સોફ્ટ કોપી મોકલી આપવામાં આવી. આ બુકના વાંચન દ્વારા અને પુનરાવર્તન દ્વારા વિદ્યાર્થીઓ સરળતાથી વિષયને તૈયાર કરી શકે છે. વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ આ બુકનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કર્યો. જેના પરિણામે બાળકોના પરિણામમાં અને શાળાના પરિણામમાં મોટો સુધાર થયો.

આ બુકમાં બોર્ડની પરીક્ષામાં પૂછેલા અને પૂછાવાલાયક વિકલ્પવાળા, જોડકા પ્રકારના, ખાલી જગ્યાઓ, ટૂંકા જવાબી સ્વરૂપના, ટૂંકનોંધ સ્વરૂપના અને નિબંધ પ્રકારના પ્રશ્નોને આવરી લેવામાં આવ્યા છે. જેથી બાળકો સહેલાઇથી પરીક્ષા તૈયારી કરીને સફળતા હાંસલ કરી શકે.

5. મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુક્તિ વગેરેની વિગત)

આ નવતર પ્રયોગનું મૂલ્યાંકન બોર્ડની પરીક્ષામાં છે. ઉપકરણ તરીકે સોશિયલ મિડિયા છે. સમસ્યા ઉકેલ પ્રયુક્તિ દ્વારા પરિણામ સુધારણા થાય છે.

6. લક્ષ્ય જૂથ અને લાભાર્થીની સંખ્યા :

ધોરણ – 10 અને ગુજરાતની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ

આપના ઇનોવેશનનો અમલ અન્ય શાળા દ્વારા કરવામાં આવ્યો હોય તો તેની વિગત : **2022-23**માં મેં સૌ પ્રથમ આ નવતર પ્રયોગ હાથ કર્યો હતો અને સુરેંદ્રનગરની જુદી જુદી શાળાઓ ઉપયોગ કરે છે.

7. પરિણામો :

| વર્ષ | પરીક્ષા આપેલ વિદ્યાર્થી સંખ્યા | પાસ | ટકા |
|---|---|---|---|
| **2023** | **170** | **155** | **91.17** |
| **2024** | **42** | **35** | **83.33** |

1. આ બુકથી વિદ્યાર્થીઓના પરિણામમાં સુધારો થયેલ જોવા મળ્યો.
2. શાળાના પરિણામમાં પણ સુધારો જોવા મળ્યો.
3. વિદ્યાર્થીઓને પુનરાવર્તન કરવામાં આ બુક ખૂબ જ ઉપયોગી સાબિત થઈ.
4. જિલ્લાના કેટલાક અન્ય વિદ્યાર્થીઓને આ બુક દ્વારા સારી સફળતા પ્રાપ્ત થઈ.

8. ઉપયોગિતા :

વિદ્યાર્થીઓના પરિણામમાં સુધારો થયો અને શાળાના પરિણામમાં ખૂબ સુધારો જોવા મળ્યો. જિલ્લા અને રાજ્યની શાળાઓમાં આ નવતર પ્રયોગ અપનાવવામાં આવે તો વિદ્યાર્થીઓના પરિણામમાં ખૂબ સુધારો કરી શકાય અને શાળાના પરિણામમાં ઉતરોતર વધારો કરી શકાય. મારી શાળામાં આ પ્રયોગ ચાલુ છે અને આગામી સમયમાં પણ આ બુક ખૂબ ઉપયોગી સાબિત થશે. આગામી બોર્ડની પરીક્ષામાં આ બુક એક જડીબુટ્ટી સમાન બની રહેશે

9. નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

હાલ આ નવતર પ્રયોગ કાર્યરત છે.

❖ **ઇનોવેટરનું નામ** : દવે પરાગ હસમુખરાય ❖ **હોદો:** મદદનીશ શિક્ષક



❖ **શાળા/સંસ્થાનું નામ** : શ્રી ભાણેજડા પ્રા. શાળા. ❖ **તાલુકો/SVS:** ચુડા

❖ **ક્લસ્ટર/~~QDC~~:** ચોકડી ❖ **મોબાઈલ નંબર** : ૯૫૩૭૩૧૦૦૭૭

❖ **ઈમેલ આઈડી** : **paragdave83@gmail.com**

❖ **નવતર પ્રયોગનું મુખ્ય ક્ષેત્ર : NPE 2020, NCF FS, SCF FS અને NCF SE સંબંધિત**

❖ **નવતર પ્રયોગનું પેટાક્ષેત્ર : અધ્યયન અધ્યાપન પ્રક્રિયા અને મૂલ્યાંકન**

❖ **નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત:** સામુહિક

❖ **નવતર પ્રયોગનો સમયગાળો** : જૂન થી મે

❖ **નવતર પ્રયોગ ક્યાં ધોરણ સાથે સંકળાયેલ છે ? : ધોરણ - ૬/૭/૮**

❖ **નવતર પ્રયોગ સાથે સંકળાયેલ મુખ્ય અધ્યયન નિષ્પતિ ક્રમાંક:**

❖ **વિભાગ** : ઉચ્ચ પ્રાથમિક.

❖ **ગ્રાફ / વિડીયો લિંક / કયુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયોનો QR** :

❖ **ઇનોવેશનનુંશીર્ષક** : **ચાલો સંસ્કૃત શીખીએ**

**1. સમસ્યા:** બાળકોમાં સંસ્કૃતનો ડર અને નવો વિષય હોવાથી સંસ્કૃતનું ગુજરાતી અને ગુજરાતીનું સંસ્કૃત કરવામાં થોડી કચાશ જોવા મળી.

**2. ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :** જેમાં બાળકોમાં શીખવા શીખવવાની પ્રક્રિયામાં થોડી અસરકારકતા ઓછી જોવા મળી. સંસ્કૃત ભાષા નવી હોવાથી થોડો ડર પણ તેમનામાં જોવા મળ્યો.

**3. ઇનોવેશન માટેની પ્રયુક્તિ, સાધન સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :** ફેવિકોલ, બુલેટિન બોર્ડ, ચાર્ટ, સ્કેચ પેન, માર્કર પેન, કાગળ વગેરે.

**પ્રયુક્તિ** :

**સમયગાળો** : જૂન થી મે 2024/25

**અધ્યયન નિષ્પત્તિ-1. પોતાની આસપાસની વસ્તુમાંથી મોડેલ નિર્માણ કરતા શીખે**

**4. નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન:** ખાસ કરીને બાળકોમાં ધોરણ છ માં સંસ્કૃત વિષયમાં એકમ કસોટી ના મૂલ્યાંકન દ્વારા થોડી કચાશ જોવા મળી જેમાં સંસ્કૃત નું ગુજરાતી અને ગુજરાતીનું સંસ્કૃત તેમજ વાર્તામાંથી પ્રશ્નોના જવાબ શોધવા વગેરે નાની નાની બાબતોના કારણે આ સમસ્યા ઊભી થઈ જેના કારણે બાળકો સરળતાથી સંસ્કૃત શીખી શકે તે માટેની રચના પ્રવૃત્તિ દ્વારા પ્રયુક્તિથી સમસ્યાનું નિરાકરણ કરવામાં આવ્યું.

**5. મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુક્તિ વગેરેની વિગત) :**

અવલોકન, નિરીક્ષણ, મૌખિક પ્રશ્નોત્તરી અને વારંવાર પુનરાવર્તન કરવામાં આવ્યું.

**6. લક્ષ્ય જૂથ અને લાભાર્થીની સંખ્યા:** ધોરણ છ થી આઠ માટે **30** છે અમારી શાળામાં જ આનો ઉપયોગ થયેલ છે.

**7. આપના ઇનોવેશનનો અમલ અન્ય શાળા દ્વારા કરવામાં આવ્યો હોય તો તેની વિગત:** **ના**

**8. પરિણામો:** **(ડેટા સબંધિત -આધાર પુરાવા સાથે):** - બાળકો સરળતાથી સંસ્કૃત શિખતા થયા. એકમ કસોટીમાં ધીમે-ધીમે પરિણામ જોવા મળ્યું.

**9. ઉપયોગિતા:-** **જેમાં શિક્ષણની સાર્થકતા વધે. બાળકો રમતા રમતા સંસ્કૃત ભાષા સારી રીતે શીખી શકે. એકમ કસોટીમાં સારું પરિણામ મળે. અભ્યાસમાં બાળકોની રસ અને રુચિ વધે. શીખેલું જ્ઞાન તાજું રહે. તેમ જ પ્રાથમિક શિક્ષણનો પાયો સંસ્કૃત માટે મહત્વનો હોવાથી તેમાં તે ભાગ લેતા થાય.**

**10. નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ:** શરૂ જ છે અને હાલ કાર્યરત પણ છે.



- ઇનોવેટરનું નામ : ડૉ. દીપકકુમાર રતિલાલ મહેતા
- હોદો: મદદનીશ શિક્ષક
- શાળા/સંસ્થાનું નામ : જેપર પ્રાથમિક શાળા
- તાલુકો/SVS: ચુડા
- ક્લસ્ટર/~~QDC~~: ચુડા-3
- મોબાઈલ નંબર : ૯૮૯૮૭૩૧૯૩૬
- ઈમેલ આઈડી : dipakmehta1978@mail.com
- નવતર પ્રયોગનું મુખ્ય ક્ષેત્ર : 5. આ ઉપરાંતના અન્ય શૈક્ષણિક નવતર પ્રયોગ
- નવતર પ્રયોગનું પેટાક્ષેત્ર: રમકડા
- નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત
- નવતર પ્રયોગનો સમયગાળો : જૂન થી મેં
- નવતર પ્રયોગ ક્યાં ધોરણ સાથે સંકળાયેલ છે? : બાલવાટિકા, ધો- ૧,૨,૩ થી ૬,૭, ૮
- નવતર પ્રયોગ સાથે સંકળાયેલ મુખ્ય અધ્યયન નિષ્પતિ કમાંક: -
- વિભાગ : પ્રાથમિક
- ફોટોગ્રાફ / વિડીયો લિંક / કયુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયોનો QR :
- ઇનોવેશનનુંશીર્ષક : રમકડા દ્વારા કૌશલ્યનો વિકાસ.

**1. સમસ્યા:**

શાળામાં બાલવાટિકાથી ૧ થી ૮ ધોરણના બાળકોમાં વિવિધ કૌશલ્યોનો અભાવ/કચાશ જોવા મળતા આ આનંદપ્રદ અને અનુભવજન્ય રમકડાંના અભિગમનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**2. ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**

શાળામાં ધોરણ બાળ વાટિકાથી ૧ થી ૮ ધોરણના બાળકોમાં વિવિધ કૌશલ્યોનો અભાવ/કચાશ જોવા મળતા તથા શૈક્ષણિક પ્રક્રિયામાં બાળકોમાં વર્ગ વ્યવહારમાં. શીખવા-શીખવવાની પ્રક્રિયામાં અસરકારક વર્ગ વ્યવસ્થા જોવા મળતી ન હતી. જેના નિવારણ માટે રમકડાં આધારીત અભિગમનો ઉપયોગ કરવામાં આવ્યો છે.



**3. ઇનોવેશન માટેની પ્રયુક્તિ, સાધન સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :**

પ્રયુક્તિ.: ટોય બેઝ પેડાગોજી :નિદર્શન, પ્રદર્શન, પ્રવૃત્તિ.

સાધનસામગ્રી: કાગળ,લાકડું,પ્લાસ્ટિક બોટલ, વિગેરે અનેક.

સમયગાળો: જૂન થી અપ્રિલ. ૨૦૨૩ થી....

**4. અધ્યયન નિષ્પતિ:** -

5. નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :

વેસ્ટમાંથી બેસ્ટ વિવિધ વસ્તુઓમાંથી રમકડાઓ તૈયાર કરવામાં આવેલ છે. જેના થકી બાળકોમાં આનંદપ્રદ અને અનુભવજન્ય રમકડાં કેવી રીતે તૈયાર કરવા તેનું નિદર્શન-પ્રદર્શન ગોઠવવમાં આવ્યું. વિવિધ વિષયોના અભ્યાસક્રમમાં તે વધું અસરકારક નીવડે તેના માટે શાળા સમય પહેલા, રિસેસના સમયમાં વેસ્ટ વિવિધ વસ્તુઓમાંથી રમકડાં તૈયાર કરવાની રીત સમજાવવામાં આવી. જેનાથી વર્ગ વ્યવસ્થા અસરકારક થવા લાગી. તથા કોઈ પણ એકમ શરુ થતા પહેલા આજે નવું રમકડું બનાવશું કે બતાવીશ. તેવા નિવેદનોથી બાળકોમાં વિવિધ કૌશલ્યોનો વિકાસ થવા લાગ્યો. આ રમકડાઓ ઈન્ટરનેટનો ઉપયોગ કરીને તૈયાર કરેલ છે.

6. મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુક્તિ વગેરેની વિગત) :

અવલોકન, નિરિક્ષણ. મૌખિક પ્રશ્નોત્તરી

7. લક્ષ્ય જૂથ અને લાભાર્થીની સંખ્યા :

બાલવાટિકા ૧થી૩, ૪થી૮, સંખ્યા – ૫૫

8. આપના ઇનોવેશનનો અમલ અન્ય શાળા દ્વારા કરવામાં આવ્યો હોય તો તેની વિગત:

ના

9. પરિણામો : (ડેટા સબંધિત -આધાર પુરાવા સાથે)

- પ્રત્યક્ષ જોયેલું વધું યાદ રહ્યું. - નાના બાળકોમાં સૌથી બેસ્ટ પરિણામ મળ્યું છે. - રમકડાના પ્રયોગથી બાળકને સરળતાથી સમજાયું અને ભણવાની પ્રક્રિયા ઝડપી બની છે. - શિક્ષણની ગુણવત્તા સુધારણામાં અસરકારક બની છે. - તમામ અભ્યાસક્રમમાં ખૂબ સારા પરિણામ જોવા મળ્યાં છે. - જ્ઞાન સાથે ગમ્મતનો ૧૦૦ % હેતુ સિદ્ધ થાય છે. રમકડાના માધ્યમથી ૭૦ % બાળકોને યાદ રહે છે. - સર્જનાત્મકતા, જટિલ અને તાર્કિક ચિંતન, સમસ્યા ઉકેલ, પ્રત્યાયન, વિવેચનાત્મક વિચારસરણી અને અનુકુલન ક્ષમતા જેવા કૌશલ્યોનો વિકાસ થયો.

10. ઉપયોગિતા :

- શિક્ષણની સાર્થકતા વધે છે. - બાળકોનું કૌશલ્ય વધે છે. - જ્ઞાનાત્મક કૌશલ્ય વિકસે. – સામાજિક, ભાવનાત્મક અને શારીરિક કૌશલ્ય વિકસે. - રમકડાં દ્વારા વિષયોનું શિક્ષણ વિકસે. - અભ્યાસમાં બાળકોમાં રસ, રુચિ વધે છે.
- શીખેલું જ્ઞાન તાજું રહે છે. - પા.પુસ્તકોમાં છુપાયેલા સિધ્ધાંતો સમજવા મદદરૂપ બને છે. - પ્રાથમિક શિક્ષણનો પાયો પાકો કરવા મહત્વનો ભાગ ભજવે છે.

11. નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

- શરુ જ છે. અને સારી સ્થિતિમાં છે. કાર્યરત પણ છે.



❖ ઇનોવેટરનુંનામ : ભગવતદાન ગુલાબસંગ ગઢવી ❖ હોદો : મદદનીશ શિક્ષક

❖ શાળા/સંસ્થાનુંનામ: શ્રી ઝાડીયાણા પ્રાથમિક શાળા ❖ તાલુકો/**SVS**: પાટડી

❖ ક્લસ્ટર/~~QDC~~ : આદરિયાણા ❖ મોબાઈલનંબર : ૯૯૦૯૨૩૯૬૬૮

❖ ઈમેલઆઈડી : **bhagvatadangadhavi76@gmail.com**

❖ નવતર પ્રયોગનું મુખ્યક્ષેત્ર : **NEP 2020,NCFFS, SCFSF** અને **NCFSE** સંબધિત

❖ નવતરપ્રયોગનુંપેટાક્ષેત્ર : ફાઉન્ડેશનલ સ્ટેજ સંબંધિત ઇનોવેટીવ અધ્યયન અધ્યાપન પ્રક્રિયા અને મૂલ્યાંકન

❖ નવતરપ્રયોગસામુહિકકરેલછેકેવ્યક્તિગત : વ્યક્તિગત

❖ નવતરપ્રયોગનોસમયગાળો : જૂન **2024** થી

❖ નવતરપ્રયોગક્યાંધોરણ સાથેસંકળાયેલછે? : ધો- ૩ થી ૫

❖ નવતરપ્રયોગસાથેસંકળાયેલમુખ્યઅધ્યયનનિષ્પતિકમાંક: - ❖ વિભાગ : પ્રાથમિક

❖ ફોટોગ્રાફ / વિડીયોલિંક / કયુઆરકોડ / નવતરપ્રયોગનીપ્રક્રિયાનોવિડીયોનોQR :

❖ ઇનોવેશનનુંશીર્ષક : વાર્તા દ્વારા વાંચનઅર્થગ્રહણ

**1. સમસ્યા:**

શાળામાં ધોરણ ૩ અને ૪ના બાળકોમાં વાંચન કૌશલ્યનો અભાવ/કચાશ જોવા મળતા આ આનંદપ્રદ અને અનુભવજન્ય અભિગમ તરીકે વાર્તા વાંચન અને કથનનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**2. ઇનોવેશનપૂર્વેની સ્થિતિ (ડેટાઅનેતેસબંધીઆધાર-પુરાવા) :**

શાળામાં ધોરણ ૧ થી ૫ના બાળકોમાં વાંચન કૌશલ્યનો અભાવ અને અર્થગ્રહણમાં કચાશ જોવા મળતા તથા શૈક્ષણિક પ્રક્રિયામાં બાળકોના વાંચનમાં નિરસતાના કારણે અસરકારક વર્ગ વ્યવસ્થા જોવા મળતી ન હતી. જેના નિવારણ માટે વાર્તા આધારીત અભિગમનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**3. ઇનોવેશનમાટેનીપ્રયુક્તિ, સાધનસામગ્રી, સમયગાળોઅનેલક્ષ્યજૂથ :**

પ્રયુક્તિ. : ટોયબેઝ પેડાગોજી :

સાધનસામગ્રી : વાર્તાની ચોપડીઓ, છાપાનીવાર્તાના કાર્ડ , બાલસૃષ્ટિ સામાયિક

સમયગાળો : જૂન ૨૦૨૪ થી.....

**4. અધ્યયન નિષ્પતિ : -**

**5. નવતરપ્રયોગનુંવિગતવારવર્ણન :**

ધોરણ ૩ થી ૫ ના બાળકોમાં વાંચન પ્રત્યે નિરસતા જોવા મળી. જેના કારણે વાંચન કૌશલ્યમાં કચાશ જોવા મળતી હતી. તેની સીધી અસર બાળકોની હાજરીમાં પણ દેખાઈ. એ સમસ્યાને નિવારવા વાંચન પ્રત્યે રસ કેળવાય.બાળક હોંશે હોંશે વાંચતો થાય એ બાબતને ધ્યાને રાખી વાર્તા કથન અને વાર્તા વાંચન અભિગમ અપનાવવામાં આવ્યો. નાના બાળકોને વાર્તા સાંભળવાની મજા આવે છે. રંગીન ચિત્રો સાથેની વાર્તાઓ બાળકોને વાંચવી ગમે છે. સૌ પ્રથમ બાળકોને વર્ગ શરુ કરતા પહેલા એક વાર્તા સંભળાવવાની શરૂ કરી. જેથી બાળકોને કુતુહલ અને જીજ્ઞાસા જાગે. પછી વાર્તા અધુરી રાખીને બાકીની વાર્તા વાંચવા માટે આપી.અધુરી વાર્તાની વિગત જાણવામાં રસ પડ્યો હોય એટલે બાળકો વાંચવા માટે પ્રેરાયા. જેથી વાર્તા વાંચનમાં રસ

પડ્યો. છાપાની પૂર્તિમાં આવતી વાર્તાઓ કટિંગ કરી લેમીનેશન કરાવી કાર્ડ બનાવ્યા. એ રંગીન ચિત્રોવાળા કાર્ડ બાળકોને સોમવારે ઘરે વાંચવા આપવાના અને વાંચેલી વાર્તાઓનું બાળકો દ્વારા શનિવારે પ્રાર્થનાસભામાં કે વર્ગમાં કથન થાય. તેની પ્રશ્નોત્તરી થાય આમ બાળકોને કેટલું અર્થગ્રહણ થયું છે તેનું ઔપચારી મુલ્યાંકન પણ થાય. આવી જ રીતે શાળામાં આવતા બાલસૃષ્ટી સામાયિક બાળકોના વ્યક્તિગત નામે લવાજમ ભરાવી વાંચન સામગ્રીમાં વધારો કર્યો. મારા નામે પણ વધુ અંકો મંગાવીને વર્ગ પુસ્તકાલય સજ્જ કર્યું. જેમાંથી ઘરે વાંચન માટે અંક આપીને વાંચન મહાવરો કરાવવામાં આવ્યો. પાઠ્યપુસ્તકમાં આવતી અને અન્ય ચોપડીઓની વાર્તાઓ શાળા સમય પહેલા અને રિશેષ દરમ્યાન વિશેષ વાંચન તરીકે ઉપયોગમાં લેવામાં આવી. અધુરી વાર્તા આપી પોતાની કલ્પનાથી વાર્તાને આગળ વધારવા માટે ટાસ્ક આપવામાં આવ્યો. જેથી બાળકની સર્જન શક્તિ વધે. વાર્તાથી કલ્પનાશક્તિનો વિકાસ થાય છે, બાળકોનું શબ્દ ભંડોળ વધે છે, ભાવ વિશ્વ વિકસે છે. પરિચિત અને આજુબાજુના પર્યાવરણમાં જોવા મળતા પાત્રોવાળી વાર્તાઓ દ્વારા વાંચન રૂચી વધતા અર્થગ્રહણ થવા લાગ્યું. જેથી લેખન કૌશલયમાં પણ સુધારો આવવા લાગ્યો. વિવિધ વાર્તાઓ સાંભળવા અને વાંચવા મળતા બાળકોમાં નિયમિતતા પણ જોવા મળી. અર્થગ્રહણ વધતા હવે અધુરી વાર્તા પૂર્ણ કરવા અને સર્જન કરવા માટે રસ જાગ્યો.

**6. મૂલ્યાંકનનીવિગતો (મૂલ્યાંકનઉપકરણ, પ્રયુક્તિવગેરેનીવિગત) :**

અવલોકન, વાંચન નિરિક્ષણ.મૌખિક અને લેખિત પ્રશ્નોત્તરી.

**7. લક્ષ્ય જૂથ અને લાભાર્થીનીસંખ્યા :**

ધો- ૩ થી ૫ સંખ્યા - ૬૦

આપનાઇનોવેશનનોઅમલઅન્યશાળાદ્વારાકરવામાંઆવ્યોહોયતોતેનીવિગત:

ના

**8. પરિણામો : (ડેટાસબંધિત -આધારપુરાવાસાથે)**

બાળકોમાં વાંચન પ્રત્યેની નીરસતા દુર થઇ. વાંચનમાં રસ વધવા લાગ્યો. વાંચન વધતા ધીમે ધીમે મહાવરા દ્વારા વાંચન સાથે અર્થગ્રહણ ક્ષમતા જેવા કૌશલ્યોનો વિકાસ થવા લાગ્યો. વિશેષ અને અવનવી વાંચન મળતા શાળામાં બાળકોની નિયમિતતા વધી.

**9. ઉપયોગિતા:**

વાંચન રસ વધે છે. બાળકોનું વાંચન કૌશલ્ય વિકસે છે. વાર્તા વાંચનના મહાવરાથી અર્થગ્રહણ વિકસે છે. શિક્ષણની સાર્થકતા વધે છે. જ્ઞાનાત્મક કૌશલ્ય વિકસે.- સામાજિક, ભાવનાત્મક કૌશલ્ય વિકસે. -વાર્તા દ્વારા વિવિધ વિષયોનું શિક્ષણ વિકસે. - અભ્યાસમાં બાળકોમાં રસ, રુચિ વધે છે. - પા.પુસ્તકોમાં આપેલી વાર્તાઓ સમજવા મદદરૂપ બને છે. - પ્રાથમિક શિક્ષણનો પાય પાકો કરવા મહત્વનો ભાગ ભજવે છે.

**10 નવતરપ્રયોગનીવર્તમાનસ્થિતિ :**

પ્રયોગ ચાલુ છે. સારી સ્થિતિમાં કાર્યરત છે.





❖ **ઇનોવેટરનું નામ** : મુકેશભાઈ શીવાભાઈ બદ્રેશિયા. ❖ **હોદો** : મુખ્ય શિક્ષક

❖ **શાળા/સંસ્થાનું નામ** : પે સેન્ટર શાળા નંબર-16,સુરેન્દ્રનગર. ❖ **તાલુકો/SVS** : વઢવાણ

❖ **ક્લસ્ટર/QDC** : પે સેન્ટર શાળા નંબર-16,સુરેન્દ્રનગર.

❖ **મોબાઈલ નંબર** : ૯૮૭૯૪૯૭૫૫૫ ❖ **ઈમેલ આઈડી** : mspatel૫૫૧૯૭૨@gmail.com

❖ **નવતર પ્રયોગનું મુખ્યક્ષેત્ર** : શૈક્ષણિક નવતર પ્રયોગ

❖ **નવતર પ્રયોગનું પેટાક્ષેત્ર** : શૈક્ષણિક નવતર પ્રયોગ

❖ **નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત** : **વ્યક્તિગત તથા સામૂહિક**

❖ **નવતર પ્રયોગનો સમયગાળો** : **જૂન ૨૦૧૬ થી**

❖ **નવતર પ્રયોગ ક્યાં ધોરણ સાથે સંકળાયેલ છે?** : **ધો- ૧ થી૮**

❖ **નવતર પ્રયોગ સાથે સંકળાયેલ મુખ્ય અધ્યયન નિષ્પતિ કમાંક** : **ગદ્ય અને પદ્ય લખાણમાંથી વિગતો શોધે છે અને વિગતો વચ્ચેના સબંધો સમજે છે અને ઉપયોગ કરે છે.**

❖ **વિભાગ** : **પ્રાથમિક** ❖ **ફોટોગ્રાફ / વિડીયોલિંક / કયુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયોનો QR**

❖ **ઇનોવેશનનુંશીર્ષક** : **'શિક્ષક એટલે સેવાનું સરનામું.'**

**1. સમસ્યા :** બાળકોની અનિયમિતતા તેમજ બાળકોનું ધીમું વાંચન.

**2. ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**

- અનિયમિત બાળકો.

અમુક બાળકો શાળામાં અનિયમિત હતા. તેમના વાલીનો સંપર્ક કરતાં નીચેની વિગતો જાણવા મળી. દિકરીઓ મોટી થઇ ગઈ છે. એટલે શાળાએ નહીં આવે. ઘણા બાળકોને ભણવામાં રસ ઓછો હતો. અમુક બાળકોમા તપાસ કરતાં જાણવા મળ્યું કે પિતા મૃત્યુ પામ્યા છે. અનાથ બાળકો માટે શું થઈ શકે ?.. શિક્ષક મિત્રો સાથે આ બાબતે વાત કરતા બીજી શાળામાં પણ આવા બાળકો હતા. તેના માટે સરકારી સહાય શું ઉપલબ્ધ હોય છે ? તેની જાણ કારી મેળવી.

- અનાથબાળકો.

માતા પિતા બંને મૃત્યુ પામ્યા હોય તેવા અનાથ બાળકો મળી આવ્યા. તેમજ માતા કે પિતા બે માંથી કોઈ એક મૃત્યુ પામ્યા હોય અને બીજા એ પુન:લગ્ન કર્યા હોય તેવા અનાથ બાળકો મળી આવ્યા.આવા બાળકો અભ્યાસથી વિમુખ થઇ જતા જોવા મળ્યા. વાલીઓ તેમને લારીના કામમાં, ખેતરના કામમાં કે અન્ય આર્થિક ઉપાર્જનમાં જોડતા હતા.

-ઓછી વાંચન ઝડપ

ધોરણ ૩ થી ૮ ના વર્ગમાં વર્ગ તપાસણી માટે જતા બાળકોને વંચાવવામાં આવ્યું. બાળકોમાં વાંચનની ઝડપ ઓછી જોવા મળી. આવું મારી એક શાળામાં નહીં પણ મોટા ભાગની શાળામાં આ જ હાલત હતી. બાળકો રસ પૂર્વક વાંચતા થાય તે માટે વિચારવામાં આવ્યું.

**3. ઇનોવેશન માટેની પ્રયુક્તિ, સાધન સામગ્રી, સમયગાળો અને લક્ષ્ય જૂથ :**

પ્રયુક્તિ. : પોતાની જાત અનુભવનો ઉપયોગ    સાધન સામગ્રી : કરીયાણાને લગતી વસ્તુઓ.

સમયગાળો : જૂન ૨૦૧૬ થી. . .    અધ્યયન નિષ્પતિ: -

**4. નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**

-વિધવા પેન્શન યોજના :

વાલીઓનું અને વિદ્યાર્થીઓનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યુ. ધોરણ 8 પાસ કરવા માટે સમજાવવામાં આવ્યા. દિકરી શાળાએ આવતી ન હતી.તપાસ કરતાં જાણવા મળ્યું કે પિતા મૃત્યુ પામ્યા છે.અનાથ બાળકો માટે શું થઈ શકે ? વાલી સંપર્ક કરીને વાલીને સમજાવવામાં આવ્યા તેમજ તેમને ઘેર બાર માસ સુધી દર મહિને 1000 રૂપિયાનું કરિયાણું પહોચાડવામાં આવ્યું. બાળક શાળાએ આવતું થયું. તેનો અભ્યાસ ચાલુ થયો. બીજી શાળામાં પણ આવા બાળકો હતા. તેના માટે સરકારી સહાય શું ઉપલબ્ધ હોય છે?તેની જાણકારી મેળવી અને પરિણામે વિધવા પેન્શન યોજનાની જાણકારી મળી.આવા બાળકોના

વાલીને તેના ફોર્મ ભરી દેવાથી માંડીને જરૂરી માર્ગદર્શન સાથે મદદ કરવામાં આવી. વિધવા પેન્શન શરુ કરવામાં આવ્યું. રાજેશભાઈ રાવલની 'નિર્ધાર' સંસ્થાનો સહકાર લઇ વિધવા માતા અને વિદ્યાર્થી બંનેને મદદ કરવામાં આવી.

-પાલક માતા પિતા યોજના અને તેનું અમલીકરણ.

માતા પિતા બંને મૃત્યુ પામ્યા હોય તેવા અનાથ બાળકોને તેમજ માતા કે પિતા બેમાંથી કોઈ એક મૃત્યુ પામ્યા હોય અને બીજા એ પુન:લગ્ન કર્યા હોય તેવા અનાથ બાળકોને પાલક માતા પિતા યોજનાનો લાભ અપાવવા અંગેનું અભિયાન શરૂ થયું. તેના માટે ગુગલ લીંક પણ બનાવવામાં આવી. તેમજ ડાયેટ પ્રાચાર્યના સહકારથી પરિપત્ર દ્વારા આવી માહિતી મેળવવામાં આવી. માહિતી મળ્યા બાદ જે તે વાલી અને શિક્ષકોની મદદથી તેમને પાલક માતા પિતા યોજનાનું ફોર્મ ભરાવી તેમને દર મહીને ૩૦૦૦ રૂપિયા સહાય અપાવવામાં આવી. જેના કારણે વાલી પણ તેમને ભણાવવા ઉત્સુક બન્યા.

-'બાલસૃષ્ટિ' માસિકનું લવાજમ

ધોરણ 5 થી 8 ના વર્ગમાં વર્ગ તપાસણી માટે જતા બાળકોને વંચાવવામાં આવ્યું. બાળકોમાં વાંચનની ઝડપ ઓછી જોવા મળી. બાળકો રસપૂર્વક વાંચતા થાય તે માટે ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત થતું 'બાલસૃષ્ટિ' માસિકનું લવાજમ શિક્ષકો દ્વારા બાળકો માટે  ભરાવવામાં આવ્યું. જેમાં ડાયટ પ્રાચાર્યશ્રીના સહકારથી તેમજ દરેક તાલુકામાં એક સારા શિક્ષકને કોઓર્ડીનેટર બનાવીને કામ કરવામાં આવ્યું.

5. મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુક્તિ વગેરેની વિગત):

અવલોકન અને અનુભવ.

6. લક્ષ્ય જૂથ અને લાભાર્થીનીસંખ્યા :

- ધોરણ 3 થી 8 ના બાલસૃષ્ટિ માટે ૩૯૦૦૦ બાળકો - વિધવા સહાય લાભાર્થીનીસંખ્યા ૯૦ થી વધુ.
- પાલક માતા પિતા લાભાર્થી બાળકો ૨૦૦ થી વધુ

7. આપના ઇનોવેશનનો અમલ અન્ય શાળા દ્વારા કરવામાં આવ્યો હોય તો તેની વિગત :

૨૦૧૬ પછી ૭૦૦ થી વધુ શાળા જોડાઈ.

8. પરિણામો : (ડેટાસબંધિત -આધારપુરાવાસાથે)

- કેટલીય વિધવા બહેનોને ૧૨૫૦ વિધવા સહાય અપાવવામાં નિમિત બન્યા.
- સુરેન્દ્રનગર જિલ્લાની તેમજ સમગ્ર ગુજરાતમાંથી કેટલાય અનાથ બાળકોને દર મહિને **₹3,000** ની સહાય અપાવવામાં ક્યાંય પ્રત્યક્ષ તો ક્યાંય પરોક્ષ રીતે મદદરૂપ થયા. બાળકોનો અભ્યાસ ચાલુ રહ્યો. આર્થિક સંકડામણના અભાવે અભ્યાસથી વિમુખ બનતા અટક્યા. અંદાજિત ૨૦૦ થી વધુ બાળકોને આયોજનાનો લાભ અપાવવામાં મદદ કરવાનો આનંદ.
- 'બાલસૃષ્ટિ' માસિકનું લવાજમ શિક્ષકો દ્વારા આ વર્ષે ૧૦૪૦૦ થી વધુ બાળકો માટે ભરાવવામાં આવ્યું. કુલ ૩૯૦૦૦ થી વધુ બાળકો જોડાયા. બાળકો તેમાં આવતા ઉખાણાં, વાર્તા, કવિતા, જોડકણાં, જાણવા જેવું વિગેરે વાંચતા થયા. તેમની વાંચન ઝડપ અનાયાસે વધતી જોવા મળી.

9. ઉપયોગિતા:

સરકારી યોજનાનો ફેલાવો થયો. આર્થિક મદદ મળતાં અનાથ બાળકોને અભ્યાસ કરવા માટે તેમના વાલી તૈયાર થયા. બાળમજૂરી કરતા બાળકો અટક્યા. બાળકો સાચા અર્થમાં વિદ્યાર્થી બનીને આગળ અભ્યાસ કરતા થયા. - બાળકોની વાંચન ઝડપ વધી. બાળકો ઈતર વાંચન કરતા થયા. વાર્તા વાંચન દ્વારા મુલ્યલક્ષી શિક્ષણ પરોક્ષ રીતે બાળકોને મળ્યું. બાળકોનું આત્મબળ વધારવામાં આ ઇનોવેશન ઉપયોગી બન્યું.

10. નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

- ૧૦ બહેનોને અનાજ કરિયાણું હાલ દર મહિને આપવામાં આવે છે.
- ૧૦૪૦૦ થી વધુ બાળકો 'બાલસૃષ્ટિ' માસિકનું વાંચન હાલ દર મહિને કરી રહ્યા છે.
- ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓ દર મહિને 3000 રૂપિયાની સહાય મેળવી રહ્યા છે.
- ૪૦૦ થી વધુ શાળા બાલસૃષ્ટિ અને પાલક માતા પિતા યોજના અંતર્ગત જોડાયેલી છે.



- **ઇનોવેટરનું નામ-** મેંઢાં ભાવનાબેન અમૃતલાલ
- **હોદ્દો-** મદદનીશ શિક્ષક
- **શાળા સંસ્થા નું નામ** : શ્રી પ્રા.શાળા નં-1,રતનપર
- **તાલુકા** : વઢવાણ
- **કલસ્ટર** : પ્રા.શાળા નં-1, રતનપર
- **મો.નં.** : ૯૪૨૮૫૭૧૩૦૦
- **ઇમેલ આઈ.ડી** : bhavanamendha@gmail.com
- **નવતર પ્રયોગનું મુખ્ય ક્ષેત્ર** : NEP 2020, NCF FS,SCF FS અને NCF SE સંબધિત(d) મિડલ સ્ટેજ સંબધિત ઇનોવેટીવ અધ્યયન અધ્યાપન પ્રકિયા અને મૂલ્યાંકન
- **નવતર પ્રયોગનું પેટાક્ષેત્ર** : POCKET DAIRY OF SCIENCE EQUIPMENTS
- **નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યકિતગત** : વ્યકિતગત
- **નવતર પ્રયોગનો સમયગાળો** : જૂન થી મે
- **નવતર પ્રયોગ ક્યાં ધોરણ સાથે સંકળાયેલ છે?** : ધોરણ 7 અને ધોરણ 8
- **નવતર પ્રયોગ સાથે સંકળાયેલ મુખ્ય અધ્યયન નિષ્પતિ ક્રમાંક** : NIL
- **વિભાગ** : પ્રાથમિક
- **ફોટોગ્રાફ/વિડિયો લીંક/ક્યુઆર કોડ/નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડિયાનો QR**
- **ઇનોવેશનનું શિર્ષક** : ***DAIRY OF SCIENCE'S EQUIPMENTS***
  (વિજ્ઞાનના સાધન સામગ્રીની પોકેટડાયરી)

**1. સમસ્યા :**

વિજ્ઞાનમાં પ્રયોગ કરતી વખતે સાધનો અને પદાર્થોની ઓળખમાં અડચણ,અણુસૂત્ર અને સંજ્ઞામાં યાદ રાખવામાં તકલીફ અનુભવતા હતા.

**2. ઇનોવેશનની પુર્વની સ્થિતિ :**

કસોટી દ્વારા 30% બાળકોને સાધનોના નામ અને પદાર્થો યાદ હતા.

**3. ઇનોવેશન માટેની પ્રયુક્તિ, સાધન-સામગ્રી, સમયગાળો, અને લક્ષ્યજૂથ :**

**પ્રયુક્તિ** : નિદર્શન પદ્ધતિ,પ્રદર્શન પદ્ધતિ , નિરિક્ષણ પધ્ધતિ,અવલોકન પદ્ધતિ પ્રવૃતિ

**સાધન-સામગ્રી** : પ્રયોગશાળા ના તમામ સાધનો અને પદાર્થો

**સમયગાળો** : જૂન થી મે

**લક્ષ્યજૂથ** : ધોરણ- 7, ધોરણ -8 ના વિદ્યાર્થીઓ

**4. નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :** વિજ્ઞાનના સાધનોની પોકેટ ડાયરી બનાવવા માટે ઇન્ટરનેટ, S.S.A. ની બુક અને પ્રયોગપોથીનો સહારો લઇને વિદ્યાર્થી,શિક્ષકો અને સમાજને પણ ગમે ત્યારે ઉપયોગ થાય અને સાચવવામાં તકલીફ ન પડે તે હેતુથી પોકેટ ડાયરી

**5. મૂલ્યાકનની વિગતો :** અવલોકન,નિરીક્ષણ,મૌખિક પ્રશ્નોત્તરી ,ક્વીઝ અને નિદર્શન દ્વારા

**6. લક્ષ્યજૂથ અને લાભાર્થીની સંખ્યા :**

| ધોરણ | વિદ્યાર્થીની સંખ્યા |
|---|---|
| 7 | ૫૮ |
| 8 | ૫૮ |

**7. આપના ઇનોવેશનનો અમલ અન્ય શાળા દ્વારા કરવામાં આવ્યો હોય તો તેની વિગત :** ના

**8. પરિણામો :**

- પોકેટ ડાયરી અને સતત અભ્યાસ, મહાવરા અને ઉપયોગને કારણે 70% પરિણામ પ્રાપ્ત થયુ.
- શિક્ષણની ગુણવત્તા સુધારણામાં અસરકારક બને.
- પ્રત્યક્ષ જોયેલુ વધુ યાદ રહે
- સાધનોના ઉપયોગથી બાળક સરળતાથી શોધી શખે
- સાધનો અને પદાર્થોનુ  વર્ગીકરણ કરી શકે
- પદાર્થોના રાસાયણિક નામ યાદ રાખી શકે
- પદાર્થોની તત્વ,સંજ્ઞા,પરમાણુ ની સંખ્યા યાદ રાખી શકે
- પ્રયોગશાળામાં ઉપયોગી સાધનોની ઓળખ કરી શકે
- વિજ્ઞાનની પ્રાયોગિક પરીક્ષામાં વધુ ઉપયોગી થાય છે.
- પોકેટમાં રાખવાથી ગમે ત્યારે ઉપયોગ કરી શકાય છે.
- પ્રયોગ દરમિયાન પ્રયોગ કરવાની પ્રક્રિયા ઝડપી બને છે.

**9. ઉપયોગિતા :**

- અભ્યાસક્રમમાં રસ-રૂચિ વધે છે.
- વિજ્ઞાન પ્રત્યેનો હાઉ દૂર થાય છે
- યાદ રાખવામાં પોકેટ ડાયરીનો સરળતાથી ઉપયોગ કરી શકે છે
- બાળકોના જ્ઞાનાત્મક કૌશલ્યોનો વિકાસ થાય છે.
- બાળકોની અવલોકનશકિત, નિર્ણયશકિત, નિદર્શન કરવાની કળાનો વિકાસ થાય છે.
- બાળકો પોતે જાતે પોકેટ ડાયરી બનાવતા થયા છે.
- સમાજમાં શિક્ષકો અને વિદ્યાર્થીને ખૂબ જ ઉપયોગી થાય છે.

**10. નવતર પ્રયોગની વર્તમાન સ્થિતી :**

શરૂ જ છે સારી સ્થિતિ અને કાર્યરત છે.



❖ ઇનોવેટરનું નામ : પીનલ બી. દેકાવાડિયા ❖ હોદો: મદદનીશ શિક્ષક
❖ શાળા/સંસ્થાનું નામ : શ્રી પ્રાણગઢ પ્રાથમિક શાળા ❖ તાલુકો/SVS: વઢવાણ
❖ ક્લસ્ટર/QDC: લટુડા ❖ મોબાઈલ નંબર : 7874202147
❖ ઈમેલ આઈડી : pinaldekavadiya@gmail.com
❖ નવતર પ્રયોગનું મુખ્ય ક્ષેત્ર : 5-આ ઉપરાંતના અન્ય શૈક્ષણિક નવતર પ્રયોગ
❖ નવતર પ્રયોગનું પેટાક્ષેત્ર : Science Saturday
❖ નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત
❖ નવતર પ્રયોગનો સમયગાળો : જુન 2023 થી શરૂ...
❖ નવતર પ્રયોગ ક્યાં ધોરણ સાથે સંકળાયેલ છે? : ધોરણ 6 થી 8
❖ નવતર પ્રયોગ સાથે સંકળાયેલ મુખ્ય અધ્યયન નિષ્પતિ કમાંક:
ધોરણ 6-M605,M-610,M618,SC-605,SC-611 ધોરણ 7-M-704,M-711, M-720 ,SC-711,SC-713,SC-705
❖ ધોરણ -8 M801,M806,808,M826 SC-803,SC-804,SC-810,SC-811
❖ વિભાગ : પ્રાથમિક
❖ ફોટોગ્રાફ / વિડીયો લિંક / કયુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયોનો QR :
❖ ઇનોવેશનનુંશીર્ષક : **Science Saturday Activity** દ્વારા વિજ્ઞાન ગણિત રસપ્રદ બનાવવા

**1. સમસ્યા:**

કોરોના મહામારી પછી વિદ્યાર્થીઓમાં ગણિત વિજ્ઞાનમાં રસ ઓછો જોવા મળ્યો ગણિતમાં વધારે કચાશ જોવા મળી. તેમજ બીજા વિષય કરતા ગણિત વિજ્ઞાન અઘરા છે વિદ્યાર્થીઓમાં તેવી માનસિકતા જોવા મળી.

**2. ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**

ઇનોવેશન પહેલા વિદ્યાર્થીઓ ગણિત અનેવિજ્ઞાન પ્રવૃત્તિઓમાં ભાગ ન લેતા તેમજ તેમને આ વિષયો કંટાળાજનક લાગતા ઇનોવેશન બાદ વિદ્યાર્થીઓ ગણિત વિજ્ઞાનમાં ઉત્સાભેર રસ લેતા થયા તેમજ વિજ્ઞાન ગણિત ની વિવિધ પ્રવૃત્તિઓ માં ભાગ લેતા થયા અને વિજ્ઞાન ગણિતના મોડલ જાતે નિર્માણ કરતા થયા અને જિલ્લા કક્ષાએ તાલુકા કક્ષાએ ગણિત વિજ્ઞાનની વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લઈ સારા દેખાવ સાથે પ્રથમ ,દ્વિતીય, અને તૃતીય આવવા લાગ્યા. તેમજ ગણિત વિજ્ઞાનના પરિણામમાં પણ સારો દેખાવ કરવા લાગ્યા.

**3. ઇનોવેશન માટેની પ્રયુક્તિ, સાધન સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :**

પ્રયુક્તિ.. નિદર્શન પ્રયુક્તિ, આગમન નિગમન પદ્ધતિ, વ્યાખ્યાન પદ્ધતિ, પ્રશ્નોત્તરી પ્રયુક્તિ, જૂથ ચર્ચા, સમસ્યા ઉકેલ પ્રયુક્તિ,પ્રદર્શન પદ્ધતિ, પ્રયોગ પદ્ધતિ, પ્રોજેક્ટ પદ્ધતિ

સાધનસામગ્રી..... પૂઠા, સફેદ કાગળ, રંગીન કાગળ, પ્રયોગના સાધન, સ્કેચ પેન પેન્સિલ કલર, પ્રોજેક્ટ પેપર, છાપાના કટીંગ, કાર્ડ શીટ, ફેવિકોલ ગુંદર કાતર , વિવિધ પ્રકારના તાર, લિથિયમ સેલ, અલગ અલગ વોલ્ટ ની બેટરી, મોટર, પ્લાસ્ટિક ની વિવિધ વસ્તુઓ વિગેરે..

સમયગાળો..... જૂન 2023 થી શરૂ

અધ્યયન નિષ્પત્તિ-1.પોતાની આસપાસની વસ્તુ માંથી મોડેલ નિર્માણ કરતા શીખે 2.પ્રક્રિયા ઘટનાને સમજાવે 3.રોજિંદા જીવનમાં વૈજ્ઞાનિક ખ્યાલો નો ઉપયોગ કરે 4. ગણિતના વ્યવહારુ કોયડા ને ઉકેલી શકે 5 ગણિતના વિવિધ નિયમોનો વ્યવહારમાં ઉપયોગ કરી જાણે.

4. નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :

વિદ્યાર્થીઓમાં ગણિત વિજ્ઞાન વિષય પ્રત્યે રસ રુચિ જગાડવા માટે શાળામાં ગણિત વિજ્ઞાનની પ્રવૃત્તિઓ શરૂ કરી જેમાં દર શનિવારે વિદ્યાર્થીઓને અલગ અલગ પ્રકારની ગણિત અને વિજ્ઞાનના અનુભવ જન્ય પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે જેમાં ગણિત વિજ્ઞાન,મોડેલ નિર્માણ, ચિત્ર સ્પર્ધા, ક્વિઝ કોમ્પિટિશન, જૂથ ચર્ચા, વિશેષ દિલ ની માહિતી સાથે સાથે વૈજ્ઞાનિકો ની માહિતી, ગણિત વિજ્ઞાન વિષય આધારિત પ્રોજેક્ટ, વિજ્ઞાનના પ્રયોગો, સાયન્સ ક્લબની પ્રવૃત્તિ, બળ ઉર્જા રક્ષક દળ ની પ્રવૃત્તિ, શ્રી હોમીભાભા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગીદારી, આ બધી પ્રવૃત્તિઓનો અનુબંધ વિષય સાથે બાંધી વિદ્યાર્થીઓને ગણિત વિજ્ઞાન રસપ્રદ આવડે તેવા પ્રયત્ન કરવામાં આવે છે. સાથે સાથે ટેકનોલોજી ના માધ્યમ દ્વારા વિદ્યાર્થીઓને આ બધી પ્રવૃત્તિઓનો અનુભવ પણ કરાવવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીઓ ઉત્સાહભેર ભાગ લઈ પોતાની બુદ્ધિ ક્ષમતા આધારિત આગળ વધી તેમના કૌશલ્યો નો વિકાસ કરે

5. મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુક્તિ વગેરેની વિગત) :

વ્યાખ્યાન પદ્ધતિ, નિદર્શન પ્રયુક્તિ, પ્રશ્નોત્તરી પ્રયુક્તિ, ચિત્રાત્મક રજૂઆત, મોડેલ નિર્માણ,
પ્રયોગ દ્વારા પ્રોજેક્ટ પદ્ધતિ

6. લક્ષ્ય જૂથ અને લાભાર્થીની સંખ્યા :

ધોરણ ૬ થી ૮ -૧૦૫ વિદ્યાર્થીઓ

આપના ઇનોવેશનનો અમલ અન્ય શાળા દ્વારા કરવામાં આવ્યો હોય તો તેની વિગત : ના

7. પરિણામો : (ડેટા સબંધિત -આધાર પુરાવા સાથે):

1. શનિવારની હાજરીમાં વધારો થયો ઉદા. પ્રથમ સત્રમાં એકમ કસોટી સિવાયના 12 શનિવાર માં ધોરણ ૬ના વિદ્યાર્થીઓની 97.68 % હાજરી જોવા મળી.

2. એકમ કસોટી ના ગુણમાં વધારો થયો 3. શાળાની વિજ્ઞાન ગણિત વાર્ષિક પત્રિકામાં મુકાતા વિદ્યાર્થીઓના લેખમાં વધારો થયો 4.વિજ્ઞાન મેળામાં વધુ વિદ્યાર્થીઓ ભાગ લેતા થયા તેમ જ આ વર્ષે જિલ્લા કક્ષા સુધી પણ પહોંચ્યા. 5.શ્રી હોમી ભાભા લોકવિજ્ઞાન કેન્દ્ર -સુરેન્દ્રનગર દ્વારા શાળામાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓની ભાગીદારી વધી જે અનુસંધાને આ વખતે ધોરણ 6 થી 8 ના 47 વિદ્યાર્થીઓ અને 3 શિક્ષકો ને ભુજ રિઝયોનલ સાયન્સ સેન્ટરની ગુજરાત સરકાર તરફથી ફ્રી વિઝીટ મળી.
6 વર્ષ-2023-24 માં ધોરણ 8 ના એક વિદ્યાર્થીને ઇન્સ્પાયર એવોર્ડ પણ મળ્યો.

8. ઉપયોગિતા :

વિજ્ઞાન- ગણિત પ્રત્યે વિદ્યાર્થીઓની રસ રુચિ વધી, બાળકોમાં સર્જનાત્મકતા, બુદ્ધિ ક્ષમતા,આત્મવિશ્વાસ, રજૂઆતની છટા, ટેકનોલોજી નો ઉપયોગ જેવા વિવિધ કૌશલ્યો નો વિકાસ થયો

9. નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

જુન 2023 થી હાલની સ્થિતિ શરૂ

❖ ઇનોવેટરનું નામ : સોનલબેન ભુપતભાઈ ગોરવાડીયા ❖ હોદો : મદદનીશ શિક્ષક

❖ શાળા/સંસ્થાનું નામ: ગણપતિ ફાટસર પ્રાથમિક શાળા ❖ તાલુકો/SVS: વઢવાણ

❖ ક્લસ્ટર/~~QDC~~ : જોરાવર નગર શાળા નંબર-7 ❖ મોબાઈલનંબર : 9265543718

❖ ઈમેલઆઈડી : sonalsakaria1234@gmail.com



❖ નવતર પ્રયોગનું મુખ્યક્ષેત્ર : બાલવાટિકા રમતા રમતા ભણીએ

❖ નવતર પ્રયોગનું પેટાક્ષેત્ર : જાદુઈ પિટારા

❖ નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

❖ નવતર પ્રયોગનો સમયગાળો : જુનથી મેં

❖ નવતર પ્રયોગ ક્યાં ધોરણ સાથે સંકળાયેલ છે ? : બાલવાટિકા ધોરણ 1 ધોરણ 2

❖ નવતર પ્રયોગ સાથે સંકળાયેલ મુખ્ય અધ્યયન નિષ્પતિ કમાંક : -

❖ વિભાગ : પ્રાથમિક

❖ ફોટોગ્રાફ / વિડીયોલિંક / કયુઆરકોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયોનો QR :

(ઇનોવેશનનુંશીર્ષક): જાદુઈ પીટારા

**1. સમસ્યા:**

- નાના બાળકોને શાળામાં ટકવું અને ભણવું મુશ્કેલ હતું.

**2. ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**

- શૈક્ષણિક પ્રક્રિયામાં બાળકોમાં વર્ગ વ્યવહારમાં શીખવા શીખવવાની પ્રક્રિયામાં અસરકારક વર્ગ વ્યવસ્થા જોવા મળતી ન હતી. તેના નિવારણ માટે જાદુઈ પિટારા નો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**3. ઇનોવેશન માટેની પ્રયુક્તિ, સાધન સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :**

સાધન સામગ્રી : રમકડા, T.L.M, પઝલ્સ, અંક કાર્ડ, વાર્તાની ચોપડીઓ, મણકા, અન્ય મૂર્ત વસ્તુઓ

સમયગાળો : જૂનથી એપ્રિલ 2023 થી.....

લક્ષ્ય : બાળકો રમતા રમતા આનંદ પ્રદ રીતે ભણે.

**4. નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**

બાલવાટિકાનો વર્ગ શાળાના અન્ય વર્ગ કરતાં અલગ દેખાય તેવો આકર્ષક રંગબેરંગી અને પ્રવૃત્તિખંડ તરીકે ઉપસી આવે તેવો બનાવવા માટે મેં વર્ગમાં ચિત્રો, કાર્ટૂન, પ્રવૃત્તિ, સામગ્રી, મોડેલ, રમકડા, રમતગમતની સાધન સામગ્રી, વગેરે મૂકવા માટે એક બોક્સ બનાવ્યું અને તે છે જાદુઈ પીટારા.

બાલ વાટિકા ની પ્રવૃત્તિ ની સામગ્રી સરળતાથી પ્રાપ્ત થઈ શકે તે માટે સમયાંતરે બાળકો પાસે ઉપયોગી સહાયક સામગ્રી એકત્ર કરી અને બોક્સમાં ભરી. આ સામગ્રીમાં કચુકા, કાંકરા, લખોટી, સળીયો, લાકડું, કાપડ, કાગળ, પ્લાસ્ટિક, કાચના ટુકડાઓ, બિલ્લા, મેચ બોક્સ, છાપ, કલર, બટન, છાપા, બીજ, ઠળિયા, રંગીન કાગળ, અનાજ કઠોળના નમુના, ચિત્રોનો સંગ્રહ, પઝલ્સ વગેરે ભરીને તેને શણગારીને ઉપયોગમાં લીધી. બાળકોમાં કુતુહલ હશે કે આમાંથી શિક્ષક શું બતાવશે ? તે ભણવા માટે તૈયાર થઈ જશે.

**5. મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુક્તિ વગેરેની વિગત) :**

- અવલોકન બાળકો ભણવા માટે તત્પર બની જાય છે. તેમને કંટાળો આવતો નથી. પોતાના મિત્રો સાથે વર્ગની વાતો શેર કરે છે.

**6. લક્ષ્ય જૂથ અને લાભાર્થીનીસંખ્યા :**

- 70 બાળકો

**7. આપના ઇનોવેશનનો અમલ અન્ય શાળા દ્વારા કરવામાં આવ્યો હોય તો તેની વિગત :**

- આ ઇનોવેશનનો અમલ અન્ય શાળામાં કરવામાં આવ્યો હોય તો તે વિગત - ના

**8. પરિણામો : (ડેટાસબંધિત -આધારપુરાવાસાથે)**

જાદુઈ પિટારા ના પ્રયોગથી બાળકોને સરળતાથી સમજાય ભણવાની પ્રક્રિયા ઝડપી બને છે.

- શિક્ષણની ગુણવત્તામાં સુધારો થયો છે.
- જ્ઞાન સાથે ગમ્મત નો હેતુ સિદ્ધ થાય છે.
- વર્ગખંડની મુક્ત રમતના પિરિયડમાં જાદુઈ પીટારાના ઉપયોગથી બાળકો ઉત્સુકતા અનુભવે છે કે ટીચર આમાંથી શું બતાવશે? તે સજ્જ થઈ જાય છે. અને તોફાન કર્યા વગર શાંતિથી શિક્ષણ કાર્યમાં જોડાઈ જાય છે.

**9. ઉપયોગિતા :**

- ગણિતમાં મહાવરો વધે છે. - કોમ્પ્યુટર અને internet ટેકનોલોજીથી જાણકાર બને છે.
- જ્ઞાનાત્મક કૌશલ્ય વિકસે. - અભ્યાસમાં બાળકોમાં રસ,રુચિ વધે છે
- શીખેલું જ્ઞાન તાજું રહે છે. - પ્રાથમિક શિક્ષણનો પાય પાકો કરવા મહત્વનો ભાગ ભજવે છે.

**10. નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :**

શરુ જ છે. અને સારી સ્થિતિમાં છે. કાર્યરત પણ છે. દરરોજ શાળામાં ફ્લેટ પેનલ ટીવી દ્વારા FLN અંતર્ગત દાખલાઓની પ્રેક્ટીસ કરે છે.



❖ **ઇનોવેટરનું નામ** : નારણભાઈ સી વાઘેલા ❖ **હોદો:** આચાર્ય

❖ **શાળા/સંસ્થાનું નામ : PM SHRI** પે.સે.શાળા ન. ૭, જોરાવરનગર ❖ **તાલુકો/SVS:** વઢવાણ

❖ **ક્લસ્ટર/~~QDC~~** : જોરાવરનગર-૭ ❖ **મોબાઈલ નંબર** : ૯૯૭૯૦૭૧૯૭૨

❖ **ઈમેલ આઈડી** : naranvaghela7671@gmail.com

❖ **નવતર પ્રયોગનું મુખ્ય ક્ષેત્ર : શાળા ભાવાવરણ વિકાસ**

❖ **નવતર પ્રયોગનું પેટાક્ષેત્ર : અધ્યયન સંસાધન** (Learning Resource) **તરીકે વાલી / સમાજનો ઉપયોગ**

❖ **નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત** : સામુહિક

❖ **નવતર પ્રયોગનો સમયગાળો** : સપ્ટેમ્બર ૨૦૨૩ થી અવિરત ચાલુ

❖ **નવતર પ્રયોગ ક્યાં ધોરણ સાથે સંકળાયેલ છે?** : ધોરણ ૩ થી ૮

❖ **નવતર પ્રયોગ સાથે સંકળાયેલ મુખ્ય અધ્યયન નિષ્પતિ ક્રમાંક: અધ્યયન સંસાધન** (Learning Resource) **તરીકે વાલી / સમાજનો ઉપયોગ** ❖ **વિભાગ** : પ્રાથમિક

❖ **ફોટોગ્રાફ / વિડીયો લિંક / કયુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયોનો QR** :

❖ **ઇનોવેશનનુંશીર્ષક** : મૂલ્ય શિક્ષણ સાથે હાજરી પ્રોત્સાહન

**1. સમસ્યા:**

.વિદ્યાર્થીઓની હાજરીનું પ્રમાણ વધારવામાં ખાસ ઝૂંબેશરુંપે સમાજની ઉપયોગીતાનો અભાવ

**2. ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**

(૧) વિદ્યાર્થીઓની હાજરીનું પ્રમાણ વધારવામાં ખાસ ઝૂંબેશરુંપે સમાજની ઉપયોગીતા બાબતે ખાસ કોઈ ફોકસ નહોતું .તથા શાળામાં વિધ્યાર્થિઓની ૯૦ ટકાથી વધુ હાજરી ધરાવતા બાળકોને મૂલ્ય શિક્ષણ સાથે હાજરી પ્રોત્સાહન આપવા માટે ખાસ કોઈ ઠોસ આયોજનબધ્ધ પ્રયાસ નો અભાવ હતો સાથે વધુ સંખ્યામાં વિધ્યાર્થિઓની ૯૦ ટકાથી વધુ હાજરી બને તેવું આયોજન નહોતું.

**3. ઇનોવેશન માટેની પ્રયુક્તિ, સાધન સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :**

**પ્રયુક્તિ .........વ્યાખ્યાયન અને પ્રતિકાત્મક પ્રોત્સાહન**

**સાધનસામગ્રી....વિશેષ વ્યક્તિઓના ફોટા સાથેના Attendance Congratulation કાર્ડ**

**સમયગાળો**.... એક મહિનો

**અધ્યયન નિષ્પતિ .....**

- બાળકો પોતાની ઉપલબ્ધિને માણે છે.
- મુલ્ય શિક્ષણ માટે સમાજનાં વિશેષ વ્યક્તિઓ અને સંસ્થાઓનો રોલ મોડેલ તરીકે ઉપયોગ કરે છે.
- બાળકો શાળામાં પોતાની હાજરીનું પ્રમાણ વધારવા માટે પોતાની જવાબદારીને સમજે છે. અભ્યાસમાં સાતત્યતા માટે શાળામાં પોતાની હાજરી વધુ હાજરી બની રહે તે માટે સતત જાગ્રત રહે છે.

**4. નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**

શાળામાં બાળકોની હાજરીનું પ્રમાણ વધે , મહિનામાં શાળા કામકાજના દિવસો પૈકી ૯૦ ટકાથી વધુ દિવસોની હાજરી ધરાવતા બાળકોની સંખ્યાનું પ્રમાણ ઉંચું બની રહે સાથે તે માટે મૂલ્ય શિક્ષણનાં ડેવલપમેન્ટ અર્થે પ્રતિકાત્મક પ્રોત્સાહન મળી રહે તે માટે નવતર પ્રયોગ તરીકે જે તે માસમાં મોટી સંખ્યામાં ૯૦ ટકાથી વધુ દિવસોની હાજરી ધરાવતા બાળકોને **Attendance Congratulation કાર્ડ** સન્માન સાથે

આપવામાં આવે છે. આ Attendance Congratulation કાર્ડ દર માસના પ્રથમ સપ્તાહમાં પ્રાર્થના સમારોહમા વિશેષ વ્યક્તિઓના હસ્તે આપવામાં આવે છે. ચાલુ માસમાં **Attendance Congratulation કાર્ડમાં** જે વિશેષ વ્યક્તિ / સંસ્થાનો ફોટો મુકવાનો હોય તેઓને તે બાબતે જાણકારી આપી તેઓની સંમતિ મેળવી **Attendance Congratulation કાર્ડમાં** છાપવામાં આવે છે.બાળકોને **Attendance Congratulation કાર્ડમાં** ડિસપ્લે કરવામાં આવનારા જે તે વિશેષ વ્યક્તિ/ સંસ્થાના કાર્યો / મુલ્યો નો અગાઉથી પરિચય આપવામાં આવે છે. સમયાંતરે વર્ગ શિક્ષક દ્વારા બાળકોની હાજરીનું ફોલોપ લેવામાં આવે છે. Attendance Congratulation કાર્ડ સન્માન મળી રહે તે માટે બાળકોને સમયાંતરે તેઓનાં હાજર દિવસોની જાણકારી આપવામાં આવે છે. બાળકોમાં અંદરોઅંદર તંદુરસ્ત સ્પર્ધા બની રહે છે. બાળકો આ મળેલા Attendance Congratulation કાર્ડ નાં સંગ્રહ માટે ઘેર અલગથી ફાઈલ બનાવે છે. બાળકો અને વાલીઓ તેઓના ઘેર આવતા મહેમાનો કે સગાવહાલા / પાડોશીઓને Attendance Congratulation કાર્ડ બતાવી ગૌરવ લે છે.બાળકોને શાળામાં મળતા પ્રોત્સાહનથી વાલીસમાજમાં ખુશીની લહેર બની રહે છે.સાથે સમાજના ભલા માટે કામ કારતા વિશેષ વ્યક્તિઓથી પરિચય થાય છે, તેઓના ઉદાહારના લઇ સમાજમાં પોતે પણ કંઈક ઉપયોગી થાય તેવી પ્રેરણા બાળકો અને વાલીઓ લે છે. આ પ્રયાસથી શાળા અને વાલી સમાજમાં સારા ભાવાવરણનું નિર્માણ થાય છે.

**5. મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુક્તિ વગેરેની વિગત)**

બાળકોની હાજરીનાં ડેટા માટે મૂલ્યાંકન ઉપકરણ માટે વિદ્યાર્થી હાજરી પત્રક

**6. લક્ષ્ય જૂથ અને લાભાર્થીની સંખ્યા :**

ધોરણ ૩ થી ૮ નાં બાળકો ...૧૬૦ થી ૧૭૦ બાળકો

**7. આપના ઇનોવેશનનો અમલ અન્ય શાળા દ્વારા કરવામાં આવ્યો હોય તો તેની વિગત :**

આ ઈનોવેશનનો અમલ શાળા જોરાવરનગર-૧૧, દેદાદરા શાળામાં થયેલ છે.

**8. પરિણામો : (ડેટા સબંધિત -આધાર પુરાવા સાથે)**

ડેટા સબંધિત -આધાર પુરાવા માટે વિદ્યાર્થી હાજરી પત્રક ની નકલ અને તે માટેનાં વર્ગીકરણ પત્રકો તેના પરિણામો

**9. ઉપયોગિતા :**

Attendance Congratulation કાર્ડ મૂલ્ય શિક્ષણ સાથે હાજરીનું પ્રમાણ ઊંચું લઇ જવા માટે તથા વધુ સંખ્યામાં બાળકો ૯૦ ટકાથી વધુ હાજર દિવસો શાળામાં હાજર રહે તે માટે પ્રોત્સાહન તરીકે આ ઈનોવેશનની ઉપયોગીતા સારી જોવા મળી છે.

**10. નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :**

આ નવતર પ્રયોગ ખુબ જ ઉત્સાહભેર અને પરીણામસભર હાલ સારી અને ચાલુ સ્થિતિમાં છે.



- ઇનોવેટરનુંનામ: ગજ્જર નિલેશકુમાર ધનશ્યામભાઈ.
- હોદો : મુખ્ય શિક્ષક
- શાળા/સંસ્થાનુંનામ: શક્તિનગર પે. સેન્ટર શાળા, રતનપર
- તાલુકો/SVS: વઢવાણ
- ~~ક્લસ્ટર/QDC~~:: શક્તિનગર પે. સેન્ટર શાળા, સુરેન્દ્રનગર.
- મોબાઈલનંબર : ૯998195261
- ઈમેલઆઈડી : OURSHAKTINAGARSCHOOL@gmail.com

નવતર પ્રયોગનું મુખ્યક્ષેત્ર: 3. શાળાવ્યવસ્થાપન અને શાળા ભાવા વરણવિકાસ

નવતર પ્રયોગનું પેટાક્ષેત્ર : શિક્ષકો/ વિદ્યાર્થીઓ/ આચાર્યો/વહીવટકર્તાઓના સારા માનસિક સ્વાસ્થ્ય માટેની મનો માવજત

- નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત તથા સામૂહિક
- નવતર પ્રયોગનો સમયગાળો : નવેમ્બર ૨૦૨૧ થી
- નવતર પ્રયોગ ક્યાં ધોરણ સાથે સંકળાયેલ છે ? : ધો - ૧ થી ૮
- નવતર પ્રયોગ સાથે સંકળાયેલ મુખ્ય અધ્યયન નિષ્પતિ ક્રમાંક :
  સ્વ રક્ષાણ કરતા શીખવું. તેમજ સારા, ખરાબ સ્પર્શ, ઈરાદા વચ્ચેનો ભેદ શોધી શકે છે અને વિગતો વચ્ચેના સબંધો સમજે છે અને ઉપયોગ કરે છે.
- વિભાગ : પ્રાથમિક
- ફોટોગ્રાફ / વિડીયોલિંક / કયુઆરકોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયોનો QR :
- ઇનોવેશનનું શીર્ષક : 'IS YOUR CHILD SAFE?'---- CAMPAIGN.'

**1. સમસ્યા :**

બાળ સુરક્ષા અંગે જાગૃતિનો અભાવ અને તેના કારણે બાળકની મનોદશા ઉપર થતી ગંભીર અસર.

**2. ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**

આજના આ કળિયુગમાં અને ખાસ કરીને આધુનીક યુગમાં માણસનાં મનને કોણ પારખી શક્યું છે એમાં પણ નાની કુમળા વયના બાળકોજ આવા જાતીય શોષણનો ભોગ બનવું અને આ બાબતથી બાળમાનસ સાવ અજાણ હોય છે. જેનો લાભ જાતીય વિકૃતિ ધરાવતા માણસો લે છે અને આવી જાતીય વિકૃતિનો ભોગ નાં બને અને શાળાના બાળકો આ બાબતે સતેજ બને અને કેવી રીતે તેનો વિરોધ કરવો એ બાબતે સજાગ કરવા વર્ષ ૨૦૨૧ થી આ કેમ્પેઈન શરુ કરવામાં આવ્યું.

**3. ઇનોવેશન માટેની પ્રયુક્તિ, સાધન સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :**

**પ્રયુક્તિ.: જૂથ ચર્ચા, વાર્તા કથન, રોલ પ્લે, આત્મરક્ષા ફિલ્મ દર્શન, સ્કાઉટ ગાઈડ સેમીનાર**

**સાધનસામગ્રી: ચાર્ટ, વિડીઓ....**

**સમયગાળો: નવેમ્બર ૨૦૨૧ થી. . .**

**અધ્યયન નિષ્પતિ: -**

**4. નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**

જે શાળામાં મારી બદલી થઇ ત્યાં ગામના લોકો છોકરીઓને ભણવા મોકલતા ન હતા. આચાર્ય તરીકે આ ગામમાં જતા થોડોક સમય નિરીક્ષણ કર્યું ત્યાર બાદ શિક્ષકોની મિટિંગ બોલાવી અને શાળામાં છોકરીઓની ગેરહાજરી અને અનિયમિતતાનું કારણ પૂછવામાં આવ્યું, જવાબ મળ્યો કે શાળની બાજુમાં રહેતા એક વ્યક્તિ દ્વારા શાળામાં આવતી નાની છોકરીઓને દારૂનું વ્યસન કરીને શારીરીક અડપલા કરવા જેવા ગંભીર પ્રશ્નો અવારનવાર બનાવ બનતા હતા અને આજના આ સમાજમાં રોજ બરોજ આવી જાતીય શોષણની ધટના બનતી હોય છે. ઘણી ધટના સમાજનાં બીકના માર્યા, કે જે જાતીય શોષણ કરે છે તે કુટુંબમાં અંગત વ્યક્તિજ હોય છે તો સમાજમાં આબરૂના કારણે ઘણી વખત આવી વાત દબાવી દેવામાં આવે છે જેની બાળમાનસ ઉપર ગંભીર આસર થાય છે.

જેથી ત્યારથીજ મનોમન નિર્ણય કરવામાં આવ્યો કે શાળાના તમામ બાળકોને એ પછી છોકરી હોય કે છોકરો દરેકને આ બાબતથી અવગત કરવા, કેવી બાબતને **"GOOD TOUCH"** કેવી બાબતને **"BAD TOUCH"** કહેવાય. તે સમજાવવા

શાળામાં ત્રણ ગ્રુપ જેમાં ૧. બાલવાટિકા, ધોરણ ૧ અને ધોરણ ૨ નાં બાળકો.૨. ધોરણ ૩ થી ધોરણ ૫ નાં બાળકો. અને ૩. ધોરણ ૬ થી ૮ નાં બાળકો ને સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. જે દ્વારા ધોરણ ૬ થી ૮ નાં બાળકો નાના બાળકોને ખુબજ સુંદર રીતે સમજાવતા થયા અને આ દ્વારા બાળકોને એક બીજા પ્રત્યેની જવાબદારી અને પ્રેમની લાગણી પણ બંધાણી, તેમજ આ બધુજ કાર્ય એક કમિટીના માર્ગદર્શન નીચે દેખરેખમાં કાર્ય કરવામાં આવતું. જેથી તે કેમ્પેઈન દ્વારા શાળાનાં બાળકોમાં શાળા પ્રત્યે અને શાળાનાં શિક્ષકો પ્રત્યે એક લાગણીનો સંબધ બંધાયો અને બાળકો ખાસ કરીને છોકરીઓ કોઈ પણ સંકોચ કે ડર વગર શાળાએ આવતી થઇ. શાળાની દીકરીઓને આત્મ રક્ષણ ની તાલીમ આપવામાં આવી. સ્કાઉટ ગાઈડ દ્વારા માર્ગદર્શન પણ આપવામાં આવ્યું. શાળા પરિવાર તેમજ વાલીગણ પણ આ બાબતે જાગૃત થાય તે માટે વાલીઓ માટે પણ અલગથી મિટિંગ રાખવામાં આવતી અને આપનું બાળક શું આવી કોઈ દુર્ઘટનાનો ભોગ તો નથી બન્યુંને તે બાબતે સજાગ કરવામાં આવતા. જેથી શાળાના ભાવાવરણમાં સુધારો થયો, શાળામાં અને આજુબાજુના વિસ્તારમાં અને આજુબાજુની શાળાઓમાં પણ આ **"GOOD TOUCH"**, **"BAD TOUCH"** દ્વારા **'IS YOUR CHILD SAFE ?'** કેમ્પેઈન શરુ કરવામાં આવ્યું છે. ત્યાર બાદ માર્ચ ૨૦૨૩ માં મારી નળિયા પ્રા.શાળા, તા. મુળી ખાતે બદલી થઇ જે સ્કુલમાં પણ આ કેમ્પેઈન ચાલુ રાખવામાં આવ્યું અને ધોરણ ૧ થી ૮ નાં તમામ બાળકોને સ્વ રક્ષણ, **"GOOD TOUCH"**, **"BAD TOUCH"**, ચાઈલ્ડ હેલ્પલાઇન 1098 અંતર્ગત દર શનિવારે માહિત ગાર કરવામાં આવતા.અને તે અંતર્ગત બાળકોને માર્ગદર્શિત પણ કરવામાં આવતા કે તમારો ઉત્તમ મિત્ર હમેશા તમારી માતા પિતા. ત્યાર બાદ તમારી શાળા કક્ષા એ તમારા શિક્ષક અને ઘણી વખત ત્યાં પણ જો આવું થાય તો તમારાં આચાર્યને પણ તરત જાણ કરો જે અંતર્ગત શાળાના આચાર્યના ટેબલ પાસે સુચન પેટી રાખવામાં આવી છે શાળા કક્ષાએ જો કોઈ પણ સમસ્યા થાય તો તરત જાણ કરવા સુચન પેટી માં ચિઠ્ઠી રાખવામાં આવે. જે પેટી નું નામ "મારી સમસ્યા" રાખવામાં આવ્યું હતું. ત્યાર બાદ એકાંતરે વાલી મીટીંગ તમેજ એસ.એમ.સી. મીટીંગમાં પણ આ બાબતે અવારનવાર સચેત કરી માર્ગ દર્શિત કરવામાં આવતા હતા. આ કેમ્પેઈન મારી ઓક્ટોબર ૨૦૨૪ માં શક્તિનગર પે.સે.શાળા રતનપર, સુરેન્દ્રનગર ખાતે બદલી થઇ ત્યાં પણ આ **"GOOD TOUCH"**, **"BAD TOUCH"** દ્વારા **'IS YOUR CHILD SAFE ?'** કેમ્પેઈન શરુ કરવામાં આવ્યું છે. શાળાના તમામ બાળકોને હાલ કોઈ પણ નાનામાં નાની સમસ્યા હોય તો પણ મારી પાસે બેજીજક આવી રજૂઆત કરે છે.

**5. મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુક્તિ વગેરેની વિગત) :**

**- અવલોકન અને અનુભવ.**

**6. લક્ષ્ય જૂથ અને લાભાર્થીની સંખ્યા :**

**- બાલવાટિકા થી ધોરણ 8 ના બાળકો. અંદાજીત સંખ્યા 700 .**

**- માતા પિતા ૨૫૦ થી વધુ**

**7. આપના ઇનોવેશનનો અમલ અન્ય શાળા દ્વારા કરવામાં આવ્યો હોય તો તેની વિગત:**

**૨૦૨૧ પછી , રાણીપાટ પ્રા. શાળા, જેપર પ્રા.શાળા , નવાણીયા પ્રા.શાળા નળિયા પ્રા.શાળા, શક્તિનગર પે.સે.શાળા**

**8. પરિણામો : (ડેટા સબંધિત -આધાર પુરાવા સાથે)**

**શાળાની સંખ્યામાં ઉત્તરોતર વધારો થયો. શાળા પ્રત્યે રસ રૂચી દાખવતા થયા. વાલી ગણનો વિશ્વાસ પ્રાપ્ત થયો.**

**9. ઉપયોગિતા:**

**10. નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :**

**હાલ દર શનિવારે બાળકોના વિભાગ પ્રમાણે શાળાના બાળકો સાથે તેમને પડતી સમસ્યાની ચર્ચા વિચારણા, તેનું સોલ્યુશન અને અન્ય શાળાના બાળકોને આ કેમ્પેઈનમાં કેવી રીતે જોડવા તે વિગતવાર આયોજન કરવામાં આવ્યું છે અને તે બાબતે "આત્મ રક્ષા" કમિટીની સમક્ષ એજન્ડા મુકવામાં આવ્યા છે. હાલ રતનપર વિસ્તારની તમામ શાળાઓમાં 'IS YOUR CHILD SAFE?'---- CAMPAIGN.' દ્વારા માહિતગાર કરવા પ્રયત્ન કરવામાં આવશે.**

❖ ઇનોવેટરનું નામ: વારિસભાઇ ટી. ભટ્ટા ❖ હોદો : મદદનીશ શિક્ષક



❖ શાળા/સંસ્થાનું નામ : સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા સરલા
❖ તાલુકો/SVS : મુળી/ન્હાનાલાલ શાળા વિકાસ સંકુલ
❖ ક્લસ્ટર/QDC : સરલા/માંડવરાયજી ક્યુડીસી ❖ મોબાઈલ નંબર : 9173186001
❖ ઈમેલ આઈડી : varisbhatta1985@gmail.com
❖ નવતર પ્રયોગનું મુખ્યક્ષેત્ર : NEP 2020 સંબંધિત
❖ નવતર પ્રયોગનું પેટાક્ષેત્ર : સેકંડરી સ્ટેજ સંબંધિત ઇનોવેટીવ અધ્યય્યન અધ્યાપન
❖ નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત
❖ નવતર પ્રયોગનો સમયગાળો : જુન 2022 થી આજ સુધી
❖ નવતર પ્રયોગ ક્યાં ધોરણ સાથે સંકળાયેલછે ? : ધોરણ 11 અને 12
❖ નવતર પ્રયોગ સાથે સંકળાયેલ મુખ્ય અધ્યયન નિષ્પતિ કમાંક : G 1007 ❖ વિભાગ : ઉ. માધ્યમિક
❖ ઇનોવેશનનું શીર્ષક : સંદર્ભ સાહિત્યનો સેતુ

1. સમસ્યા: શાળાના બાળકોમાં વાંચન પ્રત્યે ઉદાસિનતા જોવા મળતી હતી.

2. ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) : શાળામાં વિદ્યાર્થીઓ ગ્રંથાલયનો ઓછો ઉપયોગ કરતા હતા. અભ્યાસક્રમ સિવાયનું ઇત્તર વાંચન જોવા મળતુ ન હતુ.

3. ઇનોવેશન માટેની પ્રયુક્તિ, સાધન સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :

પ્રયુક્તિ : વાંચન અભિમુખતા
સાધનસામગ્રી : સંદર્ભ પુસ્તકો
સમયગાળો : જૂન2022 થી....
અધ્યયન નિષ્પતિ : G 1007 વિદ્યાર્થીઓ કાવ્ય,નિબંધ નિબંધ,નવલિકા વિશે સમજે છે અને આત્મસુઝથી લખે છે.

4. નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન : આ નવતર પ્રયોગ અંતર્ગત ધોરણ 11 અને 12 ના વિદ્યાર્થીઓને અભ્યાસક્રમમાં આવતી કૃતિઓ જે મુળ સંદર્ભ ગ્રંથ માંથી લેવામાં આવી છે તેના તરફ બાળકો ને લઇ જવામાં આવે છે.વિદ્યાર્થીઓ અભ્યાસમા આવતી પોતાને ગમતી કવિતા કે વાર્તાને ભણ્યાં પછી પોતાના પ્રિય સર્જકનું સાહિત્ય વાંચન તરફ અભિમુખ બને છે.શિક્ષક તરીકે વિદ્યાર્થીઓને રેફરન્સ બુક પુરી પાડીને વિદ્યાર્થોને વાંચન અને લેખન તરફ આ ઇનોવેશનના માધ્યમથી અભિમુખ કરવાઆં આવે છે.

5. મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુક્તિ વગેરેની વિગત) : અવલોકન, સારાંશ લેખન

6. લક્ષ્ય જૂથ અને લાભાર્થીની સંખ્યા : ધોરણ 11 અને 12

7. આપના ઇનોવેશનનો અમલ અન્ય શાળા દ્વારા કરવામાં આવ્યો હોય તો તેની વિગત : ના

8. પરિણામો : (ડેટા સબંધિત - આધાર પુરાવા સાથે)

- વિદ્યાર્થીઓ અભ્યાસક્રમ સિવાયનું વાંચતા થયા,વાંચનને આધારે વિદ્યાર્થીઓ એની મૌલિક લેખન શક્તિનો વિકાસ થયો. જે પુસ્તક વાંચે તેના રિવ્યુ લેખન માટેની ક્ષમતાનો વિકાસ થયો.

9. ઉપયોગિતા : વિદ્યાર્થીઓમાં વાંચન ક્ષમતાનો વિકાસ થાય છે. વાંચનને આધારે વ્યક્તિત્વ વિકાસ થાય છે. સારા વિચારોનું વાવેતર થાય છે. લેખન ક્ષમતા વિકસે છે.

10. નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :

હાલ નવતર પ્રયોગ શરુ છે, સારી સ્થિતિમાં છે અને કાર્યરત છે.

❖ ઇનોવેટરનું નામ : ગઢવી મયુર જબરદાન ❖ હોદો : મદદનીશ શિક્ષક

❖ શાળા/સંસ્થાનું નામ : નળિયા પ્રાથમિક શાળા ❖ તાલુકો/SVS : મુળી

❖ ક્લસ્ટર/~~QDC~~: જશાપર ❖ મોબાઈલનંબર : 9265872224/9023163637

❖ ઈમેલઆઈડી : mayurgadhavi5@mail.com



❖ નવતર પ્રયોગનું મુખ્યક્ષેત્ર : 2. ડિઝીટલટેક્નોલોજીઆધારિત

❖ નવતર પ્રયોગનું પેટા ક્ષેત્ર : b. Artificial Intelligence (AI)નો શિક્ષણ / મૂલ્યાંકનમાં ઉપયોગ

❖ નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

❖ નવતર પ્રયોગનો સમયગાળો : જૂન-2024 થી શરુ

❖ નવતર પ્રયોગ ક્યાં ધોરણ સાથે સંકળાયેલ છે ? : ધો- ૬ થી ૮

❖ નવતર પ્રયોગ સાથે સંકળાયેલ મુખ્ય અધ્યયન નિષ્પતિ કમાંક : - ❖ વિભાગ : પ્રાથમિક

❖ ફોટોગ્રાફ / વિડીયોલિંક / કયુઆરકોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયોનો Q R :

❖ ઇનોવેશનનુંશીર્ષક : ગણિતની પ્રેક્ટીસ માટે વેબસાઈટ ડીઝાઈનીંગનો ઉપયોગ

**1. સમસ્યા :**

શાળા સમયની મર્યાદાનાં કારણે ગણિતમાં દાખલાઓની પ્રેક્ટીસનો અભાવ.

**2. ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**

ધોરણ ૬ થી ૮ નાં વિદ્યાર્થીઓમાં ગણિતનો કોઇપણ મુદ્દો શીખવ્યા બાદ પુરતી પ્રેક્ટીસ ન મળવાના કારણે જે તે મુદ્દામાં કચાસ જોવા મળતી હતી. શૈક્ષણિક પ્રક્રિયામાં બાળકોમાં વર્ગ વ્યવહારમાં ગણિત પ્રત્યે ડર અને અને પ્રેક્ટીસનો અભાવ જોવા મળતો હતો. જેના નિવારણ માટે વેબસાઈટ ડીઝાઈનીંગ દ્વારા પ્રેક્ટીસ વધારવાની જરુરીયાત લાગી.

**3. ઇનોવેશન માટેની પ્રયુક્તિ, સાધન સામગ્રી, સમયગાળો અને લક્ષ્ય જૂથ :**

પ્રયુક્તિ : ICT દ્વારા લર્નિંગ.: HTML,CSS, JavaScript દ્વારા પ્રોગ્રામિંગ

સાધનસામગ્રી : કોમ્પ્યુટર, KompoZer સોફ્ટવેર,

સમયગાળો : જૂન-૨૦૨૪ થી શરુ

અધ્યયન નિષ્પતિ : -

**4. નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**

આ કાર્ય માટે મેં વેબસાઈટ બનાવવાનું નક્કી કર્યું. વેબસાઈટ અને વેબ પેજીઝ બનાવવા માટે HTML નો ઉપયોગ તો કરવો જ પડે. અને ડીઝાઈનીંગ માટે CSS પણ જરુરી છે. આ બંને સુવિધા કોમ્પોઝર નામના સોફ્ટવેર માં ઉપલબ્ધ છે. આથી કોમ્પોઝર વેબ એડિટરનો ઉપયોગ કરી સૌપ્રથમ હોમ પેઈજની ડીઝાઈન તૈયાર કરી. ત્યારબાદ બાદ દરેક અલગ અલગ મોડ્યુલના પેઈજીઝ માટે JavaScript નો ઉપયોગ કરી પ્રોગ્રામીંગ કર્યું. આમ હાલ આ વેબસાઈટમાં નીચેનાં મુદાઓ આવરી લીધા છે.

(૧) વિભાજ્યતાની ચાવીઓ
(૨) અવિભાજ્ય સંખ્યાઓ
(3) અવયવ શોધો
(૪) FLN પેપર
(૫) પૂર્ણાંક નાં સરવાળા/બાદબાકી
(૬) પૂર્ણાંક નાં ગુણાકાર/ભાગાકાર
(૭) લ.સા.અ. શોધો
(૮) અવિભાજય અવયવની રીતથી વર્ગમૂળ/ઘનમૂળ

**5. મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુક્તિ વગેરેની વિગત):**

અવલોકન, વ્યક્તિગત પ્રશ્નોત્તરી, પેપર દ્વારા

**6. લક્ષ્ય જૂથ અને લાભાર્થીની સંખ્યા :**

ધોરણ ૬ થી ૮ નાં ૩૦ વિદ્યાર્થીઓ

**7. આપના ઇનોવેશનનો અમલ અન્ય શાળા દ્વારા કરવામાં આવ્યો હોય તો તેની વિગત:**

હા. મારા દ્વારા બનાવાયેલ મુળી તાલુકાની શાળાઓને (નવાણીયા, કુંતલપુર, વેલાળા, શક્તિનગર) વેબસાઈટ આપેલ છે.

**8. પરિણામો : (ડેટા સબંધિત -આધાર પુરાવા સાથે)**


- દાખાલાઓનો મહાવરો વધવાથી દાખલા ગણવામાં ચોકસાઈ વધી.
- દાખલાની રકમ પ્રોગ્રામ દ્વારા ઓટો જનરેટ થતી હોવાને કારણે અધ્યયન પ્રક્રિયા ઝડપી બની.
- વિદ્યાર્થીઓ ઘેર જઈ જાતે મોબાઈલ દ્વારા રકમ જનરેટ કરી પ્રેક્ટીસ કરતા થયા.
- Internet અને કોમ્પ્યુટરના ઉપયોગનાં કારણે વિદ્યાર્થીઓ માં વિષય પ્રત્યેનો રસ વધ્યો.
- જ્ઞાન સાથે ટેકનોલોજીનો ઉપયોગ થતો હોવાને કારણે વિદ્યાર્થીઓમાં રસ વધ્યો અને હાજરીનું પ્રમાણ પણ વધ્યું.

**9. ઉપયોગિતા :**

- ગણિતમાં મહાવરો વધે છે.
- કોમ્પ્યુટર અને internet ટેકનોલોજીથી જાણકાર બને છે.
- જ્ઞાનાત્મક કૌશલ્ય વિકસે.
- અભ્યાસમાં બાળકોમાં રસ,રુચિ વધે છે
- શીખેલું જ્ઞાન તાજું રહે છે.
- પ્રાથમિક શિક્ષણનો પાય પાકો કરવા મહત્વનો ભાગ ભજવે છે.

**10. નવતરપ્રયોગનીવર્તમાનસ્થિતિ :**

શરુ જ છે. અને સારી સ્થિતિમાં છે. કાર્યરત પણ છે. દરરોજ શાળામાં ફ્લેટ પેનલ ટીવી દ્વારા FLN અંતર્ગત દાખલાઓની પ્રેક્ટીસ કરે છે.





❖ ઈનોવેટરનું નામ : પ્રજાપતિ વિષ્ણુભાઈ ચમનભાઈ ❖ હોદો : મદદનીશ શિક્ષક

❖ શાળા/સંસ્થાનું નામ : શ્રી નાના પાળીયાદ પ્રાથમિક શાળા ૧ ❖ તાલુકો/SVS : ચોટીલા

❖ ક્લસ્ટર/~~QDC~~ : ચોટીલા ૧ ❖ મોબાઈલનંબર: ૯૭૨૭૮૫૪૬૭૦

❖ ઈમેલ આઈડી : jaykumarvcprajapati@gmail.com

❖ નવતર પ્રયોગનું મુખ્યક્ષેત્ર: 5 ❖ નવતર પ્રયોગનું પેટા ક્ષેત્ર: શૈક્ષણિક નવતર પ્રયોગ

❖ નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

❖ નવતર પ્રયોગનો સમયગાળો : જુલાઈ ૨૦૨૪ થી ચાલુ

❖ નવતર પ્રયોગ ક્યાં ધોરણ સાથે સંકળાયેલ છે ? : ધોરણ ૬ થી ૮

❖ નવતર પ્રયોગ સાથે સંકળાયેલ મુખ્ય અધ્યયન નિષ્પતિ ક્રમાંક : ૪.૬.૯. ૪.૭.૧૧ ૪.૮.૩

❖ વિભાગ : પ્રાથમિક

❖ ફોટોગ્રાફ / વિડીયોલિંક / ક્યુઆરકોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયોનો QR :

❖ ઈનોવેશનનું શીર્ષક : ચિત્રો દ્વારા બાળકો ને વિવિધ વસ્તુઓની સમજ...

**1. સમસ્યા :** અમારી શાળા નાધોરણ ૬ થી ૮ ના મોટા ભાગના બાળકો ને સંસ્કૃત અને અંગ્રેજી ભાષાના અમુક શબ્દો અને અર્થ યાદ રાખવામાં તકલીફ પડતી એક ભાષાના શબ્દ નો અર્થ બીજી ભાષા બદલાઈ જાય છે જેમ કે ગુજરાતી માં સસલું .સંસ્કૃત ના શશક અંગ્રેજી માં રેબિટ ...આવા ઘણા બધા એવા શબ્દો છે જેનો દરેક ભાષામાં અલગ અલગ ઉચ્ચાર થાય છે

**2. ઈનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :** ધોરણ ૬ થી૮ના ૪૦ % બાળકોને આ બાબતમાં સમસ્યા હતી લેખન સમયે કે મૌખિક જવાબો આપવા માટે યોગ્ય શબ્દ મળી રહેતા હતા. આ પ્રયુક્તિ થી બાળકો ને લાભ થયો છે બાળકો ની સમયાન્તરે વિવિધ કસોટીઓ પણ લેવામાં આવી છે. જેના પરિણામોમાં પણ સુધારો જણાયો.

3. ઈનોવેશન માટેની પ્રયુક્તિ, સાધનસામગ્રી, સમયગાળો અને લક્ષ્ય જૂથ :

પ્રયુક્તિ.....

સાધનસામગ્રી : વિવિધ ફળો, ફૂલો, વિવિધ પ્રાણીઓ વગેરે ના ચિત્રો, બોર્ડ તથા હિન્દી, અંગ્રેજી, ગુજરાતી તથા સંસ્કૃત ભાષામાં આવતા નામ વાળા કાર્ડ,પાઠમાં આવતા ચિત્રો.

સમયગાળો : જુલાઈ ૨૦૨૪ થી કાર્યરત

અધ્યયન નિષ્પતિ : ૪.૬.૯, ૪.૭.૧, ૪.૮.૩

નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :

આ પ્રયુક્તિમાં સૌ પ્રથમ ચાર ભાષા માં બનવેલા પ્રશ્ન વાચક વાક્યના શરૂઆત ના શબ્દો જેવા કે આ ...યહ .What જેવા શબ્દો મુકવામાં આવશે તેની બાજુ માં પ્રાણી કે પક્ષી નું ચિત્ર મુકવામાં આવશે .અને છેલ્લે વાક્ય પૂર્ણ કરવા માટે ભાષા ને અનુરૂપ હૈ , છે . અસ્તિ જેવા શબ્દો મુકવામાં આવશે, જયારે કોઈ બાળક ઉભા થઇ બોર્ડ પાસે આવશે ત્યારે શિક્ષક દ્વારા આગળ ના પ્રશ્ન વાચક શબ્દ ને મુકવામાં આવશે.બાળક દ્વારા સામે મુકેલા ચિત્રો માંથી લાગુ પડતું ચિત્ર મૂકવા માં આવશે જેથી અર્થપૂર્ણ વાક્ય બનશે. બાળક ચિત્ર ની સાથે સાથે તેનો ગુજરાતી અર્થ અંગ્રેજી અર્થ ,સંસ્કૃત અર્થ પણ કાર્ડ માંથી શોધી બોર્ડ પર લગાવશે .આમ ચિત્ર એક રહેશે પણ ભાષા મુજબ વાક્ય ની શરૂઆતના શબ્દો અને ચિત્ર માટે બીજી ભાષા માટે કયો શબ્દ લાગુ પડે તે બાળકને જાણવા મળી જશે.વર્ગના બાળકો કેટલા સમયમાં જલ્દી પૂરું કરી શકે છે જાણવા મળે છે આનાથી બાળકો માં તંદુરસ્ત હરીફાઈ જોવા મળશે .બાળકો રીશેષ કે અન્ય સમયમાં પણ આ પ્રયુક્તિથી શીખી શકે છે. આ પ્રવૃત્તિમાં વર્ગના હોશિયાર બાળકોની મદદ પણ લઈ શકાય.

**3. મૂલ્યાંકનનીવિગતો (મૂલ્યાંકનઉપકરણ, પ્રયુક્તિવગેરેનીવિગત) :** આ પ્રયુક્તિ થી બાળકો રમતા રમતા અને બોર્ડ પર ચિત્રો ગોઠવી જાતે જ સાચા શબ્દો અને અર્થ શોધી શકે છે.મૌખિક કસોટી અને લેખિત કસોટી માં પણ બાળકોના જવાબો માં સુધારો જોવા મળેલ છે.

**4. લક્ષ્યજૂથઅનેલાભાર્થીનીસંખ્યા :** આ પ્રયુક્તિનો લક્ષ્ય ધોરણ ૬ થી ૮ ના એવા બાળકો હતા જેઓને અમુક શબ્દો અને તેના અર્થ વિશે જાણકારી ના હતી, જેથી ધોરણ ૬ થી ૮ના 30 જેટલા બાળકોએ લાભ લીધો.

**5. આપના ઈનોવેશનનો અમલ અન્ય શાળા દ્વારા કરવામાં આવ્યો હોય તો તેની વિગત :** આ પ્રયુક્તિ નો અન્ય શાળા માં ઉપયોગ કરવામાં આવ્યો નથી .

**6. પરિણામો :** (ડેટાસબંધિત -આધારપુરાવાસાથે) : આ પ્રયુક્તિથી શાળા ના બાળકોને ખુબ જ ફાયદો થયો છે વર્ગના જે બાળકોને બધા શબ્દો યાદ રાખવામાં તકલીફ પડતી હતી તે ૧૧ બાળકો સરળતાથી યાદ રાખી શકતા હતા હવે ૬૦ % જેટલા બાળકો આ પ્રયુક્તિથી સરળતાથી શીખી શક્યા.

**7. ઉપયોગિતા :**

આ પ્રયુક્તિના આધારે બાળકોને સંસ્કૃત તથા બીજી ભાષામાં પણ વિવિધ વસ્તુ જેવી કે પ્રાણીઓ,પક્ષીઓ,ફળ ફ્રુટ શાકભાજી ,ઘરવપરાશની વસ્તુઓ માટે વિવિધ ભાષામાં વપરાતા શબ્દોની સાચી સમજ મળે છે અને જાતે કરતા હોવાથી સરળતાથી યાદ રહી જાય છે

**8. નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :** હાલની પરિસ્થિતિએ આ પ્રયુક્તિ ધોરણ ૬ થી ૮ માં ચાલુ છે અને બાળકો તેનો લાભ લઈ રહ્યા છે .

❖ ઇનોવેટરનું નામ : મકવાણા ચાંદની એચ. ❖ હોદો : મદદનીશ શિક્ષક



❖ શાળા/સંસ્થાનું નામ : શ્રી ઉત્તર બુનિયાદી કન્યા વિદ્યાલય ભીમોરા

❖ તાલુકો/SVS : ચોટીલા/મહાત્મા ગાંધી શાળા વિકાસ સંકુલ ❖ ક્લસ્ટર/~~QDC~~ : ચોટીલા

❖ મોબાઈલ નંબર : 8866103003 ❖ ઈમેલ આઈડી : makawanachandani1@gmail.com

❖ નવતર પ્રયોગનું મુખ્યક્ષેત્ર : સેકન્ડરી સ્ટેજ સબંધિત ઇનોવેટીવ અધ્યયન અધ્યાપન પ્રક્રિયા અને મૂલ્યાંકન

❖ નવતર પ્રયોગ સામુહિક કરેલછે કે વ્યક્તિગત : વ્યક્તિગત

❖ નવતર પ્રયોગનો સમયગાળો : ત્રણ વર્ષ

❖ નવતરપ્રયોગ ક્યાં ધોરણ સાથે સંકળાયેલ છે ? : ૯ થી ૧૨

❖ નવતરપ્રયોગ સાથે સંકળાયેલ મુખ્ય અધ્યયન નિષ્પતિ કમાંક : G 0914

❖ વિભાગ: માધ્યમિક અને ઉ.માધ્યમિક

❖ ઇનોવેશનનું શીર્ષક : 'ગોતી લ્યો...'

**૧. સમસ્યા :** શાળાના વિદ્યાર્થીઓમાં સાહિત્ય અને સાહિત્યકારો તેમજ ગદ્ય,પદ્ય,વ્યાકરણ ,લેખન તેમજ વાંચનમાં રસ જોવા મળતો ન હતો જેને દુર કરવા આ નવતર પ્રયોગ અમલમાં મુકવામાં આવ્યો.

**૨. ઇનોવેશન પૂર્વેની સ્થિતિ:** બાળકોમાં ભાષા શિક્ષણ પ્રત્યે ઉદાસિનતા જોવા મળતી હતી.

**૩. ઇનોવેશન માટેની પ્રયુક્તિ,સાધન સામગ્રી સમયગાળો અને લક્ષ્યજૂથ :** પ્રયુક્તિ-સ્વ રચિત. ઉપકરણ:સાધન સામગ્રી તરીકે વિવિધ ચાર્ટનો ઉપયોગ કરવામાં આવેલ આ ઇનોવેશન ત્રણ વર્ષથી સતત કાર્યશીલ જોવા મળે છે.

**૪. અધ્યયન નિષ્પતિ:**

G 0914 જે તે કથનના અર્થઘટન અને અર્થપૂર્ણતા માટે વિવિધ શબ્દો ,શબ્દ સમૂહો રૂઢિપ્રયોગો અને શબ્દાવલિઓ સાંભળે છે અને જરૂર જણાય ત્યાં લખે છે.

**૫. નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :** 'ગોતી લ્યો....' શીર્ષક અંતર્ગત કરવામાં આવેલ આ નવતર પ્રયોગમાં શાળાના વિદ્યાર્થીઓને અલગ અલગ જૂથમાં વિભાજિત કરીને અભ્યાસક્રમ આધારિત પ્રશ્નોને આડી ચાવી અને ઉભી ચાવી એમ પઝલના(સુડોકુ) સ્વરૂપે ગોઠવીને બાળકોને સવાલના જવાબ શોધવાની પ્રક્રિયા સોંપવામાં આવે છે.સંગીતના સંગાથે બાળકો સરળતાથી સાહિત્ય,સાહિત્યકારો તેમજ વ્યાકરણ તેમજ ગદ્ય,પદ્ય જેવા કઠીન મુદ્દાઓના જવાબો સરળતાથી શોધીને સમજી શકે છે.

**૬. મૂલ્યાંકનની વિગતો :** બાળકો સ્વ મૂલ્યાંકન કરી જાતે અભ્યાસમાં આગળ વધી શકે છે.

**૭. લક્ષ્યજૂથ :** ધોરણ 9 થી 12 ના વિદ્યાર્થીઓ.

**૮. પરિણામો :** આ ઇનોવેશનના માધ્યમથી વિદ્યાર્થીઓ ભાષા શિક્ષણમાં રસ લેતાં થયા છે.નવી શિક્ષણનિતિ 2020 અંતર્ગત બાળકો જાતે સેલ્ફ લર્નિંગ કરી શકે છે.

**૯. ઉપયોગિતા :** આ ઇનોવેશનથી બાળકો ભાર વગરના ભણતરની સંકલ્પના તરફ આગળ વધી શકે છે.બાળકો પોતાના સમયે અભ્યાસ કરી શકે છે.રમતના માધ્યમથી ભાષા શિક્ષણમાં સજાગ બને છે.

**૧૦. નવતરપ્રયોગની વર્તમાનસ્થિતિ :** આ નવતર પ્રયોગ વર્તમાન સમયમાં પણ શાળામાં કાર્યરત છે.

❖ **ઇનોવેટરનું નામ :** માઢક મનિષાબેન નટવરલાલ ❖ **હોદો :** મદદનીશ શિક્ષક

❖ **શાળા/સંસ્થાનું નામ :** શ્રી નાની મોલડી પ્રા. શાળા ❖ **તાલુકો/SVS :** ચોટીલા

❖ **ક્લસ્ટર/~~QDC~~:** રેશમિયા ❖ **મોબાઈલ નંબર : 9925996046**

❖ **ઈમેલ આઈડી : madhakmanisha3@gmail.com**



❖ **નવતર પ્રયોગનું મુખ્યક્ષેત્ર :** 4 **વિદ્યાર્થીઓનો વ્યવસાયિક વિકાસ**

❖ **નવતર પ્રયોગનું પેટાક્ષેત્ર :** 4b/4c

❖ **નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત

❖ **નવતર પ્રયોગનો સમયગાળો :** જૂન – ૨૦૨૪

❖ **નવતર પ્રયોગ ક્યાં ધોરણ સાથે સંકળાયેલ છે ? :** ૬થી૮

❖ **નવતર પ્રયોગ સાથે સંકળાયેલ મુખ્ય અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક:**

ગુજરાતી – ૮.૨૬ / ૮.૦૨ / ૮.૦૪ / ૬.૪.૧ / ૭૦૮.૮ / ૭૦૪.૨

સંસ્કૃત – ૩.૬.૧ / ૨.૭.૨ / ૧.૭.૩ / ૩.૮.૧ / ૩.૮.૨

❖ **વિભાગ:** પ્રાથમિક ❖ **ફોટોગ્રાફ / વિડીયોલિંક / કયુઆરકોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયોનો QR :**

❖ **ઇનોવેશનનું શીર્ષક :** ૧.નાટ્યીકરણની શિક્ષણમાં ઉપયોગિતા ૨. નાટ્યીકરણ દ્વારા કૌશલ્યનો વિકાસ

**1. સમસ્યા:**

1. સ્ટેજપર્ફોર્મન્સ ન કરી શકવુ.
2. શરમ સંકોચ અનુભવવી
3. નેતૃત્વ કર્યક્ષમતા ઓછી.
4. આરોહ- અવરોહ સાથે ભાષા શૈલીમા રજુઆત ન કરી શકવી.
5. શુદ્ધ ઉચ્ચારણમાં તકલીફ.

**2. ઇનોવેશનપૂર્વેની સ્થિતિ (ડેટાઅનેતેસબંધીઆધાર-પુરાવા) :**

શૈક્ષણિક પ્રક્રિયામાં બાળકોમાં શુદ્ધ ઉચ્ચારણ, સ્ટેજ પર્ફોર્મન્સ, નેતૃત્વનો અભાવ, ઉભા થઇને બોલવામા સંકોચ, મૌખિક પ્રશ્નોના જવાબ ન આપી શકવા, વગેરે... વર્ગમાં જોવા મળતા જેના નિવારણ માટે નાટ્યીકરણ અભિગમનો ઉપયોગ કરવામા આવ્યો છે.

**3. ઇનોવેશન માટેની પ્રયુક્તિ, સાધન સામગ્રી, સમયગાળો અને લક્ષ્ય જૂથ :**

**પ્રયુક્તિ :** દ્રશ્ય – શ્રાવ્ય, નિદર્શન, મૌખિક પ્રશ્નોતરી

**સાધનસામગ્રી :** ચાર્ટ-પેપર, રંગીન કાગળો, પુઠ્ઠા, કાતર, ગુંદર, વગેરે જેવી જરૂરિયાત મુજબ સામગ્રી.

**સમયગાળો : જૂન- 2024 થી**

**અધ્યયન નિષ્પત્તિ:** ગુજરાતી –૮.૨૬ / ૮.૦૨ / ૮.૦૪ / ૬.૪.૧ / ૭૦૮.૮ / ૭૦૪.૨

**સંસ્કૃત – ૩.૬.૧ / ૨.૭.૨ / ૧.૭.૩ / ૩.૮.૧ / ૩.૮.૨**

**૪. નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**

આ નવતર પ્રયોગ એક વર્ષથી કરવામા આવેલ છે. હાલ પણ આ પ્રયોગ ચાલુ જ છે. આ પ્રયોગ દ્વારા બાળકોને વિષય વસ્તુમા રસ- રૂચી કેળવાય, શરમ સંકોચ દુર થાય, જેંડર બાયસ દૂર થાય, અને એકમ સરળતાથી સમજી શકે છે. અને મૌખિક પ્રશ્નોના જવાબ સરળતાથી આપી શકે છે. જ્યારે કોઇ એકમમાં મોહરા કે પુઠ્ઠાના પ્રોપ્સની જરૂર પડે છે ત્યારે બાળકો જાતે જ બનાવી તેની

રજુઆત સારી રીતે કરી શકે છે.

આમ, નાટ્યીકરણ દ્વારા એકમમાં આવતા સંવાદો, પદ્યો, શ્લોકો કંઠસ્થ કરી આરોહ અવરોહ સાથે તથા હાવ-ભાવ સાથે રજુ કરી શકે છે. આમ વિષય વસ્તુનુ જ્ઞાન બાળકો સરળ રીતે સમજી શકે છે તથા તેનો ડર પણ દુર થાય છે.

**૫. મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુક્તિ વગેરેની વિગત)**

૧. મૌખિકપ્રશ્નોતરી.

૨. પાત્રો વિશે ટુંકીનોંધ.

૩. સંસ્કૃતમાં શ્લોકો કંઠસ્થ કરવા.

૪. સંવાદો મૌખિક રીતે રજુ કરવા.

૫. અવલોકન કરવુ.

**6. લક્ષ્ય જૂથ અનેલાભાર્થીની સંખ્યા :**

ધોરણ 6 થી 8 – સંખ્યા 60

**7. આપના ઇનોવેશનનો અમલ અન્ય શાળાદ્વારા કરવામાં આવ્યો હોયતો તેનીવિગત :**

૪થીપ શાળાઓમાં નાટકોના વિડિયો મોકલાવેલ અને તેનો તેની શાળામાં અમલ કરવા કહેલ અને જરુર પડે ત્યા ઉપયોગ થવા પણ કહેલ છે.

**8. પરિણામો : (ડેટાસબંધિત –આધારપુરાવા સાથે)**

1. જાતે કરેલુ ઝડપથી યાદ રહેવુ.
2. જેંડર બાયસ યથાર્થ નિવડે છે.
3. સહકારની ભાવના કેળવાય છે.
4. વિષય વસ્તુ પ્રત્યે રસ - રૂચિ કેળવાય છે.
5. શિક્ષણની ગુણવત્તા સુધરવામા અસરકારક બની છે.
6. નાટક્ના માધ્યમથી બાળકોને 50% યાદ રહે છે.

**9. ઉપયોગિતા :**

➢ મેં વાચ્યું ભુલાય ગયુ, મે જોયું યાદ રહ્યુ, પણ મે જ્યારે જાતે કર્યુ તો મને સમજાઈ ગયુ.

1. નાટ્યીકરણ દ્વારા વિષયોનુ કૌશલ્ય વધે છે.
2. ગેરહાજર રહેતા બાળકોનુ પ્રમાણ ઘટ્યુ છે.
3. અધ્યયન નિષ્પતી સરળતાથી સિદ્ધ કરી શકાય છે.
4. સંસ્કૃતના શ્લોકો અને સંવાદો પોતાની શૈલીમાં રજુ કરી શકે છે.
5. અભ્યાસમાં બાળકોને રસ – રૂચી વધે છે.
6. નાટ્યીકરણ એ શિક્ષણમાં મહત્વ નો ભાગ ભજવે છે.

**10. નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :**

નવતર પ્રયોગ શરુ જ છે. આ નવતર પ્રયોગમાં બાળકોના વિડિયો પણ બનાવેલ છે.



❖ ઈનોવેટરનું નામ : દશરથભાઈ ડી. પટેલ ❖ હોદ્દો : મદદનિશ શિક્ષક

❖ શાળા/સંસ્થાનું નામ : ચોટીલા-3 પ્રા.શાળા ❖ તાલુકો/SVS : ચોટીલા ❖ ક્લસ્ટર : ચોટીલા-૩

❖ મોબાઈલ નંબર : ૯૯૭૮૨૭૬૫૭૫ ❖ ઈમેલ આઈડી : dasharath.patel02@gmail.com

❖ નવતર પ્રયોગનું મુખ્ય ક્ષેત્ર : શાળા વ્યવસ્થાપન / ભાવાવરણ વિકાસ

❖ નવતર પ્રયોગનું પેટાક્ષેત્ર : અસરકારક શાળા / વર્ગખંડ વ્યવસ્થાપન

❖ નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

❖ નવતર પ્રયોગનો સમયગાળો : જુન ૨૦૨૨ થી આજ દિવસ સુધી

❖ નવતર પ્રયોગ ક્યાં ધોરણ સાથે સંકળાયેલ છે ? : બાલવાટિકા અને ધોરણ ૧ થી ૮

❖ નવતર પ્રયોગ સાથે સંકળાયેલ મુખ્ય અધ્યયન નિષ્પતિ ક્રમાંક :

❖ વિભાગ : પ્રાથમિક

❖ ફોટોગ્રાફ / વિડીયો લિંક / ક્યુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયોનો QR :

❖ ઈનોવેશનનું શીર્ષક : વર્તમાનપત્રોનો શિક્ષમાં નવતર પ્રયોગ.

**1. સમસ્યા :** વિદ્યાર્થીઓ શિક્ષણમાં કંટાળો કે થાક માનસિક તણાવ અને શાળામાં અનિયમિત કે સતત ગેરહાજરી.

**2. ઈનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**

શાળાએ આવવુ ગમે નહિ સતત ગેરહાજરી જોવા મળતી, અભ્યાસમાં કચાશ જોવા મળી. શાળાએ મન ગમતી પ્રવુતિ કરવા મળે તો તેને શાળાએ આવવુ અને ટકી રહેવુ ગમે તે બાબતની ચર્ચા કરવામાં આવતી. ગેરહાજર રહેતા વિદ્યાર્થીના વાલી સંપર્ક રજિસ્ટરો અને ફોટો ગ્રાફ આધાર પુરાવા તરીકે ફાઈલ કરેલ છે.

**3. ઈનોવેશન માટેની પ્રયુક્તિ, સાધન સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :**

પ્રયુક્તિ : વર્તમાન પત્રો એકત્ર કરવા અને એમાંથી વિદ્યાર્થીઓ ને ગમે અને શિક્ષણમાં ઉપયોગી થાય તેવા કટિંગ એકત્ર કરી જુની લખાઇ ગયેલી નોટબુકમાં ચોંટાડીબાળકોને નવરાશની પળોમાં વાંચવા માટે ઉપલબ્ધ કરવા.

સાધનસામગ્રી : જુના વર્તમાન પત્રો, કાતર, ફેવિકોલ,જુની લખાઇ ગયેલી નોટબુક, દોરી, સ્ટેપલર, પ્લાસ્ટિક કાગળનાં પુંઠા, માર્કર પેન વગેરે.......

સમયગાળો : જુન ૨૦૨૨ થી શ્રી ભોજપરી પ્રા.શાળામાં અને સપ્ટેમ્બર ૨૦૨૪ થી ચોટીલા-3 પ્રા.શાળામાં

નોંધ : વર્ષ : ૨૦૦૯ ના પ્રથમ ગુણોત્સવના સમયગાળામાં શ્રી મઘરીખડા પ્રા.શાળામાં આ પ્રવુતિ વડે બાળકો નિયમિતતા અને વાંચન, ગણન, લેખનમાં ખુબ સારો એવો સુધારો જોવા મળ્યો હતો.

અધ્યયન નિષ્પતિ : તમામ ધોરણના તમામ વિષયો માં સહ અભ્યાસિક પ્રવુતિ તરીકે ઉપયોગી થાય છે.

**3. નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**

૫ રુપિયાનું છાપુ ૨૫ પૈસાનું થઇ જાય છે. વેસ્ટમાંથી બેસ્ટ બનાવી શિક્ષણમાં ઉપયોગ થાય અને વિદ્યાર્થીઓ રસ રુચિ સાથે નવરાશની પળોમાં વાંચન કરી પોતાની જ્ઞાનશક્તિમાં વધારો કરી શકે તેવા સાહિત્યનું નિર્માણ કરેલ છે.

**4. મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુક્તિ વગેરેની વિગત) :** અવલોકન, નિરીક્ષણ, જાત અનુભવ, મૌખિક પ્રશ્નોતરી, નિયમિતતા

**5. લક્ષ્ય જૂથ અને લાભાર્થીની સંખ્યા :**

શ્રી ભોજપરી પ્રા.શાળાના ૭૦ થી વધુ સંખ્યા અને શ્રી ચોટીલા-૩ પ્રા.શાળાના ૨૦૦થી વધૂ સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપયોગ કરે છે. અન્ય શાળાના વિદ્યાર્થીઓને પણ ઉપયોગ કરવા માટે ઉપલબ્ધ કરવામાં આવે છે.

**6. આપના ઈનોવેશનનો અમલ અન્ય શાળા દ્વારા કરવામાં આવ્યો હોય તો તેની વિગત :** ના

**7. પરિણામો :** (ડેટા સબંધિત -આધાર પુરાવા સાથે) નવરાશની પળોનો વાંચનમાં ઉપયોગ કરે છે. શાળાએ આવવુ ગમે છે અને ભણવુ ગમે છે. શાળામાં નિયમિત હાજરી આપે છે. ગણિત, અંગ્રેજી જેવા કઠિન વિષયો શીખવા ગમે છે. દેશ વિદેશના સમાચારો, જોવાલાયક સ્થળો વિશે જાણે છે. સ્વયશિષ્ત જોવા મળે છે. ઉત્સવો, ઘટનાઓ, સરકારી કાર્યક્રમો, સ્થાનિક સમસ્યાઓ, સરકારી વિવિધ યોજનાઓ, મેળાઓ, કુદરતી અને માનવસર્જિત આપતિઓથી વાકેફ થાય છે.

**8. ઉપયોગિતા :** જ્ઞાનની દિશાઓ વિકસે છે. શિક્ષણમાં રસ રુચિ વધતા સાર્થકતા વધે છે. બાળકોની હાજરી નિયમિત થાય છે. જ્ઞાનાત્મક કૌશલ્યનો વિકાસ થાય છે. વર્તમાન પ્રવાહો અને સમાચારોથી માહિતગાર થાય છે. સંદર્ભ સાહિત્ય તરીકે ઉપયોગ કરે છે. ગમ્મત સાથે જ્ઞાન અને ભાર વગરનું ભણતર શિક્ષક વર્ગ બહાર કામે રોકાયા હોય ત્યારે વિદ્યાર્થીઓ સ્વઅધ્યયનથી શીખે છે. જાતે અને સ્વઅનુભવથી શીખતા જ્ઞાન દૃઢ અને સાર્થક થાય છે.
બાહ્ય પરીક્ષાઓ અને ક્વિઝ સ્પર્ધાઓમાં ઉતમ પરિણામ લાવે છે. વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની કળાનો વિકાસ થાય છે.

**9. નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :** આ પ્રવૃત્તિ નિયમિત ચાલુ જ છે, સારી સ્થિતિમાં છે અને ભવિષ્યમાં પણ ચાલુ જ રહેશે.

❖ ઇનોવેટરનું નામ : **ગઢવી મનિષાબેન કનુદાન** ❖ હોદો : **મદદનીશ શિક્ષક**



❖ શાળા/સંસ્થાનું નામ : **શ્રી એસ એચ ત્રિવેદી પ્રાથમિક શાળા નંબર ૭ થાનગઢ**

❖ તાલુકો/SVS : **થાનગઢ** ❖ ક્લસ્ટર/~~QDC~~: **થાન-3**

❖ મોબાઈલ નંબર : **૭૦૯૬૮૩૨૧૫૦**

❖ ઈમેલ આઈડી : **Mmanishagadhvi1978@gmail.com.**

❖ નવતર પ્રયોગનું મુખ્ય ક્ષેત્ર : 1-NEP 202 NCF FS SCF FS AND NCF SE સંબંધિત

❖ નવતર પ્રયોગનું પેટાક્ષેત્ર : જાદુઈ પિટારાનો ઇનોવેટિવ ઉપયોગ

❖ નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત : **વ્યક્તિગત**

❖ નવતર પ્રયોગનો સમયગાળો : **જૂન થી મે 2024**

❖ નવતર પ્રયોગ ક્યાં ધોરણ સાથે સંકળાયેલ છે ? : **ધોરણ છ થી આઠ**

❖ નવતર પ્રયોગ સાથે સંકળાયેલ મુખ્ય અધ્યયન નિષ્પતિ કમાંક :

**ધોરણ છ 6.18 6.4 6.15 6.28 6.17 6.16 6.21 6.33**

**ધોરણ સાત 7.32 7.5 7.16 7.28 7.30 ધોરણ આઠ 8.13 8.10 8.4 8.25 8.27** ❖ વિભાગ : પ્રાથમિક

❖ ફોટોગ્રાફ / વિડીયો લિંક / કયુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયોનો QR

❖ ઇનોવેશનનુંશીર્ષક : **રમતા રમતા અંગ્રેજી ભણીએ**.

**1. સમસ્યા :**

પાઠ્યપુસ્તકમાં આપેલી યુનિટ ની એક્ટિવિટીની સૂચનાઓ સમજવામાં મૂંઝવણ, અર્થગ્રહણ ઓછું થવાના કારણે એકમ કસોટી નું પરિણામ ઓછું જોવા મળતું, વર્ગનું વાતાવરણ અસરકારક નહોતું જોવા મળતું, અંગ્રેજી વિષય કંટાળાજનક અને ભાર રૂપ લાગતો, સાદી સૂચનાઓ સમજવામાં મુશ્કેલી, અંગ્રેજીનું ગુજરાતી અને ગુજરાતી નું અંગ્રેજી ન કરી શકવાના કારણે યોગ્ય રીતે જવાબ લખી કે આપી શકતા નહોતા.

**2. ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**

બાળકોમાં ઉત્સાહ જોવા મળતો નહીં, અંગ્રેજી 1પાઠ્યપુસ્તકમાં આપેલી યુનિટની એક્ટિવિટીમાં જે સૂચનાઓ અંગ્રેજીમાં હોય છે એ સમજી ન શકવાના કારણે યોગ્ય જવાબ આપી શકતા નહોતા, એકમ કસોટીમાં પરિણામ ઓછું જોવા મળતું, અસરકારક વર્ગખંડ જોવા મળતો નહીં, વાંચવામાં પડતી તકલીફ ના કારણે તેઓ વ્યવસ્થિત સમજી શકતા નહોતા

**3. ઇનોવેશન માટેની પ્રયુક્તિ, સાધન સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :**

પ્રયુક્તિ : પ્રયુક્તિ-નિદર્શન, અવલોકન, કથન, સ્વનિર્મિત..... ચર્ચા.

સાધનસામગ્રી : સ્કેચ પેન નકામા બોક્સ જૂની કંકોત્રી ના કાગળ અથવા નકામા કાગળ.

સમયગાળો : જૂન થી મે 2024..

અધ્યયન નિષ્પતિ : ધોરણ 6 : 6.18, 6.4, 6.15, 6.28, 6.17, 6.16.21, 6.33.

ધોરણ 7 : 7.32, 7.5, 7.16, 7.28, 7.30

ધોરણ 8 : 8.13, 8.10, 8.4, 8.25, 8.27..

બાળકો ફ્લેશ કાર્ડ દ્વારા વિવિધ રમતો દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા અર્થગ્રહણ કરી શકે છે સરળ પરથી કઠિન પર જઈ કાર્ય કરી શકે છે અર્થગ્રહણ કરી શકે છે આપેલી સૂચનાઓ સાંભળી પ્રત્યુતર આપી શકે છે ઉત્સાહથી આ પ્રવૃત્તિમાં જોડાય છે અંગ્રેજી વિષય ભારરૂપ લાગતો નથી

**4. મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુક્તિ વગેરેની વિગત) :**

અવલોકન નિરીક્ષણ મૌખિક પ્રશ્ન કથન. લક્ષ્યજૂથ અને લાભાર્થીની સંખ્યા :- ધોરણ 6 - 51 ધોરણ 7- 41 ધોરણ 8- 47

**5. આપના ઇનોવેશનનો અમલ અન્ય શાળા દ્વારા કરવામાં આવ્યો હોય તો તેની વિગત :**

ના

**6. પરિણામો : (ડેટા સબંધિત -આધાર પુરાવા સાથે) :**

બધા બાળકો જોડાય છે, અંગ્રેજી વિષય ભાગરૂપ કે કંટાળાજનક લાગતો નથી, નાની નાની પ્રવૃત્તિઓ અને રમતો દ્વારા પ્રશ્નોના જવાબ સુધી બાળકો કાર્ય કરી શકે છે, ગમ્મત સાથે જ્ઞાન મેળવી શકે છે, એકમ કસોટીમાં સારા ગુણ મેળવી શકે છે, શિક્ષણની ગુણવત્તામાં સુધારો જોવા મળે છે.

**7. ઉપયોગિતા :**

બાળકોનો ઉત્સાહ વધે છે, અંગ્રેજી વિષય ભારરૂપ કે કંટાળાજનક લાગતું નથી,અભ્યાસમાં રસરુચિ વધે છે, પાઠ્યપુસ્તકમાં આપેલી એક્ટિવિટી ની સૂચનાઓ સાંભળીને સમજી શકે છે, સમજી શકવાના કારણે તે સારું અર્થ ગ્રહણ કરી શકે છે, બાળકોનું અંગ્રેજી વિષયનું શબ્દ ભંડોળ વધે છે, અસરકારક વર્ગખંડ અને શિક્ષણકાર્ય જોવા મળે છે, જૂથ કાર્ય અને જોડી કાર્ય દ્વારા ભાવનાત્મક કૌશલ્ય જોવા મળે છે.

**8. નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :**

ચાલુ જ છે અને સારી સ્થિતિમાં છે કાર્યરત પણ છે.



❖ **ઇનોવેટરનું નામ :** જયેશકુમાર અશ્વિનભાઇ પાટડીયા ❖ **હોદો :** મદદનીશ શિક્ષક

❖ **શાળા/સંસ્થાનું નામ :** શ્રી તરણેતર પે સેન્ટર શાળા નં ૧ ❖ **તાલુકો/SVS :** થાનગઢ

❖ **ક્લસ્ટર/~~QDC~~ :** તરણેતર ❖ **મોબાઈલનંબર : 7984070165, 9879789060**



❖ **ઈમેલ આઈડી :** jpatadiya6@gmail.com

❖ **નવતર પ્રયોગનું મુખ્યક્ષેત્ર :** 5 ઉપરાંતના અન્ય શૈક્ષણિક નવતર પ્રયોગ

❖ **નવતરપ્રયોગનુંપેટાક્ષેત્ર :**

❖ **નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત

❖ **નવતર પ્રયોગનો સમયગાળો :** જાન્યુઆરી 2024 થી આજ સુધી

❖ **નવતર પ્રયોગ ક્યાં ધોરણ સાથે સંકળાયેલ છે ? :** ઉચ્ચ પ્રાથમિક ( ધો 6 થી 8)

❖ **નવતર પ્રયોગસાથે સંકળાયેલ મુખ્ય અધ્યયન નિષ્પતિ ક્રમાંક :** પત્રક B ❖ **વિભાગ :** પ્રાથમિક

❖ **ફોટોગ્રાફ / વિડીયોલિંક / કયુઆરકોડ / નવતરપ્રયોગનીપ્રક્રિયાનોવિડીયોનો QR :**

❖ **ઇનોવેશનનું શીર્ષક : મારો સંકલ્પ**

**1. સમસ્યા:** બાળકોમા નિયમિતતા તથા નૈતિકમૂલ્ય અને સ્વચ્છતા , આત્મવિશ્વાસ જેવા ગુણોનો અભાવ

**2. ઇનોવેશન પૂર્વે ની સ્થિતિ (ડેટાઅનેતેસબંધીઆધાર-પુરાવા) :** શૈક્ષણિક પ્રક્રીયામાં બાળકમાં આત્મવિશ્વાસ અને મૂલ્યોની ઉણપ જોવા મળતી હતી તે માટે આ ઇનોવેશન કરેલ છે.

**3. ઇનોવેશન માટેની પ્રયુક્તિ, સાધનસામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :**

**પ્રયુક્તિ :** પ્રવુત્તિ

**સાધનસામગ્રી :** કાગળ

**સમયગાળો :** જાન્યુઆરી 2024 થી આજ દિન સુધી

**અધ્યયન નિષ્પતિ : પત્રક B**

**3. નવતર પ્રયોગ નુંવિગતવાર વર્ણન :** મહીનાની 1 તારીખે બાળકને સંકલ્પ પત્રક આપવું અને સ્વેચ્છાએ સંકલ્પ કરવા અને પાળવા જણાવવું અને મહીનાના અંત મા પરત લેવું સંકલ્પ દ્વારા બાળકમાં થયેલ બદલાવ તેના જ શબ્દો માં જાણવો

**4. મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકનઉપકરણ, પ્રયુક્તિવગેરેનીવિગત) :** અવલોકન , નિરિક્ષણ ,મૌખિક પ્રશ્નોતરી..

**5. લક્ષ્યજૂથ અને લાભાર્થીની સંખ્યા :** ઉ. પ્રાથમિક =149

**6. આપનાઇનો વેશનનો અમલ અન્ય શાળા દ્વારા કરવામાં આવ્યો હોય તો તેની વિગત :** ના.

**7. પરિણામો : (ડેટાસબંધિત -આધારપુરાવાસાથે) :** આત્મવિશ્વાસમાં વધારો જોવા મળ્યો. નૈતિક મૂલ્યોમાં સુધાર. અભ્યાસ સામગ્રી સમાવિષ્ટ મૂલ્યો અને સિદ્ધાંતોને પોતાના જીવન સાથે સાંકળે છે. શિક્ષણપ્રત્યે હકારાત્મક વલણ ધરાવે છે. સારી ટેવો કેળવે છે. સ્વયં શિસ્ત કેળવે છે.

**8. ઉપયોગિતા :** ધોરણ ૬ થી ઉચ્ચ અભ્યાસ કરતા વિધ્યાર્થીઓ માટે આત્મવિશ્વાસ નૈતિક મૂલ્યો તેમજ ભાવાત્મક અને જીવનમાં હકારાત્મક વલણ વિકસાવવામાં મદદરુપ બને છે. જીવનમાં ધ્યેય પ્રાપ્ત કરવા માટે પ્રેરણા પુરી પાડે છે.

**9. નવતરપ્રયોગનીવર્તમાનસ્થિતિ :** શરુ જ છે. સારી સ્થિતિમાં છે. કાર્યરત છે.

❖ **ઇનોવેટરનું નામ :** ભરતકુમાર ત્રિકમભાઇ મહકાણા ❖ **હોદો :** મદદનીશ શિક્ષક



❖ **શાળા/સંસ્થાનું નામ :** શ્રી નારીચાણા ઉચ્ચ પ્રાથમિક શાળા
❖ **તાલુકો/SVS :** ધ્રાંગધ્રા ❖ **ક્લસ્ટર/~~QDC~~ :** મોટા અંકેવાળીયા
❖ **મોબાઈલ નંબર :** ૯૬૮૭૬૫૫૨૦૦ ❖ **ઈમેલ આઈડી :** suni,bharat@gmail.com
❖ **નવતર પ્રયોગનું મુખ્ય ક્ષેત્ર :** 4 . વિદ્યાર્થીઓનો વ્યાવસાયિક વિકાસ
❖ **નવતર પ્રયોગનું પેટાક્ષેત્ર :** ખાસ આવડત વિષે
❖ **નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત
❖ **નવતર પ્રયોગનો સમયગાળો :** જાન્યુઆરી 2024 થી
❖ **નવતર પ્રયોગ ક્યાં ધોરણ સાથે સંકળાયેલ છે ? :** ધો-૬,૭, ૮
❖ **નવતર પ્રયોગ સાથે સંકળાયેલ મુખ્ય અધ્યયન નિષ્પતિ ક્રમાંક :** -
❖ **વિભાગ :** પ્રાથમિક
❖ **ફોટોગ્રાફ / વિડીયો લિંક / કયુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયોનો QR :**
❖ **ઇનોવેશનનુંશીર્ષક : આવડતનો ઉપયોગ ફુડ એક્સપો ૨૦૨૪**

**1. સમસ્યા :** બાળકો પોતાની અંદર રહેલી ખાસ આવડતનો ઉપયોગ પોતાના જીવનમાં કરતા ન હતા.

**2. ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**

- બાળકો પાસે રહેલી ખાસ આવડતનો ઉપયોગ પોતાના જીવનમાં કેવી રીતે કરવો તેની ખબર ન હતી. જે બાળકો પાસે કંઇક નવુ છે તેને બહાર લાવી તેનો ઉપયોગ પોતાના જીવનમાં કરતા થાય તે માટે આ નવીનિકરણ કરવામાં આવ્યું.

**3. ઇનોવેશન માટેની પ્રયુક્તિ, સાધન સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :**

પ્રયુક્તિ : સમગ્ર શિક્ષણ પેડાગોજી : નિદર્શન, પ્રદર્શન, પોતાની જાત અનુભવનો ઉપયોગ
સાધનસામગ્રી : રસોઇ માટે જરુરીયાત મુજબનો સામાન .
સમયગાળો : ૧ જાન્યુઆરી ૨૦૨૪ થી . . . અધ્યયન નિષ્પતિ : -

**4. નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**

- ખાવાના શોખીન કોણ નથી ? આ પ્રશ્ન પ્રાર્થના સભામાં કરતા જ નવો વિચાર ફૂડ એક્સ્પો 2024 કરી ને ન્યુ સ્ટાટઅપ બાળકો દ્વારા કરવામાં આવ્યું.
- બાળકો ઘરેથી અથવા શાળામા આવી ને પોતાના સ્ટોલ બનાવી ખાવાની નવી નવી વાનગી બનાવી અને શાળાના જ બાળકો ગ્રાહક બની અને આ એક્સ્પોમાં પોતાનો ખર્ચ કરી અને નફો મેળવી આનંદ સાથે ઉજવણી પુર્ણ કરી.

**5. મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુક્તિ વગેરેની વિગત):** અનુકરણ,અવલોકન, નિરિક્ષણ.

**6. લક્ષ્ય જૂથ અને લાભાર્થીની સંખ્યા :** ધોરણ 6 થી 8 ના 148 અને 1થી5 નાં 310 બાળકો

**7. આપના ઇનોવેશનનો અમલ અન્ય શાળા દ્વારા કરવામાં આવ્યો હોય તો તેની વિગત :** જાન્યુઆરી 2024 પછી 2 શાળાએ

**8. પરિણામો : (ડેટા સબંધિત -આધાર પુરાવા સાથે) :** • પોતાની જાતે ખાવાનું બનાવીને કમાણી કરી. • જાતે મહેનત કરી મહેનતનું મહત્વ સમજ્યા. • ભાગીદારી પેઢી બનાવી સમુહભાવના કેળવી. • પૈસા કમાવવા માટે આવડતનો યોગ્ય ઉપયોગ કરી ઘરને મદદરૂપ થયા. • ખાસ કરીને પ્રિય બાળકોનાં કૌશલ્યોનો વિકાસ થયો અને જાત કમાણીનો આનંદ થયો. • સર્જનાત્મકતા, નિર્ણય શક્તિ અને તાર્કિક ચિંતન, સમસ્યા ઉકેલ, જેવા કૌશલ્યોનો વિકાસ થયો. • માત્ર પાઠ્યક્રમ પૂરતું જ નહીં, પણ નૈતિકતા, કલા અને જીવનકૌશલ્ય પણ શીખ્યા.

**9. ઉપયોગિતા :** • આગવી શક્તિ બહાર આવે. • શિક્ષણની સાર્થકતા વધે છે. • સર્જનાત્મકતા, નિર્ણય શક્તિનો વિકાસ થાય. • ગ્રાહકો પ્રત્યે આદરભાવનો વિકાસ થાય. • બાળકોનું કૌશલ્ય વધે છે. • જ્ઞાનાત્મક કૌશલ્ય વિકસે. • સામાજિક ભાવનાત્મક કૌશલ્ય વિકસે. • આઝાદ વિચારક, સર્જનાત્મક અને જીવન માટે તૈયાર બનાવે. નેશનલ એજ્યુકેશન પોલિસી (NEP 2020) પણ આવી વાત કહી રહી છે.

**10. નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :** • બાળકો ઘરે રસોઇ કામમાં મદદરૂપ થાય છે. એક બાળક પોતાના ઘરે પિતાને ભજીયા બનાવવામા મદરૂપ થાય છે.



❖ ઇનોવેટરનું નામ : પ્રિતેશકુમાર જશુભાઈ પટેલ ❖ હોદો : મદદનીશ શિક્ષક

❖ શાળા/સંસ્થાનું નામ : શ્રી પ્રથુગઢ પ્રાથમિક શાળા ❖ તાલુકો/SVS : ધ્રાંગધ્રા

❖ ક્લસ્ટર/~~QDC~~ : ખાંભડા ❖ મોબાઈલ નંબર : 9726676827 / 8200123531

❖ ઈમેલ આઈડી : pritesh06169831@gmail.com

**નવતર પ્રયોગનું મુખ્ય ક્ષેત્ર : 2. ડિઝીટલ ટેક્નોલોજી આધારિત**

**નવતર પ્રયોગનું પેટાક્ષેત્ર :** રચનાત્મક IFP કાર્ય અને તેનો SOCIAL MEDIA દ્વારા શિક્ષણમાં ઉપયોગ

❖ **નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત

❖ **નવતર પ્રયોગનો સમયગાળો : 01/12/2023 થી 28/01/2025**

❖ **નવતર પ્રયોગ ક્યાં ધોરણ સાથે સંકળાયેલ છે ? :** ધોરણ **- 6, 7, 8**

**નવતર પ્રયોગ સાથે સંકળાયેલ મુખ્ય અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક :** M619, M620, M602, M603, M611, M613, M604, M605, M606, M617, M608, M701, M706, M718, M720, M724, M721, M716, M707, M722, M723, M801, M806, M825, M811, M819, M820, M804, M809, M807, M823, SC606, SC608, SC605, SC610, SC703, SC709, SC706, SC711, SC801, SC802.

❖ **વિભાગ :** પ્રાથમિક ❖ **ફોટોગ્રાફ / વિડીયો લિંક / કયુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયોનો QR :**

❖ **ઇનોવેશનનુંશીર્ષક : Creative Interactive Flat Panel(IFP) Work and Innovative Videos for Mathematics and Science.**

**1. સમસ્યા :** ગણિત–વિજ્ઞાન વિષય પ્રત્યે રસ, રુચિ, સર્જનાત્મક લેખન કાર્ય અને **MATHS DRAWING SKILL**નો અભાવ

**2. ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :** ગણિત અને વિજ્ઞાનના લેખન અને ગણન કાર્યમાં ઘણી બધી ક્ષતિઓ જેવી કે, **THERE FOR, EQUAL TO, ANS,...** યોગ્ય સ્થાને ન લખવાં, સર્જનાત્મક આકૃતિઓ દોરવાનો પ્રયત્ન ન કરવો, આકૃતિઓ દોરે તો સ્કેલ અને પૅન્સિલનો ઉપયોગ ન કરવો, છેક-છાક કરવી, મરોડદાર અક્ષરલેખન અને અંકલેખનનો અભાવ, દાખલાઓની ગોખણપટ્ટી કરવી,... વગેરે જેવી ક્ષતિઓ જોવા મળી હતી.

**3. ઇનોવેશન માટેની પ્રયુક્તિ, સાધન સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :**

**પ્રયુક્તિ : લેખન કાર્ય, નિદર્શન, પ્રદર્શન, જૂથ ચર્ચા, પ્રયોગ, અનુમાન, તર્ક, સમસ્યા ઉકેલ,...પદ્ધતિઓ**

**સાધનસામગ્રી : INTERACTIEVE FLAT PANEL, MOBILE**

**સમયગાળો : 01/12/2023 થી 28/01/2025**

**અધ્યયન નિષ્પત્તિ :** M619, M620, M602, M603, M611, M613, M604, M605, M606, M617, M608, M701, M706, M718, M720, M724, M721, M716, M707, M722, M723, M801, M806, M825, M811, M819, M820, M804, M809, M807, M823, SC606, SC608, SC605, SC610, SC703, SC709, SC706, SC711, SC801, SC802.

**3. નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :** બાળકો ગણિત અને વિજ્ઞાનને ગમતું કરે તે હેતુથી સરકારશ્રી દ્વારા શાળામાં આપવામાં આવેલ જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત **INTERACTIVE FLAT PANEL**નો ઉપયોગ કરીને ગણિત-વિજ્ઞાનના હસ્તલેખિત રચનાત્મક/સર્જનાત્મક કાર્ડ બનાવેલ છે. જેમાં સંગીતમિશ્રણ કરી **Youtube** પર અપલોડ કરેલ છે. **INSHOT APPLICATION**નો ઉપયોગ કરીને ગણિત-વિજ્ઞાનના એજ્યુકેશનલ વીડિયો બનાવી તેને પણ **Youtube** પર અપલોડ કરેલ છે. **જેનું ખૂબ જ સારું પરિણામ મળેલ છે.**

**4. મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુક્તિ વગેરેની વિગત) :** અવલોકન, નિરીક્ષણ, લેખન

**5. લક્ષ્ય જૂથ અને લાભાર્થીની સંખ્યા : ધોરણ 6, 7, 8ના 96 વિદ્યાર્થીઓ**

**6. આપના ઇનોવેશનનો અમલ અન્ય શાળા દ્વારા કરવામાં આવ્યો હોય તો તેની વિગત :** ના

**7. પરિણામો : (ડેટા સબંધિત -આધાર પુરાવા સાથે) :**

● વિદ્યાર્થીઓ સત્રાંત પેપરમાં/ચોપડામાં/એકમ કસોટીમાં લખવાની સર્જનાત્મક રીત/દાખલા લખવાની નવીનતમ રીત વિચારતાં થયાં.

● બાળકોને ગણિત-વિજ્ઞાન વિષય ભણવામાં રસ અને રુચિ વધ્યાં.

● બાળકો રિશેષના સમયમાં/ફ્રી તાસમાં જાતે જ રચનાત્મક કા.પા.કાર્ય અને IFP Work કરે છે.

● મોબાઈલનો સદ્ઉપયોગ કરતાં થયાં.

● વિવિધ નોટ્સ બનાવતાં શીખ્યાં.

● વિદ્યાર્થીઓની સામે જ આ રચનાત્મક કાર્ડ બનતા હોવાથી વિદ્યાર્થીઓના અક્ષર/અંક અને તેના મરોડમાં મનોવૈજ્ઞાનિક રીતે ખૂબ જ સુધારો થયો.

● CET, NMMS, જ્ઞાન સાધના,...વગેરે જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીમાં સહાયતા મળી.

● ગણિત પ્રત્યે રસ, રુચિ અને સર્જનાત્મકતાનું નિર્માણ કરી શકાયું.

● ચિત્ર, ગણિત, વિજ્ઞાન, ગુજરાતી અને સંગીત વચ્ચેનો અનુબંધ સ્થાપી શકાયો.

● અંદાજીત 40 થી 45 % જેટલું હકારાત્મક પરિણામ જોવા મળ્યું.

**8. ઉપયોગિતા :**

● એકમ કસોટી/સત્રાંત પરીક્ષાની તૈયારી માટે ઝડપી પુનરાવર્તન.

● લેશનનું ભારણ ખૂબ જ ઓછું કરી શકાય.

● વિવિધ વિષયો વચ્ચે અનુબંધ સ્થાપી શકાય.

● અનુમાન, તર્ક, સર્જનશીલતા, વિવેચનાત્મક ચિંતનશક્તિ, સમજશક્તિ, લેખનશક્તિ અને DRAWING SKILLનો વિકાસ.

● સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીમાં સહાયતા મળે.

● બાળકો LM/TLM CARDS જાતે બનાવી શકે છે.

● દરરોજ કંઈક નવું વિચારવાનો/લખવાનો/દોરવાનો રસ કેળવાય.

● ગણિત-વિજ્ઞાનના દરેક સિદ્ધાંતને અનુરૂપ, દરેક દાખલાને અનુરૂપ નવી આકૃતિ વિકસાવવામાં સહાયતા મળે.

● મનોવૈજ્ઞાનિક રીતે, પદ્ધતિસર અને મરોડદાર લેખનકાર્યનો વિકાસ થાય.

● ગોખણપટ્ટી મહદ્અંશે દૂર કરી શકાય છે.

● બાળકોની સહજ તોફાનવૃત્તિ અટકાવવામાં સહાયતા મળે.

● હળવા મોટિવેશનલ સંગીતની હકારાત્મક અસર

● બજારમાં તૈયાર મળતાં LM/TLM CARDS કરતાં ખર્ચ ઘણો ઓછો થાય.

● ONLINE YOUTUBE પર FREE ઉપલબ્ધ હોવાથી ગમે ત્યારે, ગમે ત્યાં અભ્યાસ કરી શકાય.

**9. નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :**

● હાલ શરૂ જ છે અને બાળકો પોતાના નવરાશના સમયે CREATIVE IFP WORK અને BOARD WORK જાતે કરે છે. જેમાં હું પણ સહયોગ અને માર્ગદર્શન આપું છું.

❖ **ઇનોવેટરનુંનામ** :- દિનેશકુમાર હેમંતભાઈ ગરાંભા ❖ **હોદો** :- મદદનીશ શિક્ષક

❖ **શાળા/સંસ્થાનુંનામ** :- શ્રી રાયગઢ પ્રાથમિક શાળા ❖ **તાલુકો/SVS** :- ધ્રાંગધ્રા

❖ **ક્લસ્ટર/~~QDC~~** :- મોટા અંકેવાળીયા ❖ **મોબાઈલ નંબર** :- ૯૯૨૫૬૫૮૯૩૬

❖ **ઈમેલ આઈડી** :- dineshbhaigarambha19@gmail.com



❖ **નવતર પ્રયોગનું મુખ્યક્ષેત્ર:-** 1) NEP 2020, NCF FS, SCF FS અને NCF SE સબંધિત

❖ **નવતર પ્રયોગનું પેટાક્ષેત્ર :-** a) ફાઉન્ડેશનલ સ્ટેજ સબંધિત ઇનોવેટીવ અધ્યયન અધ્યાપન પ્રક્રિયા અને મૂલ્યાંકન.

❖ **નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત** :- **વ્યક્તિગત**

❖ **નવતર પ્રયોગનો સમયગાળો** :- 6/2/2023 to 16/3/2023,13/6/2023 to 25/7/2023

❖ **નવતર પ્રયોગ ક્યાં ધોરણ સાથે સંકળાયેલ છે ?** : ધોરણ 3 to 8

❖ **નવતર પ્રયોગ સાથે સંકળાયેલ મુખ્ય અધ્યયન નિષ્પતિ કમાંક** : ગુજરાતી ૩01, ૪0૧, ૫0૧, 601, 603, 606, 615, 701, 704, 707, 711, 712, 714, 715, 716, 807, 811, 812, 814, 815, 816 ગણિત-301, 401, 501.

❖ વિભાગ: પ્રાથમિક [<] માધ્યમિક [ ] ઉ. માધ્યમિક [ ] પ્રશિક્ષણસંસ્થા [ ]

❖ **ફોટોગ્રાફ / વિડીયોલિંક / કયુઆરકોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયોનો QR** :

❖ **ઇનોવેશનનું શીર્ષક** :- FLN

**1. સમસ્યા:-**

ધોરણ **6** માં વર્ષ:**2022-2023**માં વિદ્યાર્થીઓ જુન માસમાં શાળામાં આવ્યા ત્યારે વાંચન, લેખન, ગણનમાં કચાશ ધરાવતા હતા. તેના કારણે એકમ કસોટીમાં તેમનો દેખાવ નબળો હતો.

**2. ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**

ધોરણ : **6**ના વર્ષ : **2022-2023**ના દાખલ થયેલ વિદ્યાર્થીઓની વાગલે ટેસ્ટ તારીખ:**22-6-2022** ના રોજ લીધેલ હતી. તેનુ પરિણામ સામેલ છે.

**3. ઇનોવેશન માટેની પ્રયુક્તિ, સાધન સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :**

**પ્રયુક્તિ : નિદર્શન, શ્રુતલેખન અને ગણન**

**સાધનસામગ્રી** :- **ઇનોવેશન માટે ગુણોત્સવ કાર્યક્રમની વાગલેની ફ્રેમ નંબર:6,7 અને 8માંથી સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર, સંખ્યા વાંચન, લેખનના નમૂના બનાવ્યા. વાંચન, લેખન માટે કાના વાળા, હ્સ્વઇ, દીર્ધઈ, હ્સ્વઉ, દીર્ધઊ, એક માત્રા, બે માત્રા, કાનો માત્ર, કાના બે માત્રા અનુસ્વાર તથા જોડાક્ષર શબ્દોના ચાર્ટ.**

**સમયગાળો** : 6/2/2023 to 16/3/2023,13/6/2023 to 25/7/2023 કુલ **2**માસ **22** દિવસ

**અધ્યયન નિષ્પતિ** :- ગુજરાતી ૩01, ૪0૧, ૫0૧, 601, 603, 606, 615, 701, 704, 707, 711, 712, 714, 715, 716, 807, 811, 812, 814, 815, 816 ગણિત- 301, 401, 501.

**4. નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**

વાંચન માટે ધોરણ : **6** ના પ્રિય વિદ્યાર્થીઓને સરળ શબ્દોથી કઠિન શબ્દો તરફ પહોંચે તેવો પ્રયત્ન કરવામાં આવ્યો. પ્રિય વિદ્યાર્થીઓને **હોશિયાર વિદ્યાર્થીઓ** એક વાર શબ્દો લખી આપે અને બીજા દિવસે પાંચ વાર ગૃહકાર્યમાં લખી આવે. **લેખન માટે તમામ વિદ્યાર્થીઓને તારીખ : 3-8-2022 થી તારીખ : 13-8-2022 દરમ્યાન કાના વાળા ,હ્સ્વઇ, દીર્ધઈ, હ્સ્વઉ, દીર્ધઊ, એક માત્રા,બે માત્રાવાળા શબ્દોનું શ્રુતલેખન કરાવવામાં આવ્યુ. વિદ્યાર્થીઓના શબ્દો તપાસ કરીને ખોટા પડેલા શબ્દો ચાર્ટમાંથી**

જોઈને સાચા લખી નાખે. ગણન માટે જે વિદ્યાર્થીઓ જે ગુણાકારની જે પ્રક્રિયામાં પહોંચ્યા હોય તેના કાગળ આપીને વાગલેની નોટબુકમાં દાખલા ગણે.દાખલા ગણી લીધા બાદ તપાસ કરવા માટે આપે.તપાસ દરમ્યાન ખોટા પડેલા દાખલામાં કઈ જગ્યાએ ભૂલ પડી છે તે લાલ પેનથી રાઉન્ડ કરીને દેખાડવામાં આવે તથા ફરીથી તે ગણવા આપવામા આવે.તારીખ : 13-6-2023થી તારીખ : 25-7-2023 ના બીજા તબક્કા દરમ્યાન જે વિદ્યાર્થીઓને 1 થી 9ના ઘડિયા આવડતા હતા. તેવા વિદ્યાર્થીઓને જૂથમાં બેસાડીને ગુણાકાર અને પછી ભાગાકારના દાખલા ગણીને સમજાવ્યા અને બાળકોને ઘરે ગણવા આપ્યા.

**5. મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુક્તિ વગેરેની વિગત) :**

નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રકિયામાં 2 વાર 1 મિનિટમાં કેટલા શબ્દો વાંચેલ છે તથા સ્વિફચેટ વાંચન પરિક્ષણમાં 3 વખત મૂલ્યાંકન કરેલ છે. FLN અંતર્ગત વાગલેની ટેસ્ટ પણ લીધેલ છે.

**6. લક્ષ્યજૂથ અને લાભાર્થીની સંખ્યા :**

ધોરણ :3 થી 8 ,ધોરણ:6 :19 વિધાર્થીઓ

**7. આપના ઇનોવેશનનો અમલ અન્ય શાળા દ્વારા કરવામાં આવ્યો હોય તો તેની વિગત :**

ના

**8. પરિણામો : (ડેટાસબંધિત -આધાર પુરાવા સાથે)**

ધોરણ 6 ના વિદ્યાર્થીઓની વર્ષ : 2023-2024 માં ધોરણ 7 માં હતા.તેમની વાગલે ટેસ્ટ 1-9-2023ના રોજ લીધેલ પરિણામમાં અસાધારણ ફેરફાર જોવા મળેલ છે.તેમની એકમ કસોટી તથા સત્રાંત અને વાર્ષિક પરીક્ષાના પરિણામમાં પણ ફેરફાર જોવા મળેલ છે.

1- વિદ્યાર્થીઓની વાંચન ક્ષમતામા સુધારો.
2- વિદ્યાર્થીઓના વાંચન સાથે અર્થગ્રહણ કૌશલ્યનો વિકાસ.
3- વિદ્યાર્થીઓની સ્વતંત્રલેખન શક્તિનો વિકાસ.
4- વિદ્યાર્થીઓની એકમ કસોટીના ગુણમાં વધારો.
5- વિદ્યાર્થીઓની સત્રાંત અને વાર્ષિક પરીક્ષાના ગુણમાં વધારો.
6- વિદ્યાર્થીઓની વાગલેની પરીક્ષાના ગુણમાં વધારો.
7- વિદ્યાર્થીઓની રોજિંદા ગણનની પ્રક્રિયામાં સુધારો.

**9. ઉપયોગિતા:**

આ નવતર પ્રયોગ દરેક શાળા કક્ષાએ લાગુ કરી શકાય. કારણ કે વિદ્યાર્થીઓની પાયાની સાક્ષરતા એટલે કે વાંચન, લેખન અને ગણન નહીં આવડતું હોય તો તે વિદ્યાર્થીઓ આગળ જઈને અટકી જશે. અને ડ્રોપ આઉટનુ પરિણામ વધશે . માટે દરેક શાળામાં દરેક વર્ગશિક્ષકે આ નવતર પ્રયોગ ચાલુ કરવો જોઈએ. આ નવતર પ્રયોગ દરેક શાળા કક્ષાએ લાગુ કરી શકાય. વિદ્યાર્થીઓના રોજિંદા જીવન વ્યવહારમાં ખૂબ જ છે.વિદ્યાર્થીઓને શાળામાં આવવું અને ભણવું ગમશે.વિદ્યાર્થીઓ આગળ અભ્યાસ કરવા માટે તત્પર થશે.વિદ્યાર્થીઓમા ડ્રોપ આઉટનુ પ્રમાણ ઘટશે.માટે દરેક શાળામાં દરેક વર્ગશિક્ષકે આ નવતર પ્રયોગ ચાલુ કરવો જોઈએ.

**10. નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :**

વર્તમાનમાં દર માસે વાગલેની ટેસ્ટ લેવામાં આવે છે.



❖ **ઇનોવેટરનું નામ :** હિતેશકુમાર જગદીશ કુમાર ચાવડા ❖ **હોદો :** મદદનીશ શિક્ષક
❖ **શાળા/સંસ્થાનું નામ :** જુના જસાપર પ્રાથમિક શાળા ❖ **તાલુકો/SVS :** સાયલા
❖ **ક્લસ્ટર/~~QDC~~ :** સાયલા-૨ ❖ **મોબાઈલનંબર : 9904484336**
❖ **ઈમેલ આઈડી :** hjchavda25@gmail.com
❖ **નવતર પ્રયોગનું મુખ્યક્ષેત્ર :** જુના જસાપર પ્રાથમિક શાળા
❖ **નવતર પ્રયોગનું પેટાક્ષેત્ર :** ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ
❖ **નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત
❖ **નવતર પ્રયોગનો સમયગાળો :** જૂન-2024 થી ...
❖ **નવતર પ્રયોગ ક્યાં ધોરણ સાથે સંકળાયેલ છે ? :** ધોરણ ૬ થી ૮
❖ **નવતર પ્રયોગ સાથે સંકળાયેલ મુખ્ય અધ્યયન નિષ્પતિ ક્રમાંક :** - ❖ **વિભાગ :** પ્રાથમિક
❖ **ફોટોગ્રાફ / વિડીયોલિંક / કયુઆરકોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયોનો QR :**
❖ **ઇનોવેશનનું શીર્ષક :** Maths Education by Drama

**1. સમસ્યા :** ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ ગણિતના કઠિન એકમોને સમજવામાં મુશ્કેલીઓ અનુભવતા હતા.

**2. ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :** ધોરણ ૬ થી ૮ના 50% કરતાં વધુ વિદ્યાર્થીઓ ગણિત વિષયમાં કઠિન એકમોને સમજવામાં મુશ્કેલી અનુભવતા. જેવી કે ચતુષ્કોણ, ઘન આકારનું પ્રત્યક્ષીકરણ, ભૂમિતિના જુદા જુદા આકારો ની સમજ વગેરે...

**3. ઇનોવેશન માટેની પ્રયુક્તિ, સાધનસામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :**
પ્રયુક્તિ. : ગણિત પેડાગોજી આધારિત, ડ્રામા દ્વારા નિદર્શન
સાધનસામગ્રી : ગણિતના જુદા જુદા એકમોની ડ્રામા સ્ક્રિપ્ટ
સમયગાળો : જૂન 2024 થી કાર્યરત...
અધ્યયન નિષ્પતિ : ગણિત વિષયની મોટાભાગની અધ્યયન નિષ્પતિ નો સમાવેશ.

**4. નવતરપ્રયોગનુંવિગતવારવર્ણન :** આ નવતર પ્રયોગ ની શરૂઆત જૂન-2024 થી કરવામાં આવી. જેમાં ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવેલ . ગણિત વિષયમાં વિદ્યાર્થીઓ ભૂમિતિના પાયાના ખ્યાલો, પાયાના આકારોની સમજૂતી, માપન, પ્રાયોગિક ભૂમિતિ, રેખા અને ખૂણાઓ, ત્રિકોણ અને તેના ગુણધર્મો ત્રિકોણની એકરૂપતા, પરિમિતિ અને ક્ષેત્રફળ, ઘન આકારોનું પ્રત્યક્ષીકરણ, ચતુષ્કોણ, આલેખ વગેરે... ની સમજ મેળવવા માટે એકમને અનુરૂપ ડ્રામા સ્ક્રીપ્ટ તૈયાર કરવામાં આવે છે. જેમાં વિધ્યાર્થીઓ પાસેજ ડ્રામા પ્લે કરવવામાં આવે છે અને પોતેજ ડ્રામા દ્વારા નિદર્શન થકી જ્ઞાન પ્રાપ્ત કરે છે. ડ્રામા દ્વારા ગણિત વિષયના એકમોની સમજથી વિદ્યાર્થીઓ અનુભવજન્ય જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. જેથી વિદ્યાર્થીમાં ગણિત વિષયમાં રુચિમાં વધારો થાય છે .

**5. મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુક્તિ વગેરેની વિગત) :** વિદ્યાર્થીઓને મૌખિક પ્રશ્નો પૂછીને , લેખિત તેમજ ક્રિયાત્મક રીતે વિષયવસ્તુ વિશેની સમજણ ચકાસવામાં આવે છે.

**6. લક્ષ્યજૂથ અને લાભાર્થીની સંખ્યા :** ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ , વિદ્યાર્થી સંખ્યા : ૨૬૨

**7. આપના ઇનોવેશનનો અમલ અન્ય શાળા દ્વારા કરવામાં આવ્યો હોય તો તેની વિગત :**

**8. પરિણામો :** (ડેટાસબંધિત -આધારપુરાવાસાથે) : ધોરણ ૬ થી ૮ ના ૮૦ ટકાથી વધુ વિદ્યાર્થીઓ માં ગણિત વિષય ના કઠિન એકમોની સમજ સ્પષ્ટ થયેલી જોવા મળી .

**9. ઉપયોગિતા :** શિક્ષક ગણિત જેવા કઠિન વિષયમાં ડ્રામા દ્વારા અનુભવ જન્ય શિક્ષણ આપીને સરળતાથી અધ્યયન નિષ્પતિઓ સિદ્ધ કરી શકશે તેમજ વિદ્યાર્થીઓ ધ્યાન કેન્દ્રિત કરી રસ પૂર્વક શિક્ષણ પ્રાપ્ત કરશે.

**10. નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :** હાલમાં ઇનોવેશન કાર્યરત સ્થિતિમાં છે. અને ગણિતના જુદા જુદા એકમને સુસંગત ડ્રામા દ્વારા ગણિતને વધુ સમૃદ્ધ બનાવવાનો પ્રયત્ન ચાલુ છે.



❖ ઈનોવેટરનુંનામ :પરમાર સંજયકુમાર ધરમશીભાઈ ❖ હોદો : મદદનીશ શિક્ષક

❖ શાળા/સંસ્થાનું નામ : શ્રી થોરિયાળી પ્રા શાળા ❖ તાલુકો : સાયલા ❖ ક્લસ્ટર : સાયલા -3

❖ મોબાઈલનંબર : 9725866030 ❖ ઈમેલ આઈડી : sdparmar11782@gmail.com

નવતર પ્રયોગનું મુખ્યક્ષેત્ર: 3. શાળા વ્યવસ્થાપન / ભાવાવરણ વિકાસ

નવતર પ્રયોગનું પેટાક્ષેત્ર : શિક્ષકો/ વિદ્યાર્થીઓ/ આચાર્યો/વહીવટકર્તાઓના સારા માનસિક સ્વાસ્થ્ય માટેની મનોમાવજત

❖ નવતર પ્રયોગ સામુહિક કરેલછે કે વ્યક્તિગત : વ્યક્તિગત

❖ નવતર પ્રયોગનો સમયગાળો : જૂન 2024 થી......

❖ નવતર પ્રયોગ ક્યાં ધોરણ સાથે સંકળાયેલ છે ? : બાળવાટિકા, ધોરણ 1 થી 8

❖ નવતર પ્રયોગ સાથે સંકળાયેલ મુખ્ય અધ્યયન નિષ્પતિ ક્રમાંક : G 408.8, G 407.3, EV 404, G 502.4

❖ વિભાગ : પ્રાથમિક [√] માધ્યમિક [ ] ઉ. માધ્યમિક [ ] પ્રશિક્ષણસંસ્થા [ ]

❖ ફોટોગ્રાફ / વિડીયોલિંક / ક્યુઆરકોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયોનો QR :

❖ ઈનોવેશનનું શીર્ષક : તણાવ મુક્તિમાં શિક્ષકની ભૂમિકા

**1. સમસ્યા:**

થોરિયાળી પ્રા. શાળાના અમુક બાળકો માનસિક તણાવ અનુભવતા હતા. જેના કારણે તે ઉદાસ , ગમગીન , નિરુત્સાહી , અભ્યાસમાં રસ ન લેવો , બીજા વિદ્યાર્થીઓથી અળગા રહેવું જેવી ઘટનાઓ બનતી હતી.

**2. ઈનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**

થોરિયાળી પ્રા.શાળામાં 322 બાળકો અભ્યાસ કરે છે. જેમાથી 55 ટકા બાળકો કોઈને કોઈ વાતનો તણાવ અનુભવતા હતા. એક પ્રકારનો ડર તેમને સતાવતો હતો. તેઓ નાસીપાસ થઈ ગયા હતા. હિમત હારી ગયા હતા. તેમનું મન કોઈ વાતમાં લાગતું ન હતું. ઉદાસી તેમને ઘેરી વળી હતી.

**3. ઈનોવેશનમાટેનીપ્રયુક્તિ, સાધનસામગ્રી, સમયગાળોઅનેલક્ષ્યજૂથ :**

પ્રયુક્તિ : નિદર્શન, પ્રદર્શન, સંવાદ , મુલાકાત

સાધન સામગ્રી : સ્માર્ટ બોર્ડ, લાઈબ્રેરી ના પુસ્તકો , કાગળ , કલર

સમયગાળો : જૂન 2024 થી શરૂ

અધ્યયન નિષ્પતિ : G 408.8, G 407.3, EV 404, G 502.4 ઉપરાંત ઘણી બધી ......

**3. નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**

થોરિયાળી પ્રા શાળાના અમુક બાળકો તણાવ અનુભવતા હતાં તેમને તણાવ મુક્ત કરવા, તેમના તણાવનું કારણ જાણવામાં આવ્યું .જેમાં માતા પિતા વચ્ચે થતાં ઝઘડા, શારીરિક બીમારી, લઘુતાગ્રંથિ, આર્થિક સ્થિતિ, વ્યસન, જેવા કારણો જાણવા મળ્યા. તેના નિવારણ માટે વિવિધતા સભર પ્રાર્થનાં કાર્યક્રમ, વિવિધ રમતોનું આયોજન, વિવિધ સ્પર્ધાનું આયોજન, જરૂરિયાત મુજબ મદદ, મોટીવેશન સ્પીચ, જાદુના ખેલ, વિવિધ ગેમ, મુલાકાતો, સંગીત,ચિત્ર, હાસ્ય, જેવી પ્રવૃતિઓ કરાવવામાં આવી હતી, અને બાળકો ને તણાવ મુક્ત કરાવવામાં આવ્યા હતા.

**4. મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુક્તિ વગેરેની વિગત) :**

વર્તનમાં આવેલા પરીવર્તનના નિદર્શન દ્રારા, વિવિધ પ્રવૃતિ દ્રારા મૂલ્યાંકન કરવામાં આવ્યુ હતું.

**5. લક્ષ્ય જૂથ અને લાભાર્થીની સંખ્યા :**

બાળવાટિકા,ધોરણ 1 થી 8ના 322 વિદ્યાર્થીઓ

**6. આપના ઈનોવેશનનો અમલ અન્ય શાળા દ્વારા કરવામાં આવ્યો હોય તો તેની વિગત :**

હા નજીકની અન્ય શાળામાં અમલ થયેલો છે.

**7. પરિણામો : (ડેટાસબંધિત -આધાર પુરાવા સાથે) :**

ગેર હાજરીનું પ્રમાણ ઘટ્યું, નિયમિતતા વધી, પ્રવૃતિઓમાં ભાગ લેતા થયા બાળકોમાં ઉત્સાહ ઉમંગ, ભણવામાં રસ, વગેરે બાબતોમાં 70 ટકા સુધારો જોવા મળ્યો.

**8. ઉપયોગિતા:**

આ ઈનોવેશન દરેક વિદ્યાર્થી,વાલી, શિક્ષકો, માટે ખૂબ ઉપયોગી છે. બાળકનું મન મજબૂત બને છે. આત્મહત્યામાં ઘટાડો થાય છે. આદર્શ વ્યક્તિનું નિર્માણ થાય છે.

**9. નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :**

આ ઈનોવેશન કાર્યરત છે અને સારી સ્થિતિમાં છે.

❖ ઇનોવેટરનું નામ : મોરી હરપાલસિંહ દિપસંગભાઈ ❖ હોદો : મદદનિશ શિક્ષક

❖ શાળા/સંસ્થાનું નામ : શ્રી પે સેન્ટર શાળા નં: ૩ સાયલા ❖ તાલુકો/SVS : સાયલા

❖ ક્લસ્ટર/~~QDC~~: સાયલા-3 ❖ મોબાઈલ નંબર : 9727084358

❖ ઈમેલ આઈડી : moriharpalsinh791@gmail.com



❖ નવતર પ્રયોગનું મુખ્યક્ષેત્ર : 5. આ ઉપરાંતના અન્ય શૈક્ષણિક નવતર પ્રયોગ

❖ નવતર પ્રયોગનું પેટાક્ષેત્ર : મધ્યાહ્ન ભોજનમાં અસરકારકતા

❖ નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

❖ નવતર પ્રયોગનો સમયગાળો : જુન-૨૦૨૪ થી ...

❖ નવતર પ્રયોગ ક્યાં ધોરણ સાથે સંકળાયેલ છે ? બાલવાટિકા થી ધો-૮

❖ નવતર પ્રયોગ સાથે સંકળાયેલ મુખ્ય અધ્યયન નિષ્પતિ ક્રમાંક : _ ❖ વિભાગ : પ્રાથમિક

❖ ફોટોગ્રાફ / વિડીયોલિંક / કયુઆરકોડ / નવતરપ્રયોગનીપ્રક્રિયાનો વિડીયોનો QR :

❖ ઇનોવેશનનું શીર્ષક : "સ્વચ્છ હાથ, સ્વચ્છ થાળી"

**1. સમસ્યા :** મધ્યાહ્ન ભોજન વ્યવસ્થા અસરકારક ન હતી.

**૨. ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**

શાળામાં બાળકો મધ્યાહ્ન ભોજનમાં હાથ ધોઈને બેસતા ન હતા. તેમજ થાળી મેળવવાં માટે પડા પડી કરતા હતા. તેમજ જમીને થાળી ગમે ત્યાં ફેંકી દેતા હતા. તેમજ થાળી બરાબર સાફ કરતા ન હતા.

**3. ઇનોવેશન માટેની પ્રયુક્તિ, સાધનસામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :**

**પ્રયુક્તિ** :- ધોરણ મુજબ થાળી, થાળીને કલર કોડ

**સાધનસામગ્રી**:. થાળી, ટોપી, કેપ્ટન કાર્ડ.

**સમયગાળો**.. જૂન 2024 થી શરૂ ...

**અધ્યયન નિષ્પતિ** :- -

**4. નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :** સમસ્યા ઉકેલવા માટે થાળીને ધોરણ મુજબ વિતરણ કરવામાં આવી. તેમજ દરેક ધોરણને અલગ અલગ કલરથી કલર કોડ આપવામાં આવ્યા. એ બધી જ થાળી ધોરણના કેપ્ટનને આપવામાં આવી. જે તે ધોરણના કેપ્ટન મધ્યાહ્ન ભોજન શરૂ થાય ત્યારે થાળી આપે. અને બાળક જમી લે પછી તેની પાસેથી સાફ કરેલી થાળી પાછી લઈ છે. તેથી સમસ્યાનું નિરાકરણ આવી જાય છે.

**5. મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકનઉપકરણ, પ્રયુક્તિવગેરેનીવિગત) :** અવલોકન દ્વારા, નિરીક્ષણ દ્વારા.

**6. લક્ષ્યજૂથ અને લાભાર્થીની સંખ્યા :** બાલવાટિકા થી ધોરણ 8 સુધી. સંખ્યા : 315

**7. આપના ઇનોવેશનનો અમલ અન્ય શાળા દ્વારા કરવામાં આવ્યો હોય તો તેની વિગત :** ના

**8. પરિણામો :** (ડેટા સબંધિત -આધાર પુરાવા સાથે) : • બાળકો હાથ ધોઈ અને જમતા થયા છે. • બાળકો પોતાની થાળી વ્યવસ્થિત સાફ કરે છે અને યોગ્ય જગ્યાએ મૂકે છે. • ભોજન સ્થળની સફાઈ બરાબર થાય છે. • ભોજનનો બગાડ ઘટ્યો છે.

**9. ઉપયોગિતા :** • બાળકો પોતાની અને શાળાની સ્વચ્છતાથી સભાન થાય. • ભોજનનું મહત્વ જાણતા થાય.
• બાળકોમાં નૈતિક મૂલ્યનું ઘડતર થાય. • બાળકો પોતાની જવાબદારી સમજતા થાય.

**10. નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :** સારું છે અને સારી સ્થિતિમાં છે. કાર્યરત પણ છે. જૂન 2024 થી..

❖ ઇનોવેટરનું નામ : ગિરીશકુમાર ઝવેરભાઈ રાઠોડ ❖ હોદો : મદદનીશ શિક્ષક



❖ શાળા/સંસ્થાનું નામ : જુના જશાપર પ્રાથમિક શાળા ❖ તાલુકો/SVS : સાયલા

❖ ~~ક્લસ્ટર/QDC~~ : સાયલા-2 ❖ મોબાઈલ નંબર : ૯૭૨૩૧૮૮૫૩૧

❖ ઈમેલ આઈડી : **gjrathod83@gmail.com**

❖ નવતર પ્રયોગનું મુખ્ય ક્ષેત્ર : 5. આ ઉપરાંતના અન્ય શૈક્ષણિક નવતર પ્રયોગ

❖ નવતર પ્રયોગનું પેટાક્ષેત્ર : હિન્દીમે સુંદર લેખન કૈસે ?

❖ નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

❖ નવતર પ્રયોગનો સમયગાળો : ડિસેમ્બર થી જુલાઈ

❖ નવતર પ્રયોગ ક્યાં ધોરણ સાથે સંકળાયેલ છે ? : 6, 7

❖ નવતર પ્રયોગ સાથે સંકળાયેલ મુખ્ય અધ્યયન નિષ્પતિ કમાંક: - ❖ વિભાગ : પ્રાથમિક

❖ ફોટોગ્રાફ / વિડીયો લિંક / કયુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયોનો **QR** :

❖ ઇનોવેશનનું શીર્ષક : હિન્દીમે સુંદર લેખન કૈસે ?

**1. સમસ્યા :** શાળામાં ધોરણ ૬ ના વિદ્યાર્થીઓમાં હિન્દી લેખનમાં સુંદર કહી શકાય તેવા અક્ષરો જોવા મળતા નથી.

**2. ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :** શાળામાં ધોરણ ૬ ના વિદ્યાર્થીઓમાં હિન્દી વિષયમાં સુંદર અક્ષર લેખન કુશળતાનો અભાવ જોવા મળતો હતો. વિદ્યાર્થીઓ અક્ષર લેખનમા ખુબ જ ભૂલો કરતા હતા. અક્ષરો ના યોગ્ય વળાંક અંગે માર્ગદર્શન ન હોવાથી લેખન સારું કરતા ન હતા. વિદ્યાર્થીઓ યોગ્ય રીતે સુંદર લેખન કરવામાં રસ ધરાવતા નહીં. શરૂઆતમાં ધોરણ 6 મા 78 % જેટલા વિદ્યાર્થીઓ વ્યવસ્થિત લેખન કરતા ન હતા.

**3. ઇનોવેશન માટેની પ્રયુક્તિ, સાધન સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :**

પ્રયુક્તિ : સાધનસામગ્રી : શબ્દ કાર્ડ, વાક્ય કાર્ડ.

સમયગાળો : ડીસેમ્બર ૨૦૨૩ થી.... અધ્યયન નિષ્પતિ : - **H609**

**4. નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :** આ નવતર પ્રયોગની શરૂઆત વર્ષ 2023 માં ડીસેમ્બર મહિનામાં દ્વિતીય સત્રથી કરવામાં આવી. હિન્દી વિષયમાં લેખનમા સામાન્ય રીતે વિદ્યાર્થીઓમાં અણગમો જોવા મળતો હોય છે. શરૂઆતમાં હિન્દી અનુલેખન કરાવતા જોયું તો વિદ્યાર્થીઓના હિન્દીમા અક્ષરો પ્રમાણમાં સુંદર કહી શકાય તેવા ન હતા. આ માટે શું કરી શકાય તે બાબત પર વિચારવાનું શરુ કર્યું. કેટલાક ચિન્હો તેમજ ગુજરાતી અને અંગ્રેજીના સામ્યતા ધરાવતા મૂળાક્ષરો ને લઈ લેખન મહાવરો શરુ કર્યો. શરૂઆતમાં મૂળાક્ષરો ત્યારબાદ નાના શબ્દો, વાક્ય, ફકરા લેખનનો મહાવરો કરાવ્યો.

**5. મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુક્તિ વગેરેની વિગત) :** - અવલોકન, નિરિક્ષણ.

**6. લક્ષ્ય જૂથ અને લાભાર્થીની સંખ્યા :** - ધો- ૬ સંખ્યા – ૮૫

**7. આપના ઇનોવેશનનો અમલ અન્ય શાળા દ્વારા કરવામાં આવ્યો હોય તો તેની વિગત :** ના

**8. પરિણામો :** (ડેટા સબંધિત -આધાર પુરાવા સાથે) :

મારી શાળામાં ગત વર્ષે ધોરણ 6 માં કુલ 85 વિદ્યાર્થીઓ હતા. શરૂઆતમાં તેમાંથી ૨૩ % જેટલા વિદ્યાર્થીઓના હિન્દી ભાષામાં પ્રમાણમાં સારા કહી શકાય તેવા અક્ષરો જોવા મળતા. હવે જે વિદ્યાર્થીઓના પ્રમાણમાં અક્ષરો સારા કહી તેવા ન હતા તેમાં 80 % જેટલા વિદ્યાર્થીઓના હિન્દી ભાષામાં અક્ષરોમાં સુધારો જોવા મળે છે.

**9. ઉપયોગિતા :** વિદ્યાર્થીઓનાં અક્ષરો હિન્દી ભાષામાં પણ સારા આવે. વિદ્યાર્થીઓ જે સામાન્ય રીતે હિન્દી લેખનમાં અણગમો ધરાવતા હોય છે તે દૂર કરી શકાય. લેખનની સ્પર્ધામાં બાળકો ઉત્સાહથી ભાગ લે છે. વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસનો વધારો કરે છે. અક્ષરો અને આકૃતિઓ શીખવામાં મદદ કરે છે.

**10. નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :** વર્તમાનસ્થિતિમાં સમયાંતરે હિન્દી ભાષામાં સુલેખન મહાવરો કરાવવામાં આવે છે. લેખન કળા વિકસાવવા માટે સુલેખન સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાનું સમયાંતરે આયોજન કરવામાં આવે છે.



❖ ઇનોવેટરનું નામ : જતાપરા રાજેશભાઇ બાબુભાઇ ❖ હોદો : મદદનીશ શિક્ષક
❖ શાળાનું નામ : શ્રી ધજાળા કુમાર પે સેન્ટર શાળા ❖ તાલુકો : સાયલા
❖ ક્લસ્ટર: શ્રી ધજાળા કુમાર પે સેન્ટર શાળા ❖ મોબાઈલ નંબર : ૮૧૫૫૮૪૮૨૪૮
❖ ઈમેલ આઈડી : jatapararb23789@gmail.com
❖ નવતર પ્રયોગનું મુખ્ય ક્ષેત્ર : 1. NEP 2020, NCF FS, SCF FS અને NCF SE સબંધિત...
❖ નવતર પ્રયોગનું પેટાક્ષેત્ર : ફાઉન્ડેશનલ સ્ટેજ સબંધિત ઇનોવેટીવ અધ્યયન અધ્યાપન પ્રક્રિયા અને મૂલ્યાંકન
❖ નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત
❖ નવતર પ્રયોગનો સમયગાળો : જાન્યુઆરી-૨૦૨૪ થી ડિસેમ્બર-૨૦૨૪
❖ નવતર પ્રયોગ ક્યાં ધોરણ સાથે સંકળાયેલ છે ? : ધોરણ-૬ થી ૮
❖ નવતર પ્રયોગ સાથે સંકળાયેલ મુખ્ય અધ્યયન નિષ્પતિ કમાંક : 8.15 ,8.17,8.09,6.7,6.5.1,7.19
❖ વિભાગ : પ્રાથમિક ❖ ફોટોગ્રાફ / વિડીયો લિંક / કયુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયોનો QR :
❖ ઇનોવેશનનુંશીર્ષક : ગુજરાતી WALL BOOK

**1. સમસ્યા :** એકમ કસોટીમાં વ્યાકરણની ભૂલો તેમજ જવાબ છોડી દેતા હતા.
- ભાષા સજ્જતા વિષયક અરૂચિ ધરાવતા હતા.

**2. ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :** બાળક એકમ કસોટીમાં વ્યાકરણનાં પ્રશ્નોનાં જવાબમાં બહુ જ ભૂલો થતી હતી. બાળકની વયકક્ષા મુજબ પરિચિત શબ્દોની સમજ ધરાવતા ન હતા.

**3. ઇનોવેશન માટેની પ્રયુક્તિ, સાધન સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :**
**પ્રયુક્તિ :** નિદર્શન,વાંચન,પ્રદર્શન,પ્રવૃતિ **સાધનસામગ્રી :** કાગળ,કલર,કાર્ડશીટ,પુઠા,વેસ્ટ મટીરિયલ્સ
**સમયગાળો :** જાન્યુઆરી-2024 થી ડિસેમ્બર-2024 **અધ્યયન નિષ્પતિ :** 8.15,8.17,8.09,6.7,6.5.1,7.19

**4. નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :** અમારી શ્રી ધજાળા કુમાર પે સેન્ટર શાળામાં ધો.6થી8 નાં બાળકોને ગુજરાતી વ્યાકરણ શીખવામાં મદદ મળી રહે,યાદ રાખવામાં સરળતા રહે અને એકમ કસોટીમાં વ્યાકરણનાં પ્રશ્નોનાં સાચા જવાબ લખી શકે તે માટે ગુજરાતી WALL BOOK બનાવવાનો વિચાર આવ્યો. ધો. 6થી૮ ગુજરાતી વિષયમાંથી જો વ્યાકરણનાં તમામ મુદ્દા લઈ તેનું શીખવા અને શીખવવા માટેનું મટીરીયલ્સ બનાવવામાં આવે તો વિધ્યાર્થીઓને ઘણી મદદ મળી રહે તેમ હતી.દિવાલ પર લગાવી શકાય તેવા વ્યાકરણનાં વિવિધ મુદ્દાઓ જેવા કે,વાક્યનાં પ્રકાર,સંજ્ઞાનાં પ્રકાર,વિશેષણનાં પ્રકાર,કહેવત,સુવિચાર,કાળનાં પ્રકારનો સમાવેશ કરતી WALL BOOK બનાવવામાં આવી છે.ગુજરાતી વિષયની વ્યાકરણની અધ્યયન નિષ્પતિઓ સિધ્ધ કરવા માટે આ WALL BOOK ખૂબ જ ઉપયોગી છે. વિધ્યાર્થીઓને ગુજરાતી ભાષા સજ્જતા શીખવતી વખતે સંદર્ભ સાહિત્ય તરીકે ઉપયોગ કરવામાં આવે છે.વિધ્યાર્થીઓને ગૃહકાર્ય પણ તેમાંથી આપી શકાય છે. વિધ્યાર્થીઓને કોઈ મુદ્દો અઘરો લાગે તો વિશેષ મહાવરો આ બુકમાંથી મળી રહે છે. આ ઉપરાંત શબ્દકોશ,કહેવતો,રૂઢિપ્રયોગો,વિરામચિહ્નો,વિરોધી શબ્દો,વિશેષણનાં પ્રકારને લગતા ઉપયોગી TLM પણ બનાવ્યા છે.

**5. મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુક્તિ વગેરેની વિગત) :** મૌખિક પ્રશ્નોતરી, વર્ગીકરણ, સ્વ-મૂલ્યાંકન, અવલોકન, નિરીક્ષણ

**6. લક્ષ્ય જૂથ અને લાભાર્થીની સંખ્યા :** ધોરણ- ૬ થી ૮ કુલ- ૨૫

**7. આપના ઇનોવેશનનો અમલ અન્ય શાળા દ્વારા કરવામાં આવ્યો હોય તો તેની વિગત :** હા.

**8. પરિણામો :** (ડેટા સબંધિત -આધાર પુરાવા સાથે)
ગુજરાતી વિષયનું પાયાનું જ્ઞાન મજબૂત બને. શિક્ષણ સુધારણામાં નોંધપાત્ર સુધારો જોવા મળેલ. એકમ કસોટીમાં વ્યાકરણને લગત પ્રશ્નોનાં જવાબ સાચા જોવા મળેલ તેમજ રૂચિ કેળવાય.

**9. ઉપયોગિતા :** પ્રાથમિક શાળામાં બાળકને પાયાનું જ્ઞાન મજબૂત બનવામાં મહત્વની ભુમિકા ભજવે છે. ગુજરાતી વિષયની અધ્યયન નિષ્પતિ સિધ્ધ કરવા મહત્વની કડી સમાન છે.

**10. નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :** હાલ કાર્યરત છે.

❖ ઇનોવેટરનું નામ : પરમાર નિલેશભાઈ ધુળાભાઈ ❖ હોદો : જ્ઞાન સહાયક
❖ શાળા/સંસ્થાનું નામ : મોડેલ ડે સ્કૂલ વાંટાવચ્છ ❖ તાલુકો/SVS : સાયલા
❖ ક્લસ્ટર/~~QDC~~ : સાયલા-ચોટીલા-થાન QDC ❖ મોબાઈલ નંબર : 9558330862
❖ ઈમેલ આઈડી : nilesh97.parmar@gmail.com



❖ નવતર પ્રયોગનું મુખ્ય ક્ષેત્ર : NEP 2020 અને NCF SE સબંધિત...
❖ નવતર પ્રયોગનું પેટાક્ષેત્ર : e. સેકન્ડરી સ્ટેજ સબંધિત ઇનોવેટીવ અધ્યયન અધ્યાપન પ્રક્રિયા અને મૂલ્યાંકન
❖ નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત
❖ નવતર પ્રયોગનો સમયગાળો : જૂન થી માર્ચ
❖ નવતર પ્રયોગ ક્યાં ધોરણ સાથે સંકળાયેલ છે ? ધોરણ 10
❖ નવતર પ્રયોગ સાથે સંકળાયેલ મુખ્ય અધ્યયન નિષ્પતિ ક્રમાંક : -
❖ વિભાગ : માધ્યમિક
❖ ફોટોગ્રાફ / વિડીયો લિંક / કયુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયોનો QR :
❖ ઇનોવેશનનું શીર્ષક : "બહુમાધ્યમ અને એડપ્ટિવ લર્નિંગ દ્વારા શૈક્ષણિક ઉન્નતિ"

**1. સમસ્યા:**

- પરંપરાગત શૈક્ષણિક પદ્ધતિ દ્વારા અધ્યાપન પ્રક્રિયામાં વિદ્યાર્થીઓમાં જોવા મળતી નીરસતા.
- ગણિત-વિજ્ઞાન વિષયની સંકલ્પના સ્પષ્ટીકરણમાં જોવા મળતી તકલીફો.
- ગણિત વિજ્ઞાન વિષયમાં રસ રુચિનો અભાવ.
- S.S.C બોર્ડ પરીક્ષાનું નબળું પરિણામ.

**2. ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**

ગણિત-વિજ્ઞાન વિષયની સંકલ્પના સ્પષ્ટીકરણમાં જોવા મળતી તકલીફો અને અભ્યાસમાં નિરસતાને કારણે S.S.C બોર્ડનું પરિણામ નબળું આવવું.

**3. ઇનોવેશન માટેની પ્રયુક્તિ, સાધન સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :**

- **પ્રયુક્તિ** ; નિદર્શન અને પ્રયોગાત્મક પદ્ધતિ, એસાઈમેન્ટ કાર્ય, પ્રશ્નોત્તરી (ક્વિઝ)
- **સાધનસામગ્રી** : Gshala, ખાન એકેડમી ઍપ્લિકેશન, એસાઈમેન્ટ કાર્ય, ડેઈલી હોમવર્ક, એકમ આધારિત કોન્સેપ્ટ મેપ અને ગણિત-વિજ્ઞાન ક્વિઝ
- **સમયગાળો** : દર શૈક્ષણિક સત્રના શરૂઆત થી અંત સુધી...
- **અધ્યયન નિષ્પતિ** : -

**4. નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**

અધ્યયન અને અધ્યાપન પ્રક્રિયાને વધુ અસરકારક અને આનંદમય બનાવવા માટે Gshala અને ખાન એકેડમી જેવી દ્રશ્ય-શ્રાવ્ય અને એનિમેશન વિડીયો આધારિત એપ્લિકેશનનો ઉપયોગ કરવામાં આવ્યો. બ્લુ પ્રિન્ટ આધારે બોર્ડની પરીક્ષામાં વધુ ગુણભાર ધરાવતા એકમોના ટાર્ગેટ કરી મહત્વપૂર્ણ પ્રશ્નોની અસાઇમેન્ટ કાર્ય કરાવ્યું, જેથી પરીક્ષાના અંતિમ

સમયમાં તેનો ઉપયોગ કરી શકે. એકમના પૂર્ણ થયા બાદ અથવા સંપૂર્ણ અભ્યાસ પૂરો થયા બાદ કોન્સેપ્ટ મેપ આધારે એકમનું વધુ સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું. ઉપરાંત, રોજના ગૃહકાર્ય તરીકે ગણિત-વિજ્ઞાનનાં 1-1 પ્રશ્ન 3 વાર લખીને તૈયાર કરવામાં આવ્યું. બોર્ડની પરીક્ષામાં હેતુલક્ષી પ્રશ્નોનો ગુણભાર વધુ હોવાથી વિજ્ઞાન-ગણિત વિષય માટે ક્વિઝ સ્પર્ધાનું આયોજન રાખ્યું. જેના કારણે બોર્ડની પરીક્ષામાં સકારાત્મક સુધારો જોવા મળ્યો.

**5. મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુક્તિ વગેરેની વિગત)**

એકમ કસોટી, રાઉન્ડ ટેસ્ટ, અને પ્રથમ અને દ્વિતીય પરીક્ષા દ્વારા મૂલ્યાંકન

**6. લક્ષ્ય જૂથ અને લાભાર્થીની સંખ્યા :**

લક્ષ્ય જૂથ: ધોરણ 10 અને લાભાર્થીની સંખ્યા : 154


**7. આપના ઇનોવેશનનો અમલ અન્ય શાળા દ્વારા કરવામાં આવ્યો હોય તો તેની વિગત :**

ના

**8. પરિણામો : (ડેટા સબંધિત -આધાર પુરાવા સાથે)**

- શાળાકીય પરીક્ષામાં અને એસ.એસ.સી બોર્ડનું વિભાગ Aના હેતુલક્ષી પ્રશ્નોના ગુણમાં વધારો.
- ધોરણ 10નું S.S.C બોર્ડનું પરિણામમાં વધારો.

**છેલ્લા 3 વર્ષનું S.S.C બોર્ડનું પરિણામ**




| | વર્ષ 2021-22 | વર્ષ 2022-23 | વર્ષ 2023-24 |
|---|---|---|---|
| કુલ વિદ્યાર્થી | 61 | 46 | 46 |
| પાસ | 40 | 35 | 44 |
| નાપાસ | 21 | 11 | 2 |
| ટકાવારી (%) | 65.37 | 76.08 | 95.65 |

■કુલ વિદ્યાર્થી ■પાસ ■નાપાસ ■ટકાવારી (%)

**9. ઉપયોગિતા :**

- એસાઈમેન્ટ અને કોન્સેપ્ટ મેપ જેવી રચનાત્મક પ્રવૃત્તિ થકી લાંબા અને કઠિન લાગતાં પ્રશ્નો યાદ રાખવું સરળ બને.
- હેતુલક્ષી પ્રશ્નોના ક્વિઝ માધ્યમથી અસરકારક રીતે આત્મસાત કરી શકે.
- કોન્સેપ્ટ મેપ આધારિત વિષય વસ્તુને સરળતાથી સમજી તેમજ યાદ રાખી શકાય.
- શાળાનું S.S.C બોર્ડનું પરિણામ વધારી શકાય.

**10. નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :**

આ નવતર પ્રયોગ ખુબ જ સારી અને પરીણામસભર સ્થિતિમાં ચાલુ છે.

❖ **ઇનોવેટરનું નામ : પરમાર ચંદ્રિકાબેન** ધુળાભાઈ ❖ **હોદો** : આચાર્ય

❖ **શાળા/સંસ્થાનું નામ** : અમરાપુર પ્રાથમિક શાળા ❖ **તાલુકો/SVS** : સાયલા



❖ **ક્લસ્ટર/~~QDC~~**: સુદામડા -1 ❖ **મોબાઈલ નંબર : 8511325726**

❖ **ઈમેલ આઈડી** : chandrikavparmar87@gmail.com

❖ **નવતર પ્રયોગનું મુખ્ય ક્ષેત્ર** : 3. શાળા વ્યવસ્થાપન અને ભાવાવરણ વિકાસ

❖ **નવતર પ્રયોગનું પેટાક્ષેત્ર** : e. અસરકારક શાળા / વર્ગખંડ વ્યવસ્થાપન

❖ **નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત** : **વ્યક્તિગત**

❖ **નવતર પ્રયોગનો સમયગાળો** : જૂન થી માર્ચ

❖ **નવતર પ્રયોગ ક્યાં ધોરણ સાથે સંકળાયેલ છે** ? : બાલવાટિકા,ધોરણ 1 થી 5

❖ **નવતર પ્રયોગ સાથે સંકળાયેલ મુખ્ય અધ્યયન નિષ્પતિ કમાંક** : 306.2, ૩૦૬.૩

❖ **વિભાગ** : પ્રાથમિક

❖ **ફોટોગ્રાફ / વિડીયો લિંક / કયુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયોનો QR** :

❖ **ઇનોવેશનનું શીર્ષક** : "શાળામાં ભાવાત્મક વાતાવરણની અસરકારકતા"

**1. સમસ્યા:**

- વિદ્યાર્થીઓમાં રહેલો શિક્ષક પ્રત્યેનો ડર.
- પરંપરાગત શૈક્ષણિક પદ્ધતિ દ્વારા વિદ્યાર્થીઓમાં જોવા મળતી નીરસતા.
- શાળાકીય પ્રવૃતિમાં રસ રુચિનો અભાવ.

**2. ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**

વિદ્યાર્થીઓ શૈક્ષણિક પ્રવૃત્તિ કે સહ-અભ્યાસિક પ્રવૃત્તિમાં સહભાગી થવામાં ખચકાટ અનુભવતા હતા તેની શાળાના પરિણામ પર અસર જોવા મળી હતી.

**3. ઇનોવેશન માટેની પ્રયુક્તિ, સાધન સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :**

- **પ્રયુક્તિ** ; નિદર્શન, પ્રોજેક્ટ કાર્ય, સહ અભ્યાસિક પ્રવૃતિ
- **સાધનસામગ્રી** : પ્રોજેક્ટર
- **સમયગાળો** : દર શૈક્ષણિક સત્રના શરૂઆત થી અંત સુધી...
- **અધ્યયન નિષ્પતિ** : 306.2 ભાવાત્મક પ્રતિભાવ આપે છે.

**4. નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**

શાળામાં વિદ્યાર્થીઓ સાથે સુમેળભર્યા સંબંધો તેમજ ભાવાત્મક વાતાવરણ કેળવાય તે હેતુ સાથે જુદી જુદી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રવૃત્તિઓ અંતર્ગત સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ જેવી કે ચિત્રકામ, ચીટકકામ, વેશભૂષા, નાટક, નૃત્ય, રંગોળી બનાવવી, કિચન ગાર્ડન, ટેકનોલોજી દ્વારા શિક્ષણ, દિન વિશેષની ઉજવણી, સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરે પ્રવૃત્તિ કરાવવામાં આવી જેમાં બાળકોની સાથે સાથે શિક્ષક પોતે પણ જોડાયા અને બાળકોને પ્રેમ અને હૂંફ આપી બાળકોના મનમાં શાળા-શિક્ષક પ્રત્યેનો ડર હોય, તે દૂર કરવાના પ્રયત્નો કરવામાં આવ્યા. બાળકોમાં સાહજીકતા અને સર્જનાત્મકતા વિકસે તેવા પ્રયત્ન સક્રિય રીતે કરવામાં આવ્યા. આ ઈનોવેશન અંતર્ગત બાળકોમાં સર્જનાત્મકતા જોવા મળી. બાળકો કોઈ પણ જાતના ડર વિના દરેક પ્રવૃત્તિમાં સહભાગી થવા લાગ્યા અને બાળકોની સુષુપ્ત શક્તિઓ ખીલી ઉઠી.

**5. મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુક્તિ વગેરેની વિગત)**

એકમ કસોટી,પ્રથમ અને દ્વિતીય પરીક્ષા અને અવલોકન દ્વારા મૂલ્યાંકન.

**6. લક્ષ્ય જૂથ અને લાભાર્થીની સંખ્યા :**

લક્ષ્ય જૂથ : ધોરણ 3,૪,૫ અને લાભાર્થીની સંખ્યા : 30

**7. આપના ઇનોવેશનનો અમલ અન્ય શાળા દ્વારા કરવામાં આવ્યો હોય તો તેની વિગત :**

ના

**8. પરિણામો : (ડેટા સબંધિત -આધાર પુરાવા સાથે)**

- ૯૦% બાળકોએ જાતે શીખવાની પહેલ કરી ૯૦% બાળકોને જ્ઞાન શક્તિમાં વધારો થયો.
- ૭૫% બાળકો એકમ કસોટી તથા સત્રાંત કસોટીમાં ૮૦ થી ૯૫% સુધીનું ગુણાંકન ધરાવે છે.
- બાળકોની નિયમિત હાજરી ૯૦ થી ૧૦૦% રહે છે.
- ૨૦૨૩ ની પ્રાથમિક ચિત્રકામની પરીક્ષાનું ૯૦% પરિણામ.
- ૨૦૨૨-૨૩ ની CET ની પરીક્ષામાં ૯૦% બાળકો પાસ થયા અને ૬૦% બાળકોનો મેરીટ લીસ્ટમાં સમાવેશ.
- ૨૦૨૩ -૨૪ ની CET પરીક્ષામાં ૭૦% બાળકો પાસ થયા અને ૩૮% બાળકોનો મેરીટ લીસ્ટમાં સમાવેશ થયો.
- બાળકો શાળાની દરેક પ્રવૃત્તિમાં ઉત્સાહથી સહભાગી થવા લાગ્યા.

**9. ઉપયોગિતા :**

- શાળામાં ભાવાત્મક વાતાવરણ શૈક્ષણિક તથા સામાજિક વિકાસ માટે ખૂબ મહત્વપૂર્ણ છે.
- બાળકના સર્વાંગી વિકાસમાં શાળાના વાતાવરણનો અસરકારક ઉપયોગ શિક્ષણક્ષેત્રે નવી દિશાઓ આપે છે.

**10. નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :**

આ નવતર પ્રયોગ ખુબ જ સારી અને પરીણામ સભર સ્થિતિમાં ચાલુ છે.




❖ ઇનોવેટરનું નામ: સ્વાતિબેન એ. મણવર ❖ હોદો : શિક્ષણ સહાયક

❖ શાળા/સંસ્થાનું નામ: મોડેલ સ્કૂલ સાયલા ❖ તાલુકો/SVS : સાયલા

❖ ક્લસ્ટર/QDC : સાયલા - 3 ❖ મોબાઈલનંબર : 8320361921

❖ ઈમેલ આઈડી : swatimanvar333@mail.com


❖ નવતર પ્રયોગનું મુખ્યક્ષેત્ર : 3

❖ નવતર પ્રયોગનું પેટાક્ષેત્ર : 3a (વિદ્યાર્થીઓના સારા માનસિક સ્વાસ્થ્ય માટેની મનોમાવજત)

❖ નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત : સામુહિક

❖ નવતર પ્રયોગનો સમયગાળો : જૂન થી મે

❖ નવતર પ્રયોગ ક્યાં ધોરણ સાથે સંકળાયેલ છે ? : ધો - ૯ થી ૧૨

❖ નવતર પ્રયોગ સાથે સંકળાયેલ મુખ્ય અધ્યયન નિષ્પતિ કમાંક : - ❖ વિભાગ : માધ્યમિક

❖ ફોટોગ્રાફ / વિડીયોલિંક / કયુઆરકોડ / નવતરપ્રયોગનીપ્રક્રિયાનોવિડીયોનોQR :

❖ ઇનોવેશનનું શીર્ષક : પ્રાર્થના પદ્ધતિ અને વ્યવસ્થા ( પ્રસ્તુતિ તથા વ્યવસ્થામાં નવાચાર )

**1. સમસ્યા:**

- વિદ્યાર્થીઓમાં અનુશાસન, એકસુત્રતા, ગુણવતા, મૌલિકતા, ગુણ, મૂલ્ય, ભારતીય જ્ઞાન પરંપરાના સમાવેશનો તથા કાર્યક્રમો દ્વારા ક્રમિક વિકાસની પ્રક્રિયાનો અભાવ

**2. ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**

- શાળાના વિદ્યાર્થીઓમાં અનુશાસનનો ખૂબ અભાવ હતો. સ્વયંભૂ શિસ્તનો અભાવ જોવા મળતો.તેમજ મૂલ્યો અને ભારતીય પરંપરા વિસરાતી જતી હતી. પ્લેયર આવતા ગાયન વાદન લગભગ ભુલાતા જતા હતાં. એક જ જૂની પ્રાર્થના એક જ ભાષામાં ગવાતી હતી.

**3. ઇનોવેશન માટેની પ્રયુક્તિ, સાધનસામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :**

પ્રયુક્તિ. : -

સાધનસામગ્રી : તબલા , હાર્મોનિયમ , મંજીરા ,ઢોલક , સ્માર્ટ સ્ક્રિન

સમયગાળો : જૂન થી મે ( સમગ્ર શૈક્ષણિક વર્ષ )

અધ્યયન નિષ્પતિ : -

**4. નવતરપ્રયોગનુંવિગતવારવર્ણન :**

- પ્રાર્થના સંમેલનમાં પ્રસ્તુતિ અને વ્યવસ્થામાં નવાચાર કરવામાં આવ્યો. જેમાં નીચેના મુદાઓ પર ધ્યાન આપવામાં આવ્યું.

- (1) નવીન પ્રાર્થનાઓ (2) અલગ અલગ ભાષામાં પ્રાર્થનાઓ (3) NEP 2020 મુજબના ગીતાના શ્લોક (4) વિષયસૃષ્ટિ અનુસાર પ્રાર્થના સંમેલનની પ્રસ્તુતિ (5) નિર્દોષ જન ગણ મન અને વંદે માતરમ્ (6) મૌલિક અને કંઠસ્થ પ્રસ્તુતિ (7) વાદન દ્વારા જીવંતતા અને લયબદ્ધતા (8) શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓની સમીક્ષા (9) પ્રાણાયામ અને ધ્યાનનો સમાવેશ (10) પ્રશ્નોતરી દ્વારા જ્ઞાનમાં વધારો (11) બેઠક વ્યવસ્થા

**5. મૂલ્યાંકનનીવિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુક્તિવગેરેનીવિગત) :**

- પ્રાર્થના પ્રસ્તુતિમાં મૂલ્યાંકન કરતા જણાયું કે વિદ્યાર્થીઓમાં આ નવાચારથી જીવંતતા આવી છે. – શિક્ષકોની સમીક્ષાથી તેમના દોષો સુધર્યા છે. – શુદ્ધ ઉચ્ચારણ સાથે પ્રાર્થના , શ્લોકો , રાષ્ટ્રગીત , રાષ્ટ્રગાન બોલી શકે છે. – તમામ પ્રસ્તુતિ કંઠસ્થ અને મૌલિક થાય તેનો આગ્રહ હોવાથી આત્મવિશ્વાસ કેળવાયો છે. – વિષયસૃષ્ટિ મુજબ પ્રસ્તુતિથી શોધખોળ વૃતિ વિકસી છે. – વાદન દ્વારા જીવંતતા આવી છે. – વિદ્યાર્થીઓ રસ અને રુચિપૂર્વક પ્રાર્થનામાંથી ઘણી માહિતીઓ શીખતા થયા છે.

**6. લક્ષ્ય જૂથ અને લાભાર્થીનીસંખ્યા :**

- ધો – 9 થી 12 , વિદ્યાર્થીઓની સંખ્યા : 225

**7. આપનાઇનોવેશનનોઅમલઅન્યશાળાદ્વારાકરવામાંઆવ્યોહોયતોતેનીવિગત :**

- ના

**8. પરિણામો : (ડેટાસબંધિત -આધારપુરાવાસાથે)**

- વિષયસૃષ્ટિ(**Theme**) નિશ્ચિત થતાં વિદ્યાર્થીમાં શોધ અભિગમનો(**Apttitide for Discovery**)વિકાસ - કાર્યક્રમોની પ્રસ્તુતિમાં કંઠસ્થીકરણ અને મૌલિકતાનો સમન્વય - સતત સમીક્ષા દ્વારા ગુણવત્તામાં ઉત્કૃષ્ટતા તરફ પ્રગતિ - **No repeat theory** ના કારણે નાવીન્ય અને રોચકતા - કૃતિની નિર્દોષતા તરફ કેળવાતી માનસિકતા - સમયપાલન અને બેઠક વ્યવસ્થા દ્વારા અનુશાસનમાં સફળતા - પ્રસંગ અને અનૌપચારિક વક્તવ્યો દ્વારા મૂલ્ય વર્ધન ( વ્યસનમુક્તિ ) - અનુશાસન વૃદ્ધિ : તમામ વિદ્યાર્થી પદવેશ કતારમાં ઉતારે છે; વાહન એક જ કતારમાં પાર્ક કરે છે; મોડા આવવાનું પ્રમાણ ઘટી ચૂક્યું છે અને હવે નહિવત્ છે. - ભારતીય જ્ઞાન પરંપરા આધારિત પ્રસ્તુતિને કારણે રાષ્ટ્ર પ્રત્યે ગૌરવનો ભાવ વિકસ્યો છે. - વંદે માતરમ્ તથા જન ગણ મન નું ગાન તદ્દન નિર્દોષ અને તદ્દન સમયસર થતાં રાષ્ટ્રીય પ્રતીકો પ્રત્યે આદર અને માન જાળવવાનો આગ્રહ વિકસ્યો છે.

**9. ઉપયોગિતા :**

- અનુસાશન વૃદ્ધિથી વિદ્યાલયના સંચાલનમાં સ્નિગ્ધતા આવી છે; સરળતા આવી છે. - ઉત્કૃષ્ટતા એક આગ્રહ બનીને વિદ્યાર્થીઓમાં ઉભરે છે. હવે તેઓ દરેક કૃતિ નિર્દોષ બને એ દિશામાં પ્રયત્નશીલ હોય છે. - ગાયન, વાદન અને વકતૃત્વનો એક કલાની દૃષ્ટિએ વિદ્યાર્થી વ્યક્તિગત જીવનમાં કરતા થયા છે. - કૃતિશીલ દેશભક્તિ(સ્વચ્છતા રાખવી, પ્લાસ્ટિકને ટાળવું,સંસ્કૃતિ સન્માન) જેવો ભાવ વિકસાવી શકાયો છે.

**10. નવતરપ્રયોગનીવર્તમાનસ્થિતિ :**

- શરુ જ છે. અને સારી સ્થિતિમાં છે. કાર્યરત પણ છે.

❖ ઇનોવેટરનુંનામ : નદીમખાન  વાહીદખાન પઠાણ ❖ હોદો : મદદનીશ શિક્ષક

❖ શાળા/સંસ્થાનુંનામ : શ્રી ફૂલવાડી પ્રા.શાળા તા.લીંબડી ❖ તાલુકો/SVS : લીબંડી

❖ ક્લસ્ટર/~~QDC~~ : નાની કઠેચી ❖ મોબાઈલનંબર : 9737476723

❖ ઈમેલઆઈડી : kingofrivers0612@gmail.com

❖ નવતર પ્રયોગનું મુખ્યક્ષેત્ર : NEP 2020 અંતર્ગત

❖ નવતર પ્રયોગનું પેટાક્ષેત્ર : G ઇનોવેટીવ શિક્ષણ પદ્ધતિ

❖ નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

❖ નવતર પ્રયોગનો સમયગાળો : સપ્ટેમ્બર 2024 થી આજ સુધી

❖ નવતર પ્રયોગ ક્યાં ધોરણ સાથે સંકળાયેલછે ? : ધોરણ ૩ થી ૮

❖ નવતર પ્રયોગ સાથે સંકળાયેલ મુખ્ય અધ્યયન નિષ્પતિક્રમાંક : m 1765

❖ વિભાગ : પ્રાથમિક ❖ ઇનોવેશનનું શીર્ષક : Maths GO Play



**1. સમસ્યા:** શાળાના બાળકોમાં ગણન પ્રત્યે ઉદાસિનતા જોવા મળતી હતી

**2. ઇનોવેશનપૂર્વેનીસ્થિતિ (ડેટાઅનેતેસબંધીઆધાર-પુરાવા) :** શાળામાં વિદ્યાર્થીઓમાં ગણિત વિષય પરત્વે જાગ્રુતિ જોવા મળતી ન હતી.વિદ્યાર્થીઓ ગણિતમા નિરસ જોવા મળતા હતા.બાળકોમાં તર્ક શક્તિનો અભાવ જોવા મળતો હતો.

**3. ઇનોવેશનમાટેનીપ્રયુક્તિ, સાધનસામગ્રી, સમયગાળોઅનેલક્ષ્યજૂથ :**

પ્રયુક્તિ : મેદાની રમત  સાધનસામગ્રી: રમતનું મેદાન  સમયગાળો સપ્ટેમ્બર 2024 થી

અધ્યયન નિષ્પતિ : G 1007 વિદ્યાર્થીઓ કાવ્ય, નિબંધ, નવલિકા વિશે સમજે છે અને આત્મસુઝથી લખે છે.

**4. નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :** આ નવતર પ્રયોગ  ધોરણ 3 થી 8 ના વિદ્યાર્થીઓમાં ગણિત વિષય પરત્વે નિષ્ક્રિયતા દુર કરવા કરવામાં આવ્યો હતો.જેમાં વિદ્યાર્થીઓને ગણિત વિષયમાં રસ લેતા કરવા માટે મેદાની રમતોનો આશરો લેવામાં આવ્યો હતો.શાળાના વિદ્યાર્થીઓને કબડ્ડી,એથ્લેટીક્સ,યોગા જેવી રમતોના માધ્યમ થી બાળકોમાં તર્ક શક્તિ,ગણન શકિત ,શારિરિક ક્ષમતા જેવા કૌશલ્યો વિક્સાવી શકયા હતા. વિદ્યાર્થીઓ નવતર પ્રયોગના માધ્યમ  થકી રમત ગમતના ક્ષેત્રે ખેલ મહા કુંભ 2024માં તાલુકા કક્ષાએ દિકરીઓ કબડ્ડી રમતમાં તાલુકા કક્ષાએ પ્રથમ ક્રમાંક મેળવ્યો.આમ,ગણિત વિષય રમત ગમત ના માધ્યમથી  શીખવા સાથે રમત ગમતના ક્ષેત્રોમાં પણ આ ઇનોવેશમન ઉપયોગી સાબિત થાય છે.

**5. મૂલ્યાંકનનીવિગતો (મૂલ્યાંકનઉપકરણ, પ્રયુક્તિ વગેરેની વિગત) :** રમત,ગણન

**6. લક્ષ્ય જૂથ અને લાભાર્થીનીસંખ્યા :** ધોરણ 3 અને 8

**7. આપના ઇનોવેશનનો અમલ અન્ય શાળા દ્વારા કરવામાં આવ્યો હોય તો તેની વિગત :** ના

**8. પરિણામો :** (ડેટાસબંધિત -આધારપુરાવાસાથે) : વિદ્યાર્થીઓ ગણિત વિષયમાં રસ લેતા થયા,રમત ગમતના ક્ષેત્રોમાં બાળકો લીંબડી તાલુકા કક્ષાએ વિવિધ રમતોમાં શ્રેષ્ઠ પરિણામ લાવ્યા.જેમાં કબડ્ડીની રમતમાં બહેનો અંડર 14 કબડ્ડી રમતમાં લીંબડી તાલુકા કક્ષાએ ખેલ મહાકુંભમાં તાલુકા દ્વિતીય આવેલ જે આ ઇનોવેશન ની સફળતા છે.આ ઉપરાંત ભાઇઓ પણ વિવિધ રમતોમાં તાલુકા કક્ષાએ દ્વિતીય સ્થાન મેલવેલ જે આ નવતર પ્રયોગના પરિણામ કહી શકાય.

**9. ઉપયોગિતા :** વિદ્યાર્થીઓમાં ગણન શક્તિ વિકસિત થાય છે બાળકો ને રમત પ્રિય હોવાથી રમતાં રમતાં સરળતાથી ગણિત વિષય શિખી શકે છે.આમ રમત ગમત ના માધ્યમ થકી આ ઇનોવેશન ગણિત વિષય શિખવા ખુબજ ઉપયોગી છે.

**10. નવતરપ્રયોગનીવર્તમાનસ્થિતિ :** હાલ નવતર પ્રયોગ શરુ  છે, સારી સ્થિતિમાં છે અને કાર્યરત  છે.

❖ ઇનોવેટરનું નામ : જીવણભાઈ બી. વાઘેલા ❖ હોદો : મદદનીશ શિક્ષક

❖ શાળા/સંસ્થાનું નામ : કન્યા શાળા શિયાણી ❖ તાલુકો/SVS : લીંબડી

❖ ક્લસ્ટર/QDC : શિયાણી ❖ મોબાઈલ નંબર : **9998500708**

❖ ઈ મેલ આઈડી : **jbvaghela10@mail.com**



❖ નવતર પ્રયોગનું મુખ્યક્ષેત્ર : 5. આ ઉપરાંતના અન્ય શૈક્ષણિક નવતર પ્રયોગ

❖ નવતર પ્રયોગનું પેટાક્ષેત્ર : પ્રવૃત્તિ અને રમત દ્વારા ગણિત શિક્ષણ

❖ નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

❖ નવતરપ્રયોગનોસમયગાળો : જૂન થી મેં

❖ નવતર પ્રયોગ ક્યાં ધોરણ સાથે સંકળાયેલ છે? : ધોરણ ૩ થી ૫

❖ નવતર પ્રયોગ સાથે સંકળાયેલ મુખ્ય અધ્યયન નિષ્પતિ ક્રમાંક : 301, 305, 310, 312, 302.1, 408, 409, 403, 403.1, 402.1, 11.1, 404, 413, 509.1, 502.2, 510.1, 510.2, 508, 511

❖ વિભાગ : પ્રાથમિક

❖ ફોટોગ્રાફ / વિડીયોલિંક / કયુઆરકોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયોનો QR :

❖ ઇનોવેશન નું શીર્ષક : પ્રવૃત્તિ અને રમત દ્વારા ગણિત શીખીએ.

**1. સમસ્યા :**

ગણિત શિક્ષણમાં કચાશ અને નીરસતા

**2. ઇનોવેશનપૂર્વેનીસ્થિતિ (ડેટાઅનેતેસબંધીઆધાર-પુરાવા) :**

ધોરણ ૩ થી ૫ માં વિદ્યાર્થીઓને ગણિત વિષયમાં ખુબજ કંટાળો આવતો અને યાદ રહી શકતું નહિ. આથી આ વિષય વિદ્યાર્થીઓને ભારરૂપ તેમજ કંટાળા જનક લાગતો. એક એકમ પૂર્ણ કરી આગળનો એકમ ચલાવતા અગાઉનું શીખેલું વિધ્યાર્થી ભૂલી જતા તેમજ કસોટી અને સત્રાંત મૂલ્યાંકનમાં ખુબજ ઓછું પરિણામ આવતું આથી શૈક્ષણિક પ્રક્રિયામાં બાળકોમાં વર્ગ વ્યવહારમાં.શીખવા-શીખવવાની પ્રક્રિયામાં અસરકારક વર્ગ વ્યવસ્થા જોવા મળતી ન હતી.જેના નિવારણ માટે પ્રવૃત્તિ અને રમત આધારીત અભિગમનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**3. ઇનોવેશનમાટેનીપ્રયુક્તિ, સાધનસામગ્રી, સમયગાળોઅનેલક્ષ્યજૂથ :**

પ્રયુક્તિ : પ્રવૃત્તિ અને રમત આધારિત અધ્યયન પ્રક્રિયા : નિદર્શન, પ્રદર્શન, પ્રવૃત્તિ, રમત

સાધનસામગ્રી : કાગળ, કાર્ડસીટ, ગુંદર, પ્લાસ્ટિક બોટલ, લખોટી, વિગેરે અનેક.

સમયગાળો : જૂન થી સત્રના અંત સુધી....

અધ્યયન નિષ્પતિ: 301, 305, 310, 312, 302.1, 408, 409, 403, 403.1, 402.1, 11.1, 404, 413, 509.1, 502.2, 510.1, 510.2, 508, 511 -

**4. નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**

ધોરણ ૩ થી ૫ માં ગણિતનો કોઈપણ એકમ શીખવતા પહેલા બાળકોને તેને લગતી પ્રવૃત્તિ અથવા તો રમત રમાડવામાં આવે છે. અને તેમજ જે તે એકમની અધ્યયન નિષ્પત્તિ આધારિત હેતુ સિદ્ધ કરવામાં આવે છે. વિધ્યાર્થીઓને વિષયનું ભારણ લાગતું નથી. તેઓને રમત અથવા પ્રોજેક્ટ કાર્ય કરી રહ્યા છીએ તેવું અનુભવે છે. ત્યાર બાદ એકમ આધારિત ગણન કાર્ય કરવામાં આવે છે. સ્થાનિક પર્યાવરણમાંમળી શકે તેવી વસ્તુઓ દ્વારા રમત અને પ્રવૃત્તિ દ્વારા ગણિત વિષય ભણાવવામાં આવે છે.

**5. મૂલ્યાંકનનીવિગતો (મૂલ્યાંકનઉપકરણ, પ્રયુક્તિવગેરેનીવિગત):**

પ્રવૃત્તિ, રમત, નિરિક્ષણ, ગણન,મૌખિક પ્રશ્નોત્તરી

**6. લક્ષ્ય જૂથ અને લાભાર્થીનીસંખ્યા :**

ધોરણ ૩ થી ૫. સંખ્યા – ૯૦

**7. આપના ઇનોવેશનનો અમલ અન્ય શાળા દ્વારા કરવામાં આવ્યો હોય તો તેની વિગત:**

ખ્યાલ નથી.

**8. પરિણામો : (ડેટાસબંધિત -આધારપુરાવાસાથે)**

- પ્રત્યક્ષ કરેલ કાર્ય અને રમત દ્વારા શીખેલી વધું યાદ રહ્યું.
- મોટા ભાગના બાળકોમાં બેસ્ટ પરિણામ મળ્યું છે.
- રમત અને પ્રવૃત્તિના પ્રયોગથી બાળકને સરળતાથી સમજાતા ભણવાની પ્રક્રિયા ઝડપી બની છે.
- શિક્ષણની ગુણવત્તા સુધારણામાં અસરકારક બની છે.
- ગણિતનાં અભ્યાસક્રમમાં ખૂબ સારા પરિણામ આપે છે.
- જ્ઞાન સાથે ગમ્મતનો ૧૦૦ % હેતુ સિદ્ધ થાય છે.- રમતના માધ્યમથી ૭૦ % બાળકોને યાદ રહે છે.
- કૌશલ્ય, નિર્ણય શક્તિ, જટિલ અને તાર્કિક ચિંતન, સમસ્યા ઉકેલ, પ્રત્યાયન, વિવેચનાત્મક વિચારસરણી અને અનુકુલન ક્ષમતા જેવા કૌશલ્યોનો વિકાસ થયો.

**9. ઉપયોગિતા:**

- શિક્ષણની સાર્થકતા વધે છે.
- બાળકોનું કૌશલ્ય વધે છે.
- જ્ઞાનાત્મક કૌશલ્ય વિકસે.
- સમૂહ ભાવના વિકસે.
- શારીરિક કૌશલ્ય વિકસે.
- અભ્યાસમાં બાળકોમાં રસ,રુચિ વધે છે.
- શીખેલું જ્ઞાન તાજું રહે છે.
- પ્રાથમિક શિક્ષણનો પાયો મજબુત કરવામાં મહત્વનો ભાગ ભજવે છે.

**10. નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :**

- શરુ જ છે. અને સારી સ્થિતિમાં છે. કાર્યરત પણ છે.

❖ ઇનોવેટરનુંનામ : મહેશભાઈ રઘુભાઈ જાંબુકિયા ❖ હોદો : મદદનીશ શિક્ષક

❖ શાળા/સંસ્થાનુંનામ શ્રી પી. જી. એન. એમ. એસ. ગર્લ્સ સ્કૂલ, જોરાવરનગર

❖ તાલુકો/SVS : વઢવાણ ❖ ~~ક્લસ્ટર/QDC~~ : વઢવાણ ❖ મો. નંબર : ૯૭૨૬૯ ૨૭૨૭૫



❖ ઈમેલઆઈડી :**maheshjambukiya82@gmail.com.**

❖ નવતર પ્રયોગનું મુખ્યક્ષેત્ર: નવતર પ્રયોગ

❖ નવતરપ્રયોગનુંપેટાક્ષેત્ર: ધાતુઓની સક્રિયતા શ્રેણી

❖ નવતરપ્રયોગસામુહિકકરેલછેકેવ્યક્તિગત: વ્યક્તિગત

❖ નવતરપ્રયોગનોસમયગાળો: જુન થી મે 2024

❖ નવતરપ્રયોગક્યાંધોરણ સાથેસંકળાયેલછે? ધોરણ ૯ થી ૧૦

❖ નવતરપ્રયોગસાથેસંકળાયેલમુખ્યઅધ્યયનનિષ્પતિકમાંક: ધોરણ 9, ધોરણ સાત 10

❖ વિભાગ: પ્રાથમિક

❖ ફોટોગ્રાફ / વિડીયોલિંક / કયુઆરકોડ / નવતરપ્રયોગનીપ્રક્રિયાનોવિડીયોનોQR :

❖ ઇનોવેશનનુંશીર્ષક : ધાતુઓની સક્રિયતા શ્રેણી

**1. સમસ્યા :** ધાતુઓની સક્રિયતા શ્રેણી સરળતાથી વિધાર્થીઓને યાદ રહેતી નથી.

**2. ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :** ઉત્સાહ જોવા મળતો નહીં. પાઠ્યપુસ્તકમાં આપેલી ધાતુઓની સક્રિયતા શ્રેણી જે ક્રમોમાં યાદ રાખવાની હોય તે રહેતી નથી. એ સમજી ન શકવાના કારણે યોગ્ય જવાબ આપી શકતા નહોતા એકમ કસોટીમાં પરિણામ ઓછું જોવા મળતું અસરકારક વર્ગખંડ જોવા મળતો નહીં.

**3. ઇનોવેશન માટેની પ્રયુક્તિ, સાધનસામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :**

પ્રયુક્તિ : પ્રયુક્તિ-નિદર્શન, પ્રયોગ, અવલોકન કથન સ્વનિર્મિત..... ચર્ચા.

સાધનસામગ્રી : કોપર સલ્ફેટ, સ્ટેન્ડ, બ્યુરેટ, લોખંડની ખીલી

સમયગાળો : જુન થી મે 2024..

**4. મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુક્તિ વગેરેની વિગત) :**

અવલોકન નિરીક્ષણ મૌખિક પ્રશ્ન કથન.લક્ષ્યજૂથઅનેલાભાર્થીનીસંખ્યા : ધોરણ ૯ = ૬૦ ધોરણ ૧૦ = ૫૫

**5. આપનાઇનો વેશનનો અમલ અન્ય શાળા દ્વારા કરવામાં આવ્યો હોય તો તેની વિગત :** ના

**6. પરિણામો :** (ડેટાસબંધિત -આધારપુરાવાસાથે) : બધા બાળકો જોડાય છે વિજ્ઞાન વિષયના ભાગરૂપ કે કંટાળાજનક લાગતો નથી... નાની નાની પ્રવૃત્તિઓ દ્વારા પ્રશ્નોના જવાબ સુધી બાળકો કાર્ય કરી યાદ રાખી શકે છે. પ્રવૃત્તિ સાથે જ્ઞાન મેળવી શકે છે એકમ કસોટીમાં સારા ગુણ મેળવી શકે છે શિક્ષણની ગુણવત્તામાં સુધારો જોવા મળે છે..

**7. ઉપયોગિતા :** ઉત્સાહ વધે છે વિજ્ઞાન વિષય ભારરૂપ કે કંટાળાજનક લાગતું નથી અભ્યાસમાં રસરૂજી વધે છે પાઠ્યપુસ્તકમાં આપેલી એક્ટિવિટી ની સૂચનાઓ સાંભળીને સમજી શકે છે સમજી શકવાના કારણે તે સારું અર્થ ગ્રહણ કરી શકે છે બાળકોનો અસરકારક વર્ગખંડ જોવા મળે છે પ્રયોગ કાર્ય અને જોડી કાર્ય દ્વારા ભાવનાત્મક કૌશલ્ય જોવા મળે છે.

**8. નવતરપ્રયોગનીવર્તમાનસ્થિતિ :** ચાલુ જ છે અને સારી સ્થિતિમાં છે કાર્યરત પણ છે



- **ઇનોવેટરનું નામ** : તારીફમહમંદ ગજ્નીખાન મલેક
- **હોદો** : આચાર્યશ્રી
- **શાળા/સંસ્થાનું નામ** : શ્રીમતી ઝુબેદાબેગમ હાઇસ્કૂલ - જૈનાબાદ
- **તાલુકો/SVS** : દસાડા
- **ક્લસ્ટર/QDC** : દસાડા
- **મો. નંબર** : 9725411404
- **ઈમેલ આઈડી** : tgmalek21@gmail.com
- **નવતર પ્રયોગનું મુખ્ય ક્ષેત્ર : વિશેષ કાર્યક્રમ પુસ્તકાલય તરફ પાછા વળો**
- **નવતર પ્રયોગનું પેટાક્ષેત્ર** :
- **નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત** : સામૂહિક
- **નવતર પ્રયોગનો સમયગાળો** : આવતા ૦૫ વર્ષ સુધી
- **નવતર પ્રયોગ ક્યાં ધોરણ સાથે સંકળાયેલ છે?** : ધોરણ ૦૯ થી ૧૨ તેમજ ગ્રામજનો
- **નવતર પ્રયોગ સાથે સંકળાયેલ મુખ્ય અધ્યયન નિષ્પતિ કમાંક** :
- **વિભાગ** : માધ્યમિક
- **ફોટોગ્રાફ / વિડીયો લિંક / કયુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયોનો QR** :
- **ઇનોવેશનનુંશીર્ષક** : મોબાઈલ લાઈબ્રેરી..

**1. સમસ્યા:** વિદ્યાર્થીમાં ઈતર વાચનનું પ્રમાણ બિલકુલ ઓછુ જોવા મળતું હતું જેને શિક્ષણ સાથે જોડી સંદર્ભ સાહિત્ય સ્વરૂપે પુસ્તકો /લાઈબ્રેરી તરફ જોડાય

**2. ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**
વિદ્યાર્થીમાં ઈતર વાચનનું પ્રમાણ બિલકુલ ઓછુ જોવા મળતું હતું

**3. ઇનોવેશન માટેની પ્રયુક્તિ, સાધન સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :**
**પ્રયુક્તિ**.....ચાર્ટ પુસ્તકો, રીક્ષા, બેનર, ફોટા વાળો ચાર્ટ
**સાધનસામગ્રી :** **સમયગાળો :** **અધ્યયન નિષ્પતિ :**

**4. નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :** આમ જોવા જઈએતો દરેક શાળા માં લાઈબ્રેરી તો હોવાની જ પરંતુ શાળા સમયે બધા તેનો સારો એવો ઉપોયોગ નથી કરી સકતા. બીજું કે પુસ્તકો ફાટી જવા, ખોવાઈ જવા નો પણ ભય રહે છે. અમારી શાળા માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક કક્ષાએ સમય નો પણ અભાવ રહે છે જેનો સદુપયોગ પણ થાય અને વિદ્યાર્થી સાથે તેના વાલી પણ કરી શકે તે ઉદેશ્યથી શાળા કક્ષાએ મોબઈલ લાઈબ્રેરી નવતર પ્રયોગ કરવાનું ૨૦૨૩ ના વર્ષ થી અમલમાં મુકવામાં આવ્યું ઓટો રીક્ષા દ્વારા જૈનાબાદ ગામ અને તેની આજુબાજુ ના ગામમાં રીક્ષા મારફતે હરતું ફરતું પુસ્તકાલય બનાવી શેરી તેમજ અલગ અલગ સોસાયટીમાં ફરી વિદ્યાર્થી તેમજ ગ્રામજનો ને પસંદગી ના પુસ્તકો આપી વાંચન માટે પ્રેરણા પૂરી પાડવામાં આવે છે.

**5. મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુક્તિ વગેરેની વિગત) :**
જે વિદ્યાર્થી ઘરે પુસ્તક વાંચે તેનો સાર કે પરિચય પ્રાર્થનાસભા માં રજુ કરે

**6. લક્ષ્ય જૂથ અને લાભાર્થીની સંખ્યા :** ૧૫૦૦ વ્યક્તિઓ (વિદ્યાર્થી સાથે) વાલી, ગ્રામજનો (સ્કૂલના ટીચર વગેરે)

**7. આપના ઇનોવેશનનો અમલ અન્ય શાળા દ્વારા કરવામાં આવ્યો હોય તો તેની વિગત :**
હજુ સધી આવો નવતર પ્રયોગ થયો હોય તેવું જાણ માં નથી.

**8. પરિણામો :** **(ડેટા સબંધિત -આધાર પુરાવા સાથે)** મોબાઈલ લાઈબ્રેરી નવતર પ્રયોગ દ્વારા સારું એવું પરિણામ પ્રાપ્ત થયું, વિદ્યાર્થી માં ઈતર વાચનની ટેવ પડી સાથે સાથે ગ્રામજનો પોતાના રસ રુચિ મુજબ ના પુસ્તક વાચવા માટે પ્રેરિત થયા

**9. ઉપયોગિતા :**
આ નવતર પ્રયોગ જે વિદ્યાર્થીઓ - શાળા ,ક્લસ્ટર ,તાલુકો ,જીલ્લો રાષ્ટ્રમાં આ પ્રયોગ ચાલુ કરવામાં આવે તો સારું પરિણામ પ્રાપ્ત થઇ શકે

**10. નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :** આ નવતર પ્રયોગ દર શનિ-રવિ વિક એન્ડમાં કરવાનું ચાલુજ છે

# ઈનોવેશન રાઈટઅપ અને વીડિયો ડોક્યુમેન્ટરી વર્કશોપ








# દસમનવસર્જનમ્

10th

Innovation

**website :** www.dietsnr.org
**E-mail :** dietsurendranagar@gmail.com
dietsnr@gujarat.gov.in
**Youtube Chanel :** diet surendranagar